

Scanned by CamScanner


# ॥ અથ શ્રી રુકમામ્બા સપ્તશતી ॥



વંદુ રુકમા માતને અનસૂયા સાક્ષાત્ । દો શુભ આશિષ ભગવતી માગું જોડી હાથ ॥

Scanned by CamScanner

વંદું રુકમા માતને અનસૂયા સાક્ષાત્ , દો શુભ આશિષ ભગવતી માગું જોડી હાથ ।



| | | |
|---|---|---|
| પ્રાદુર્ભાવ : વિ. સ. ૧૯૫૫, કારતક સુદ ૯ | પ્રાદુર્ભાવ : વિ. સ. ૧૯૩૫, કારતક સુદ ૧૨ | ૐૐૐૐૐૐ |
| દેહ વિલય : વિ. સં. ૨૦૨૫ કારતક વદ ૩૦ | દેહ વિલય : વિ. સં. ૨૦૨૩ જેઠ સુદ ૧૧ | દેહ વિલય : વિ. સં. ૧૯૯૨ જેઠ સુદ ૯ |

# ।। અથ શ્રી રુકમામ્બા સપ્તશતી પ્રારંભઃ ।।

પ્રથમાવૃત્તિ ★ તા. ૨-૧૦-૯૫

## પ્રસ્તાવના

વિ.સ. ૨૦૫૧ આસો સુદ ૮ સોમવાર

સર્વ મંગલકારી મા ! દૈન્યહારી દયાનિધિ, દારિદ્રય દુઃખહારી મા ! વંદુ રુકમા માતને. અધ્યાય-૫ દોહરો-૯૯.

પૂ. શ્રી રંગ અવધૂત બાપજીના કૃપાપાત્ર સિદ્ધ હસ્ત લેખક, કવિ ને કથાકાર શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાયે પૂ. શ્રી ની પ્રસન્નતાર્થે શ્રી રંગલીલામૃતની રચના કરી ને પછી કૃતજ્ઞતા દર્શવવા શ્રી સપ્તશતીની રચના કરી. પૂ. શ્રી પ્રસન્ન તો થયા પણ એક દિવસ માર્મિક ટકોર કરી કે 'માજીનું શું ?'

શ્રી ગોવિંદભાઈ આ પ્રશ્ન નો મર્મ સમજી ગયા અને પૂ. માજીની પ્રશસ્તિ રૂપે મારે કંઈક લખવું જોઈએ એવો બાપજીનો આદેશ છે, એમ વિચારીને તા. ૨૪-૩-૯૫ ના રોજ ગુરુપ્રેરણાથી કલમ ઉપાડીને ''શ્રી રુકમ્બા સપ્તશતી''નું સર્જન થયું.

સાત અધ્યાયમાં સરળ અને લોકપ્રિય અનુષ્ટુપ છંદમાં ૭૦૦ કડીઓ લખાઈ અને તા. ૨૪-૫-૯૫ ને બુધવારે ૬૨ દિવસે લેખન પૂર્ણ થયું. ગ્રંથની ખૂબી તો એ છે કે દરેક કડીના ચોથા ચરણમાં વંદન હોવાથી વાચકને સ્વાભાવિક રીતે સાતસોવાર પૂ. માજીને વંદન કરવાની તક મળે છે.

પૂ. બાપજીએ પોતાનો પરિચય આપતાં કહ્યું છે કે :-

માતા મારી ચિત્કળા, પિતા બોધસ્વરૂપ;
સુત અનુભવ હું તેમનો, રંગ અરંગ અરૂપ ! } - અવધૂતી આનંદ (ભજન ક્રમ = ૧૪૩ (દોહરા) કડી - ૨:

ચિત્કલા રૂપ મા રુકમામ્બાના ઉદરે સ્વયં વિઠ્ઠલનાથ ભગવાન પ્રગટ થવાના હતા એટલે સ્વયં ભગવાને પોતાના કૃપાપાત્ર ભક્ત વિઠ્ઠલ પંતને ઈશ્વરી યોજના મુજબ પાલી ગામે પ્રગટ થયેલ કાશી નામની સુશીલ ને સુપાત્ર કન્યા સાથે લગ્ન કરવા આદેશ આપ્યો. લગ્ન થયાં અને કાશીનું શ્વસુરગૃહે રુકમાઈ નામ પડ્યું.

* એ દંપતીની પાત્રતા વિષે કવિ લખે છે :-

જેના દાંપત્યમાં નિત્યે માધુર્ય છલકી રહે; પ્રભુ ત્યાં જન્મ લે પ્રેમે, વંદુ રુકમા માતને - અ-૧/૨૪

* યોગ્ય સમયે ભગવાન પુત્રરૂપે પ્રગટ થયા અને પાંડુરંગ એવું અન્વર્થક નામ અપાયું.

સંતપ્ત સંસારીઓની હૈયા-આગ બુઝાવવા પ્રગટ થયેલ પાંડુરંગની બાળલીલા વિષે કવિ લખે છે :-

રટતાં રામનું નામ સમાધિસ્થ થતા અહા ! અ-૧-૯૩

* પાંડુરંગની બાળવયમાંજ પિતા વિઠ્ઠલ પંતનું અવસાન થતાં માજીના વિલાપનું વર્ણન કરતાં કવિ કહે છે :-

અરેરે નાથ ! ક્યાં ચાલ્યા ? અધવચ્ચે છોડી મને ? દયા ના છોડતાં આવી ? - અ-૨/૩૭

સ્વામી ! નથી જવાનું હા ! અબળાને એકલી મુકી, થોભજો સ્વર્ગના દ્વારે - અ-૨/૪૨

નહિ જીવી શકું હવે - અ-૨/૪૩

* પૂ. માજીના વિલાપથી દ્રવિત થઈ ભગવાન પ્રગટ થઈને એમને આશ્વાસન આપે છે ને ધીરજ રાખીને બાળકોને ઉછેરવા આશીર્વાદ સહ આદેશ આપે છે.

* એમના વૈધવ્યનું આલેખન આ પ્રમાણે થયું છે :-

વૈદધ્યવ્યની વિમળતા ને ગંગા જેવી પવિત્રતા, દીપતી દિવ્ય અંગોમા - અ-૨/૭૯

વ્રતો-ઉપોષણો-આદિ આચરતાં શ્રદ્ધા થકી, દેવ પૂજાર્ચને મગ્ન - અ-૨/૮૩

* વાત્સલ્ય :- પુત્રોને કેન્દ્રમાં રાખી આચરતાં સૌ કાર્ય હા ! શુદ્ધ પ્રેમ વહાવતાં - અ-૨/૮૫

પિતાની ખોટ ના સાલે દ્વિ પુત્રોને કદીય હા ! તેવી રીતે સદા વર્તે - અ-૨/૮૬

* આઠમે વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર દેવળે ગામે (વતનના) કર્યા પછી પ.પ. ટેંબે સ્વામીનાં દર્શન કરાવવા બાબુ (પાંડુરંગનું લાડનામ) ને માજી લઈ જાય છે એ પ્રસંગે કવિ લખે છે :-

સ્વામીજીનાં થયાં દર્શન બાબુની આંખડી ઠરી, બની એ બાવરી પ્યાસી - અ-૩/૨૮

પિયા મિલનની પ્યાસે, બાબુ આખી રાત રડ્યો. અ-૩/૩૦

શ્રી રુક્મામ્બા સપ્તશતી

* પુત્રોની કાળજી :-

જેમ મા જાનકીજીએ પૂર્વે લવને કુશને ભણાવ્યા' તા ધરી ખંત - અ-૩/૩૭

તેમ મા રુકમામ્બાએ નારાયણ ને બાબુને, પઢાવ્યા પાઠ સ્વાશ્રયના - અ-૩/૩૮

* પાંડુરંગની દેશભક્તિ વિષે કવિ લખે છે :- વાત્સલ્ય ધોધ માજીના હૈયે છલકાતો હતો. અ-૩/૬૫

દેશદાઝતણી જવાળા એના હૈયે જલી રહી, તેમાં હોમી દીધો સ્વાર્થ - અ-૩/૮૮

* પવિત્રતા અને સ્નેહ :-

પવિત્રતા અણીશુદ્ધ, સાત્વિકતા, સ્નેહાળતા, અંગે-અંગથી નીતરે અ-૩/૯૪

વ્યષ્ટિની વ્યગ્રતા ના...ના, દષ્ટિમાં દીનતા, નહિ, સૃષ્ટિમાં સ્નેહથી મહાલે - અ-૩/૯૫

* પાંડુરંગની નોકરી છૂટી તે પ્રસંગે પુત્રને અભિનંદન આપતાં માજીની હિંમત વિષે :-

પરંતુ મા રુકમામ્બા સિંહણશાં ભડવીર હા ! ધૈર્યવાન હતાં પોતે - અ-૪/૧૦

* પાંડુરંગનો મિજાજ આવો હતો :-

જયાં જયાં નૈતિકતા નાસે અનીતિ પાંગરી રહે, ત્યાં ત્યાં શિર ઉંચુ રાખી - અ-૪/૧૨

સામનો કરવો નિશ્ચે. હૈયે રાખી હામને - અ-૪/૧૩

* પાંડુરંગની ભારે માંદગી પ્રસંગે માજીનો પુત્ર પ્રેમ :-

મારાં આયુષ્યમાંથી રે બધું આયુષ્ય કાપીને.

જીવાડી દે, જીવાડી દે - મારા આ લાલને દેવા ! અ-૫/૧૫-૧૬

* પાંડુરંગના ગૃહત્યાગ પ્રસંગે રજા આપતાં માજી વિષે :-

રાગ હાર્યો, જીત્યો ત્યાગ. સૂતેલી સિંહણ વૃત્તિ માજીમાં જાગ્રત થઇ,

તત્ક્ષણે નિર્ણય લીધો - અ-૫/૬૮-૬૯

Scanned by CamScanner

સિધાવો દીકરા મારા વિશ્વકલ્યાણ કાજ હા !
મારા આ અંતઃસ્થલથી આશીર્વાદ તમોને છે. અધ્યાય ૫/દોહરા ૭૪-૭૫.

પૂ. માજી. બાપજી માટે સુપ્રીમ કોર્ટ હતાં એની પ્રતીતિ કરાવતો વડોદરાના સંઘને પાદુકાજી સોંપવાનો પ્રસંગ :-
એવાં ભક્તોતણાં બેલી, ભક્તોને અવધૂતની વચ્ચે સાંકળ શાં, માજી ! અ-૬/ દો.-૧૦૦

* બાપજીની માતૃભક્તિની ભાવના વિષે :-
આશ્રમ છોડતાં પહેલાં માજીના ચરણે નમે, આજ્ઞા આશિષ માજીનાં
મેળવ્યાં પછીજ પોતે આશ્રમ છોડી જાય હા ! ધન્ય છે માતૃભક્તિ એ ! અ-૭/ દો.૬-૭

* માજીનો પુત્રપ્રેમ કેવો પ્રગાઢ હતો એ એમના સખત દાઝવાના પ્રસંગે કાઢેલા ઉદ્‌ગાર જોઈએ :-
મારી આ વેદના જોઈ પાંડુરંગ દુઃખી થાત, અને આવેશમાં અહા !
શાક ખાવાનું છોડી દે તેથી મેં બૂમ ના પાડી, દુઃખડું એ સહી લીધું. અ-૭/ દો.૩૬-૩૭-૩૮

* સ્નેહમયીમાજીની સર્વકલ્યાણ ભાવના :-
સ્નેહમયી માજી કેરો ફુવારો દિવ્ય સ્નેહનો, સદાયે ઉડતો ત્યાં તો - અ-૭/ દો. ૫૯
અરે ! સંસારના તાપે તપેલા સર્વ જનને, શાંતિ દે માજીનો સ્નેહ - અ-૭/ દો. ૬૦

* માજીના દેહવિલય પ્રસંગે કવિ લખે છે :-
બ્રહ્મમયી જગદમ્બા એ વિલીન બ્રહ્મમાં થયાં,
સર્વનું શ્રેય સાધીને, વંદુ રુકમા માતને - અ-૭/ દો. ૯૪

મા રુકમામ્બાનાં પ્રાગટ્યથી માંડીને દેહવિલય સુધીના એમના જીવન અને જીવન કાર્યનો પરિચય આપીને એમનાં સ્નેહ, વાત્સલ્ય, પવિત્રતા, શીલ, ધૈર્ય કરુણા, તિતિક્ષા, ક્ષમા, પ્રાણીદયા, દીનદાઝ, સર્વ કલ્યાણ ભાવના, પાતિવ્રત્ય, ધર્માનુરાગ વગેરે સદ્‌ગુણોનું સરળ ભાષામાં આલેખન કરીને શ્રી ગોવિંદભાઈએ પૂ. શ્રીના આદેશનો એમની જ પ્રેરણાથી યથામતિ અમલ કર્યો છે. એ માટે એમને ધન્યવાદ ઘટે છે.

Scanned by CamScanner

શ્રી રંગ સપ્તશતીની જેમ આ ગ્રંથ પણ ગુરુ-આજ્ઞા અને ગુરુપ્રેરણાથી રચાએલ હોઈ પારાયણ પરિશીલન કરનારને દિવ્ય આનંદ આપનાર અને ત્રિતાપમાંથી મુક્ત કરી ભુક્તિ મુક્તિપ્રદાયક બની રહેશે એવી શ્રદ્ધા છે. સામાન્ય વાચકને પણ એના વાચનથી પૂ-માજીના માનવી, દૈવી અને આધ્યાત્મિક સ્વરૂપનો ખ્યાલ આવશે. અને માતૃદેવો ભવનું આચરણ કરવા પ્રેરશે.

આ ગ્રંથનું પ્રકાશન કરનાર ***શ્રીમતી મનોરમાબેન કૃષ્ણલાલ પોરેચા (મુંબઈ)*** ને ધન્યવાદ ઘટે છે. પૂ. બાપજી અને પૂ. માજી એમનાં પ્રેય અને શ્રેય સિદ્ધ કરે એવી અંતરની પ્રાર્થના છે. એમની સેવાભાવના ઉત્તરોત્તર વધતી રહે એજ અભિલાષા.

આ ગ્રંથની પ્રસ્તાવના લખવાનું પુણ્યકાર્ય મને સોંપવા બદલ પ્રકાશકનો હાર્દિક આભાર માની વિરમું છુ.

રંગચરણરજ

- જયંતિલાલ શંકરલાલ આચાર્ય

ૐ શ્રી માતૃકુટિર, નારેશ્વર



પૂ. શ્રી રુકમામ્બા માતાજી

શ્રી અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વર
પોસ્ટ : સાયર, પીન કોડ : ૩૯૩૧૦૭
પોસ્ટ વાયા - અંકલેશ્વર (પશ્ચિમ રેલ્વે)
ગુજરાત રાજ્ય.

તા. ૧૧-૭-૯૫
ગુરુપૂર્ણિમા સંવત-૨૦૫૧, નારેશ્વર

પ્રથમાવૃત્તિ ★ તા. ૨-૧૦-૯૫
વિ.સ. ૨૦૫૧ આસો સુદ ૮ સોમવાર

Scanned by CamScanner

દ્વિતિય આવૃત્તિ

# પ્રસ્તાવના

વિ.સ. ૨૦૫૫ અષાઢ સુદ પૂર્ણિમા
બુધવાર તા. ૨૮-૭-૯૯ : ગુરુપૂર્ણિમા

સ્વ. શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય લિખિત ''શ્રી રુકમામ્બા સપ્તશતી'' ની દ્વિતિય આવૃત્તિ બહાર પડે છે એ જાણી કો ને હર્ષ ન થાય ? ટુંકા ગાળામાંજ પ્રથમ આવત્તિ ખલાસ થઈ ગઈ એજ એની લોકપ્રિયતા બતાવે છે. શ્રી અવધૂત પરિવાર માં ''શ્રી ગુરુલીલામૃત'' અને ''શ્રી રંગલીલામૃત'' ની માફક આ સપ્તશતી નાં પારાયણ કરી પૂ. શ્રી રુકમામ્બા માજી ની કૃપા મેળવવામાં ઘણાં ભાગ્યશાળી બન્યાં છે.

એ ગોવિંદભાઈ આજે નથી પણ એમની સ્મૃતિ હજી એવીજ અકબંધ છે. ''ન સ ખલુ ઉપરતો યો હિ વલ્લભો જનઃ સ્મૃતિ'' જેને પ્રિયજન યાદ કરે તે કદાપિ મરતો નથી, સદાય અમર છે. એવાં મહાપુરુષો માટે ''મૃત્યુ તો મરી ગયું'' હોય છે. એમણે તો પૂ. બાપજીને ઓળખાવ્યા છે :-



સ્વ. ગોવિંદભાઈ ઉપાધ્યાય

''રંગ દેવનાં અવધૂતી આદેશે રત લેખન માં,
પીયુષપાન કરાવ્યું પ્રેમે વ્યાસ બની ને જન માં.
સેવાયજ્ઞ થકી શી સાધી સાર્થકતા જીવન માં
લીલાગાન કરી ને અવધૂત ને ઓળખાવ્યાં જગ માં''

મુંબઈ સ્થિત રંગ ભક્ત શ્રીમતી મનોરમાબેન કૃષ્ણલાલ પોરેચા અને કુટુંબીઓ સ્વ. શ્રી ગોવિંદભાઈ નાં ગુણ ગ્રાહક છે. તેમણેજ પ્રથમ આવૃત્તિ છપાવી હતી અને (''શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ (નારેશ્વર)'' ને સમર્પણ કરેલી.) બીજી આવૃત્તિનાં પણ તેઓજ નિમિત્ત બને છે તેનો આનંદ છે.

આ નિમિત્તે સ્વ. શ્રી ગોવિંદભાઈ ને વિષે બે શબ્દ લખી શકયો તેનો આનંદ વ્યક્ત કરી વિરમું છું.

- જયંતિલાલ શંકરલાલ આચાર્ય. તા. ૮-૨-૯૯

Scanned by CamScanner

શ્રી રુકમામ્બા સપ્તશતી



શ્રી વિઠોબા (પંઢરપુરઃ)

# ॐ

## 卐 ઉપોદ્‌ઘાત 卐



શ્રી રુકમણી (પંઢરપુરઃ)

(હરિગીત છંદ)

જય રંગ જનની માત રુકમા, ભાવથી વંદન કરું, તુંજ ચરણમાં માથું મુકી નિર્ભય થઇ જગમાં ફરું. ॥ ૧ ॥

યદિ દોષ મારા લાખ પણ કારુણ્ય મૂર્તિ માત એ, કરશે ક્ષમા ને રાખશે નિજ શરણમાં આ 'બાળ' ને. ॥ ૨ ॥

''મારું તો સમજ્યા હવે, પણ માજીનું શું ?'' એમ હા ! સ્વપ્ને કહ્યું અવધૂતજીએ 'બાળ' ને આ એકદા. ॥ ૩ ॥

રુકમા તણું ઋણ ફેડવા હા ! કોઇની શક્તિ નથી, તોયે મથ્યો છે 'બાળ' આ પ્રેરાઇને ગુરવર થકી. ॥ ૪ ॥

કુતર્ક કો' કરશો નહિ, 'મેં ના લખ્યુ, મેં ના લખ્યું.' શાને શકટને શ્વાનસમ હુ વ્યર્થ અહીં ભસતો ફરું ? ॥ ૫ ॥

મારી અશક્તિ ને બધી મારી બિમારી હું લહું, હું યંત્ર છું અવધૂતનું એ જયમ્ ચલાવે ત્યમ ચલું. ॥ ૬ ॥

મ્યાનને બાજુ મૂકી તલવાર લઇ લો હાથમાં, ચોક્કસ વિજય છે આપણો જીવન તણાં સંગ્રામમાં ॥ ૭ ॥

'બાળકે' પકડી લીધો છે હાથ મા રુકમાતણો, છો ને ઠુકારે જગત આ, કોઇ ગણો કે ના ગણો. ॥ ૮ ॥

એક ભક્તે સૂચવ્યું ને માજીની મરજી થઇ 'સપ્તશતી' માજી તણી બસએ રીતે લખાઇ ગઇ. ॥ ૯ ॥



॥ જય મા રુકુમામ્બા ॥

॥ ભગવતી જગદમ્બા રુકમા માતા કી જય ॥

- ગોવિંદ ઊપાધ્યાય

તા. ૧૮-૭-૯૫, મંગળવાર

પોર-૩૯૧૨૪૩-ગુજરાત

Scanned by CamScanner

ૐ ગં ગણપતયે નમઃ



શ્રી બલ્લાળેશ્વર (પાલી)

॥ પૂજ્ય માજી ॥



॥ જય મા રુકમામ્બા ॥

જય જય વિઠ્ઠલ



જય રુકમાઇ (પંઢરપુર)

વંદુ રુકમા માત ને, અનસૂયા સાક્ષાત ! દો શુભ આશિષ ભવગતી, માગું જોડી હાથ ।

# અથ શ્રી રુકમામ્બા સપ્તશતી

## અધ્યાય પહેલો (અનુષ્ટુપ છંદ)

વંદુ વિઘ્નહરા દેવા, વંદુ માતા સરસ્વતી, વંદુ સદ્દગુરુ રંગાને, દો શુભાશિષ, સન્મતિ. ॥ ૧ ॥

જિલ્લો રત્નાગિરી મધ્યે ધન્ય છે ! 'પાલી' ગામ એ, પ્રગટ્યાં ત્યાં જગદમ્બા એ વંદુ રુકમા માતને ॥ ૨ ॥

'મોં ઘે' કુટુંબમાં જન્મ્યાં, 'કાશી' નામ ધર્યું અને, ખેલ્યાં ત્યાં બાલિકા રૂપે, વંદુ રુકમા માતને ॥ ૩ ॥

Scanned by CamScanner

હજુ તો સખીઓ સાથે ખેલે છે નિર્મલ મને, કુમારિકા સ્વરૂપે એ, વંદુ રુકમા માતને ॥ ૪ ॥
'દેવળે' ગામના ત્યાંતો વળામે જયરામ ભટ્ટે, આવીને 'માગું' નાખ્યું હા ! વંદુ રુકમા માતને ॥ ૫ ॥
સ્વયં શ્રી પંઢરી નાથે સ્વપ્ને વિઠ્ઠલ પંતને, આવીને આપી આજ્ઞા હા ! વંદુ રુકમા માતને ॥ ૬ ॥
'કાશી' સાથે કરો લગ્ન, આવવું છે રે માહરે, પુત્ર થઇ તારા ઘરમાં'' વંદુ રુકમા માતને ॥ ૭ ॥
આજ્ઞાની ઓથ લઈને હા ! જયરામે - મોંઘે કને, માગું નાખ્યું હતું જેનું, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
સ્વયં જયાં પંઢરી નાથ જેના દિવ્યોદર વિષે આવવા ઇચ્છે, ધન્ય ! વંદુ રુકમા માતને ॥ ૯ ॥
સ્વયં ઇચ્છે પરબ્રહ્મ, પછી શું બાકી રહે ? વાક્દાન થયાં પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
સાકરને નાગવલ્લિના પુડા, વહેંચાયા અને આનંદે ઉત્સવ કીધો, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
એક દિ' શુભ ચોઘડીએ વાગ્યાં મંગલ વાદ્ય ને વિઠ્ઠલ સાથે થયાં લગ્ન, વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
સાસરે આવિયાં કાશી, જ્ઞાતિ રિવાજે તત્ક્ષણે, નામ રુકમાઇ રાખ્યું, વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥
પનોતાં પગલાં જેનાં પ્રવેશતાં જ મંદિરે ઘૂઘવ્યો નંદનો અબ્ધિ, વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥
શીલવંત, ક્ષમાવંત, વદને હાસ્ય સદા રમે, સદા સંતૃપ્ત સંસારે, વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
સાસુ શ્વસુરની સેવા મર્યાદા રાખીને કરે, નિરર્થક ના વદે વાણી, વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
પતિમાં પ્રભુને પેખી પ્રેમથી સેવા કરે, 'પતિર્દેવો ભવ' માને, વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
મિતભાષી, મિતાહારી, મર્યાદા લોપ ના કરે, સદાયે રત સેવામાં વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
કુળનો ધર્મ ના લોપે, આરાધે કુળ દેવને, આદરે વ્રત-ઉપવાસો, વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
તિતિક્ષા તનને દેતાં, નાના વ્રત-ઉપોષણે, સંયમે સૂર્ય શાં દીપ્ત, વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
ગૌરી વ્રત સદા સેવે, તુલસી પ્રદક્ષિણા કરે, સૂર્ય ને, શીવને પૂજે, વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
ઉંમરમા નાનાં તોયે ડા'પણનો ભંડાર એ, માનાર્હ લોકમાં પોતે, વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
વિઠ્ઠલને રુકમા કેરું દિવ્ય આ યુગ્મ જોઈને, વંદે સર્વ જનો જેને, વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥

Scanned by CamScanner

શ્રી રુ ક મા મ્બા સ પ્ત શ તી

જેના દામ્પત્યમાં નિત્યે માધુર્ય છલકી રહે, પ્રભુ ત્યાં જન્મ લે પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥

વિઠલ રુકમા કેરું મધુરું યુગ્મ જોઈને, પ્રભુ પ્રગટવા ઇચ્છે, વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥

સખારામ સરપોત્દાર એક દિ' આવ્યાં 'દેવળે' જોયા વિઠલ-રુકમાને, વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥

યુગ્મ જોતાં ઠરી આંખ બન્ને હૈયે વસી ગયાં, બન્નેને ગોધરા લાવ્યા, વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥

ગોધરા વિઠલજીની પૂજા કરવા મંદિરે, વિઠલ-રુકમા આવ્યાં, વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥

વિઠલ અને રુકમાઈ આવતામાંજ ગોધરે, 'શ્રી' ચરણે માથું મુક્યું, વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥

વિઠોબાની એ મૂર્તિના મસ્તક પરથી ખર્યાં-પુષ્પો, અને બન્યાં ધન્ય, વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥

અજાણ્યા ગુર્જર-દેશે, અજાણ્યા ગામમાં અને, અજાણ્યા ઘરમાં આવ્યાં, વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥

છોડ્યું મૈયર ને છોડ્યું સાસરિયું ને સ્નેહિઓ, પતિને આસરે ચાલ્યાં, વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥

પતિના પડછાયાશાં પતિ સાથે પ્રતિપળે, સેવામાં રત રહેનારાં, વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥

જાણે સાક્ષાત્ અનસૂયા અવતર્યાં અવનિ પરે, સૌમ્ય ને શીલવંતાંએ, વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥

સદા સંતૃપ્ત અંતરમાં, રાગદ્વેષ નહિ જરા, પ્રસન્ન વદના દેવી ! વંદુ રુકમા માતને ॥ ૩૫ ॥

રાગ-દ્વેષ નહિ ક્લેશ, ઈર્ષા કોઇની ના કરે, દેખા-દેખી કરે ના એ, વંદુ રુકમા માતને ॥ ૩૬ ॥

ચાડી-ચોરી અને નિંદા કરે ના કોઇની કદી, સ્વાનંદે મહાલતાં પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૩૭ ॥

અન્યના સુખની ઈર્ષા, સ્વસુખનો કદી ગર્વ એ, કરે ના કોઇ દિ' ક્યારે, વંદુ રુકમા માતને ॥ ૩૮ ॥

સદાયે આત્મસંતોષી, નિષ્ઠા કર્તવ્યમાં ધરે, પ્રફુલ્લ-વદના નિત્યે, વંદુ રુકમા માતને ॥ ૩૯ ॥

વસ્ત્રો-આભુષણો કેરી, કદી ના ખેવના કરી, મળ્યું તે પ્રેમથી પહેર્યું, વંદુ રુકમા માતને ॥ ૪૦ ॥

સ્ત્રી-સહજ ઇચ્છાઓથી સદાયે પર જે રહ્યાં, શીલના સદ્ગુણે સુખી, વંદુ રુકમા માતને ॥ ૪૧ ॥

સાત્વિક સેવા વૃત્તિ ને પતિ-ભક્તિ, પવિત્રતા, એજ છે ભૂષણો જેનાં, વંદુ રુકમા માતને ॥ ૪૨ ॥

મધુરા ઝરણાં જેવું, વ્હેતું દામ્પત્ય જેહનું, વિઠલ-રુકમાને ધન્ય ! વંદુ રુકમા માતને ॥ ૪૩ ॥

Scanned by CamScanner

એક દિ' વિઠ્ઠલજી હા ! ધ્યાનથી મુક્ત થૈ તદા, પ્રસન્ન ચિત્તથી બેઠાં, વંદુ રુકમા માતને ॥ ૪૪ ॥
પ્રસન્ન-વદના માજી, મધુરું હાસ્ય વેરતાં, બિરાજ્યાં આવી ને સામે, વંદુ રુકમા માતને ॥ ૪૫ ॥
ત્યાંતો વિઠ્ઠલજી કેરા દિવ્ય દેહથી નિકળી, જયોતિ રેખા અતિ દિવ્ય, વંદુ રુકમા માતને ॥ ૪૬ ॥
માજીના મુખપદ્મેથી પ્રેવેશી દિવ્ય ઉદરે, ગર્ભ રૂપે બન્યા બ્રહ્મ, વંદુ રુકમા માતને ॥ ૪૭ ॥
સીમંતીની બન્યાં પોતે, ધારીને દિવ્ય ગર્ભને, દિવ્ય તેજ લસે મુખે, વંદુ રુકમા માતને ॥ ૪૮ ॥
દિવ્ય દોહદ થાયે ને દિવ્ય વાણી ઉચ્ચરે, પ્રગટે દિવ્યતા અંગે, વંદુ રુકમા માતને ॥ ૪૯ ॥
નવમાસ થયા પૂર્ણ ધન્ય દિન એ આવિયો, ચોપાસે દિવ્યતા છાઇ, વંદુ રુકમા માતને ॥ ૫૦ ॥
સંવત એગણીસસો ને પંચાવનની સાલ એ, કાર્તિક શુક્લની નવમી, વંદુ રુકમા માતને ॥ ૫૧ ॥
સોમવાર હતો રુડો. આજે પ્રાતઃકાલથી, મોદથી મહાલતાં માજી, વંદુ રુકમા માતને ॥ ૫૨ ॥
નૈસર્ગ સ્વયં આજે મોદથી મહાલતું હતું, સૌંદર્ય વેરતું ચોગમ, વંદુ રુકમા માતને ॥ ૫૩ ॥
દિવ્ય આનંદની છોળો આખો દિ' ઉછળી રહી, પ્રકૃતિ પાંગરી પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૫૪ ॥
સંધ્યાની આરતી ટાણે પ્રગટી જવાલાઓ અરે ! આગ ફાટી અરે ! ત્યાંતો, વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
'પાણી-પાણી' તણી બૂમો પાડતાં લોક સૌ બધા, દોડ્યા વેગે લઇ પાત્રો, વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
ભીષણતા આગની વ્યાપી બૂમરાટ મચ્યો, અરે ! પાણી લેવા બધા દોડ્યા, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
લોકોને દુઃખમાં જોઇ પરોપકારી માત એ કેમ બેસી રહે છાનાં ? વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
બે જી' વાળાં હતાં તોયે લઈને પાત્ર હાથમાં, દોડ્યાં કુવા ભણી માજી, વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
ઘડુલા પાણીના લાવી એકાદુ બે એ આગમાં હજુ રેડ્યા હશે મા એ, વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
ત્યાંતો પ્રસૂતિની પીડા થઈ મા ઉદરે જરા, નાનડા ઓરડે ચાલ્યાં, વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
નાનડા ઓરડા કેરા અંધારા એક કોણમાં, પ્રગટાવ્યા પરબ્રહ્મ, વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
પુત્રનો જન્મ થાતાં હા ! ચમત્કાર થયો ખરે ! હોલવાઇ ગઈ આગ, વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥

જેવો જન્મ્યો અહીં બાળ, તૂર્ત આગ બૂઝાઈ હા ! ધન્ય એ જગદમ્બાને, વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
સંતસ સંસારીઓની, હૈયા-આગ-બૂઝાવવા, ધન્ય ! પ્રગટાવ્યા રંગ, વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
સૂણતાં પુત્રનો જન્મ, વિઠ્ઠલ, સખારામ, સૌ હરખ્યા, આનંદે ભેટ્યાં, વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
શર્કરા ગામમાં વહેંચી, પૂજન શિવાલયે થયાં, પુત્રના શ્રેયને માટે, વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
સ્વયં શ્રી પંઢરી નાથે મા રુકમાના ઉદરે, આવવાને કરી ઈચ્છા, વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
વિઠોબા-પંઢરીનાથ, સાક્ષાત્ પરબ્રહ્મ હા ! જન્મ્યા, કૃપા કરી પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
તેથી આ પુત્રનું નામ રાખ્યું **'પાંડુરંગ'** હા ! ધન્ય બન્યા રુકમા માઈ, વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
પાંડુરંગ હજુ તો રે ! થયો છે નવ દિનનો, ત્યાંતો ફાટ્યો મહામારી, વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥
ગોધરા છોડીને લોકો ગયા રહેવા અરણ્યમાં, પાંડુને લઈ ગયા માજી, વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥
નાનડા પાંડુને મા એ અરણ્યે વસવા તણો, મહાવરો આપ્યો જાણે, વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥
આમ વનમાં રહેવાનો નાનડા પાંડુરંગને, સંકેત માજીએ આપ્યો, વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
લાડમાં પાંડુને માજી 'બાબુ' કહી બોલાવતાં, તેથી 'બાબુ' પડ્યું નામ, વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
નવ માસ પૂરા થાતાં બાબુ સ્પષ્ટોચ્ચારથી બોલવા લાગ્યો પોતે, વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
પૂર્ણ ચંદ્ર ખિલ્યો જાણે એવું સુંદર મુખડું, બાબુનું જોઈ હર્ષાતાં, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
આડોશી-પાડોશી સર્વે રૂપ નિરખી બાબુનું, મુગ્ધ થઈ જાતાં પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
નાખી દૃષ્ટિ હઠે ના હા ! એવો સુંદર બાળ એ, જે-તે એકી ટશે દેખે, વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
જે આવે તે બાબુને મુગ્ધ થઈ જોયા કરે, મા ના હૈયે પડી ફાળ, વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
અરે ! કોઈની બૂરી દૃષ્ટિ લાગશે મુજ લાલને ! એમ ચિંતા કરે માજી, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
વિચારી એમ બોલાવ્યો, માજીએ છૂંદણા તણા છૂંદનારને વહેલો, વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
ત્રોફાવ્યું છૂંદણું મા એ બાબુની ભ્રુકુટી પરે, ધન્ય ! વાત્સલ્યની મૂર્તિ, વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥

Scanned by CamScanner

આમ વાત્સલ્ય ભાવે હા ! માજીએ બાબુને દીધી, અનાયાસે યોગ દીક્ષા, વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
યોગીઓ નિજ શિષ્યોને ધ્યાન કેન્દ્ર બતાવવા, અણિયારું ઘોંચે છે ત્યાં, વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
તેમ મા રુકમામ્બાએ આજે વાત્સલ્ય ભાવથી યોગની દીક્ષા દીધી, વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
એમ યોગી બનાવ્યો, હા ! બાબુને બહું ભાવથી વિશ્વ કલ્યાણને કાજે, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
બાબુ મોટો થવા લાગ્યો, દોઢેક વર્ષનો થયો, પિતાજીએ દીધો મંત્ર, વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
એક દિ' બાબુએ જોયું શબ લઈ જાતાં સ્મશાનમાં, પૂછ્યું વિઠલજી ને, હા ! વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
''મૃત્યુથી બચવા માટે છે કો' ઉપાય વિશ્વમાં ?'' વિચારમાં વિઠલ ડૂબ્યા, વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
પછી વદ્યા, ''જીતવાં મૃત્યુ, રામનું નામ શ્રેષ્ઠ છે, રામ-રામ વદો ભાઈ'', વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥
રામ-નામ મહામંત્ર બાબુને હા ! મળી ગયો, નિમગ્ન રામમાં રહેતો, વંદુ રુકમા માતને ॥ ૯૨ ॥
રટતાં રામનું નામ સમાધિસ્થ થતા, અહા ! બાબુને જોઈ હર્ષતાં, વંદુ રુકમા માતને ॥ ૯૩ ॥
વનવાસ, યોગચિન્હ, જપ મંત્ર વળી દીધો, બાબુને ધન્ય ! હે માજી ! વંદુ રુકમા માતને ॥ ૯૪ ॥
થયો બે વર્ષનો બાબુ ત્યંતો મા રુકમાઈએ, પ્રસવ્યો દ્વિતીય પુત્ર, વંદુ રુકમા માતને ॥ ૯૫ ॥
દ્વિતીય પુત્રનો જન્મ સુણતાં વિઠલ અને સખારામ, બધા હરખ્યા, વંદુ રુકમા માતને ॥ ૯૬ ॥
નાના, નમણા, તેજસ્વી બાળનું મુખ જોઈને, વાત્સલ્ય પ્રેમથી ભીંઝયાં, વંદુ રુકમા માતને ॥ ૯૭ ॥
તેજસ્વી વારિના જાણે અયન જેવો ફૂટડો, રાખ્યું 'નારાયણ' નામ, વંદુ રુકમા માતને ॥ ૯૮ ॥
'રામ-લક્ષ્મણ' શી જોડી જોઈ હા ! બે ભાઈની, અભિનંદે બધાં પ્રેમે વંદુ રુકમા માતને ॥ ૯૯ ॥
બાબુ ને નારાયણ બે નિત નૂતન લીલા કરી, ઠારતા માજીનું હૈયું, વંદુ રુકમા માતને ॥ ૧૦૦ ॥

ઇતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીપાયાં પ્રથમોઽધ્યાયઃ સમાપ્તઃ ।

જય મા રુકમામ્બા.........ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐૐૐૐૐૐૐૐૐૐ



Scanned by CamScanner

## અધ્યાય બીજો

વિઠ્ઠલજીની સેવામાં માજી રહેતાં રત સદા, સાક્ષાત અનસૂયા શાં, વંદુ રુકમા માતને ॥ ૧ ॥
પતિ સેવા કરતાં હા ! બે પુત્રોને ઉછેરતાં, ગૃહકામ કરે પોતે, વંદુ રુકમા માતને ॥ ૨ ॥
પતિસાથે કદી ક્યારે ઊંચે સાદે વઘાં નથી, નથી વાદ કર્યો કો' દિ, વંદુ રુકમા માતને ॥ ૩ ॥
નથી કીધી કદી ક્યારે, ફરિયાદ કો' વાતની, આક્રોશ કદી ના કીધો, વંદુ રુકમા માતને ॥ ૪ ॥
મધુરું હાસ્ય વેરતાં આખો દિ રત કાર્યમાં રહેતાં, ધન્ય ! માતાજી વંદુ રુકમા માતને ॥ ૫ ॥
અહા ! માધુર્યનું ઝરણું વહેતું દામ્પત્યનું, વિઠ્ઠલને રુકમા કેરૂં, વંદુ રુકમા માતને ॥ ૬ ॥
ખળગેશ્વર મહાદેવ વિઠ્ઠલના કુળ દેવતા, નિત્યે પૂજા કરે પ્રીતે વંદુ રુકમા માતને ॥ ૭ ॥
આશુતોષ પૂજ્યા વિના, વિઠ્ઠલજી નિજ મુખમાં, અન્નનો કણ ના મૂકે, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
આગામી માઘ મહિનામાં શિવરાત્રી આવી રહી, તેની તૈયારીઓ કરતાં વંદુ રુકમા માતને ॥ ૯ ॥
માઘ વદી દસમનો ગોઝારો દિન આજરે, પ્રાતઃકાલથી રે ! આજે, વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
વિઠ્ઠલના તનમાં વ્યાપ્યો તાવ રે... રે... ભયંકર, તોયે સ્નાન કર્યું પોતે, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
ધ્રુજતું અંગ છે તોયે પૂજા થાળ લઈ ગયા, પૂજાર્થે શિવ મંદિરે, વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
શિવાર્ચન કીધું પ્રેમે, ધ્રુજતા અંગથી, અરે ! મંત્રોચ્ચાર કરે ધીમે વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥
પુષ્પાંજલિ તણા મંત્રો ભણીને પુષ્પાંજલિ, શિવ લિંગે અરે ! અર્પે, વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥



Scanned by CamScanner

ત્યાં તો એ ધ્રૂજતા હાથે પુષ્પો નીચે સરી પડ્યાં, ફરી-ફરી કીધો યત્ન, વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
અરે ! દુર્ભાગ્ય આ કેવું ? લિંગપર પુષ્પ ના રહે, યત્ને મૂકે, પડે નીચે, વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
તાવથી ધ્રૂજતા દેહે વિઠ્ઠલ વિચારે, અરે ! ભોળાનાથ નકી રુઠ્યા, વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
સ્વીકારે કેમ ના પુષ્પો ? શું આ દેહ પડી જશે ? જેમ-તેમ ઘરે આવ્યા, વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
પથારીમાં પડ્યા જેવા ત્યાં તો દર્દ વધી ગયું. સ્મર્યા શ્રી પંઢરીનાથ, વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
પુકાર ભક્તનો સૂણી આવ્યા પંઢરીનાથ ત્યાં, ઊભા રે ! પીઠ પલટાવી, વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
જયારે જયારે આ પહેલાં વિઠ્ઠલપંત પૂકારતા, ત્યારે સ્વયં વિઠોબા હા ! વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
આવીને હસતા સામે મંદ હાસ્યે ખડા થતા, આજે પૂંઠ ફરી ઊભા, વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
જાણે વિઠ્ઠલને કહેતા ''તારું કાર્ય પત્યું હવે. ચાલ્યો આવ પૂંઠે મારી'', વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥
ખ્યાલ આવી ગયો તૂર્ત વિઠ્ઠલને નિજ અંતનો, તેથી બોલાવી પાસે, વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥
રુકમાઈને પથારીમાં બેસાડી વિઠ્ઠલ વધા, 'સાચવજો બે પુત્રોને', વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥
મારી મોંઘી મૂડી આ છે, આ વિણ બીજું કંઈ નથી, સંસ્કારો સીંચજો સારા, વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥
યત્ને ઉછેરજો બન્ને આ બે મારાં રત્ન છે, સોંપુ છું તમને એ બે, વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥
એમ કહી વિઠ્ઠલજી એ સ્મર્યા પંઢરીનાથને, આંખ મીંચી દીધી રે... રે... ! વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥
મીંચાતા આંખ વિઠ્ઠલની જાણે રુકમાઈ શિરે આભ તુટી પડ્યું રે... રે... ! વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥
વજઘાત થયો જાણે, અર્ધ બેભાન થૈ ગયાં, રુંધાયો શ્વાસ ક્ષણભર ત્યાં વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥
પોક મૂકી છૂટે કંઠે કરવા લાગ્યાં વિલાપ એ, અરે રે ... દૈવ શું કીધું ? વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥
સૂણીને પોક રુકમાની આજુ-બાજુ થી બધાં દોડી આવ્યાં અરે ! વેગે, વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥
સખારામ અને બીજા ઘરનાં દોડી આવિયાં આશ્ચર્યથી થયાં દુઃખી, વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥



Scanned by CamScanner

કોઇ કહે અરે ! મેં તો હમણાંજ જોયા હતા, આવતા શિવાલયથી, વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥

અરે ! દૈવ ! બન્યું ક્રુર ! દયા ના જરીએ ધરી ! વૈધવ્ય યૌવને દીધું ! વંદુ રુકમા માતને ॥ ૩૫ ॥

બાબુને નારાયણને બન્નેને લઇ બાથમાં, અતિ દુઃખે વિલાપે મા, વંદુ રુકમા માતને ॥ ૩૬ ॥

''અરે રે .... નાથ ! ક્યાં ચાલ્યા ? અધ વચ્ચે છોડી મને ? દયા ના છોડતાં આવી ? ''વંદુ રુકમા માતને ॥ ૩૭ ॥

જોઇને રડતાં માજી, બાબુ ને નારાયણ એકા-એક રડી ઉઠ્યા, વંદુ રુકમા માતને ॥ ૩૮ ॥

બન્ને આ બાલુડાઓને રડતા જોઇ માજીનું હૈયું ફાટી ગયું રે ... રે ... ! વંદુ રુકમા માતને ॥ ૩૯ ॥

છાતી ફૂટે ફૂટે માથું અરે રે ... આ શું થયું ? અનાથ કીધી અબળાને વંદુ રુકમા માતને ॥ ૪૦ ॥

પૂર્વનાં પાપ રે ... મારાં ક્યાંથી આજે પ્રગટ થયાં ? લૂંટાયું મારું સૌભાગ્ય, વંદુ રુકમા માતને ॥ ૪૧ ॥

સ્વામી ! નથી જવાનું હા ! અબળાને એકલી મૂકી, થોભજો સ્વર્ગના દ્વારે, વંદુ રુકમા માતને ॥ ૪૨ ॥

આવું છું તમ પૂંઠેહું રાહ જોજો ખડા-ખડા નહિ જીવી શકું હવે, વંદુ રુકમા માતને ॥ ૪૩ ॥

સ્વામી ! સેવા મહીં મારી, ખામી કંઇ લાગી જરા ? તેથી ચાલ્યા રિસાઇને ? વંદુ રુકમા માતને ॥ ૪૪ ॥

પહેલાં કોઇ દિ' સ્વામી ! મુજથી રિસાયા નથી, રિસાયા કેમ રે આજે ? વંદુ રુકમા માતને ॥ ૪૫ ॥

જુઓ... જુઓ... તમારા આ બાબુ-નારાયણ રુવે, હવે તો આંખ ઉઘાડો, વંદુ રુકમા માતને ॥ ૪૬ ॥

વિલાપ રુકમા કેરો સૂણતાં પાષાણ પિગળે, કોણ ત્યાં માનવી રે... હા ! વંદુ રુકમા માતને ॥ ૪૭ ॥

હજુ તો યૌવનમાં હા ! પ્રવેશ હમણાં કર્યો, માંડ ચોવીસનાં છે રે ... ! વંદુ રુકમા માતને ॥ ૪૮ ॥

નથી દીઠી લીલી-સૂકી જિંદગીની હા ! કાંઇ રે ! ત્યાંતો આવ્યું રે ! વૈધવ્ય, વંદુ રુકમા માતને ॥ ૪૯ ॥

સાસુ-શ્વસુરને છોડી, છોડી માતા-તાતને, સગાં ને સ્નેહિઓ છોડી, વંદુ રુકમા માતને ॥ ૫૦ ॥

સાસરુ-મૈયર છોડી, છોડી નિજ ઘર-ગામને, ચાલ્યાં આવ્યાં પતિ પૂંઠે, વંદુ રુકમા માતને ॥ ૫૧ ॥

દૂર ગુર્જર દેશે હા ! આસરો પતિનો હતો, એય છોડી ગયા આજે, વંદુ રુકમા માતને ॥ ૫૨ ॥

કોણ આજે હતું એનું ? નાના બે દીકરા વિના ? અજાણ્યા દેશમાં રે... હા ! વંદુ રુકમા માતને ॥ ૫૩ ॥

Scanned by CamScanner

ઉપર આભ અને નીચે, ધરતી-સરતી હતી, નિરાધાર બન્યાં પોતે, વંદુ રુકમા માતને ॥ ૫૪ ॥
છાતી ફાટ રૂવે રુકમા, કોણ આશ્વાસે અરે ! દુઃખનું આભ જયાં ફાટ્યું, વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
શોક રુકમાનો સૂણી દ્રવ્યા દીનદયાળ હા ! પ્રગટ્યા પંઢરીનાથ, વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
તેજના વર્તુલ મધ્યે દિવ્ય મૂર્તિ પ્રભુ તણી, પ્રગટી રુકમા સામે, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
દયા દૃષ્ટિ જરા નાખી, મંદ-મંદ હસી રહ્યાં, હાસ્ય વેરંતાં બોલ્યા, વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
''વૃથા શોક કરે શાને ? જો આ વિઠ્ઠલપંતતો, સેવામાં મુજની ઉભા,'' વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
બોલાવી મેં લીધા છે રે, મારી સેવામાં અહીં, થા તું કર્તવ્યમાં લીન, વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
વિઠ્ઠલજીની મૂડી મોંઘી તારા આ બે દીકરા, ઉછેરીને કરો મોટા, વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
શોક છોડી હવે દેવી ! કર્તવ્યે નિષ્ટા ધરો, એમાં કલ્યાણ છે તારું, વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
એમ બોલી પછી તૂર્ત અંતર્ધાન થયા પ્રભુ, પંઢરીનાથ-વિઠોબા હા ! વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥
થયાં જયાં દિવ્ય દર્શન ને દિવ્ય વાણી સૂણી અહા ! શાંત ચિત્ત થયું, ધન્ય ! વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
વિદાર્યો શોક રુકમાએ હૈયા પે પથ્થર મૂક્યો, બેસાડ્યા બાલુડા ખોળે, વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
ભારેલા અગ્નિ શાં બેસી અન્ત્યેષ્ટિ સ્વામી તણી, એકી ટશે રહ્યાં જોઇ, વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
શોકને, દુઃખને દાબી દીકરાઓ ઉછેરવા ધ્યાનને કેન્દ્રિત કીધું, વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
કિન્તુ શોક વિઠ્ઠલનો સખારામથી અરે ! શકાયોના સહી રે... ૨... વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
વિઠ્ઠલજીના મૃત્યુને ચાર દિન થયા અરે ! સખારામે ત્યજયા પ્રાણ વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
છવાયો શોક ચો પાસે ધાર્યું પ્રભુનું થાય છે, માજીએ ધૈર્યને ધાર્યું, વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
સખારામ અને વિઠ્ઠલ કેરી ઉત્તર ક્રિયા કરી, પછી વિચાર્યું માજીએ વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥
''સખારામ તણા પુત્ર વિશ્વનાથને માહરે, શાને બોજારુપ થાવું ?'' વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥
વિચારી એમ માજીએ દીકરાઓ બેને લઇ, ગયાં જુદાં રહેવા હા ! વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥



Scanned by CamScanner

શ્રી રુકમામ્બા સપ્તશતી

નાનડા ખોરડે રે હા ! આછી-પાતળી વસ્તુઓ લઈને, રહેવા ગયાં પોતે, વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
આવદાની હતી શૂન્ય ઉછેરવા બે દીકરા, કર્મની કઠિનાઈ રે... ! વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
ગરીબાઈ તણા એતો હતા દિવસો દુઃખના, વિતાવે હસતા મુખે, વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
ના માગે કોઈની પાસે, ના લાચાર બને કદી, સંતોષે પ્રેમથી રહેતાં, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
માનીને પ્રભુની ઈચ્છા દુઃખોનેય વધાવતાં, ધીરજથી દુઃખો સહેતાં વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
વૈધવ્યની વિમળતા ને ગંગા જેવી પવિત્રતા, દીપતી દિવ્યઅંગોમાં વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
સીવેલું વસ્ત્ર ના પહેરે, એકજ સાદુ, શ્વેત હા ! લપેટે વસ્ત્ર દિવ્યાંગે, વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
કોસાથે ઝાઝુ ના બોલે, વ્યર્થ વાતો કરે નહિ, સત્કાર્યે રહેતાં વ્યસ્ત, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
સીંચતા પુત્ર-દ્વયને સંસ્કારો શુભ પ્રેમથી, એકલાં સિંહણ શાં હા ! વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
વ્રતો-ઉપોષણો આદિ આચરાતં શ્રદ્ધા થકી, દેવપૂજાર્ચને મગ્ન, વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥
ઓછુ-વત્તું મળે જે કૈં, તેમાં સંતોષ માનતાં ચળે ના મન વિક્ષેપે, વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
પુત્રોને કેન્દ્રમાં રાખી આચરતાં સૌ કાર્ય હા ! શુદ્ધ પ્રેમ વહાવતાં, વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
પિતાની ખોટ ના સાલે દ્વિ-પુત્રોને કદીય હા ! તેવી રીતે સદા વર્તે, વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
ખાન-પાન અને વસ્ત્રો તણી લે ખૂબ કાળજી, ના દુભવે કદી પુત્રોને, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
રત્ન સમ બે પુત્રોને નિરખી નૈનો ઠારતાં, સદાયે હાસ્ય વેરતાં, વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
દીકરાઓ પણ માજીને ચેષ્ટઓ વિધ-વિધ કરી, આપતા દિવ્ય આનંદ, વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
દીકરાઓ મોટા થાતાં કાળજુ મા નું ઠારતા, હરખાતાં અંતરે માજી, વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
આઠ વર્ષ તણો બાબુ, થયો નારાયણ છ તણો, વિચારે હૈયે માજી રે... વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥
બન્ને એ દિકરાઓને આપવા ઉપવીત હા ! શું કરવું ? ક્યાં જવું રે... રે.... વંદુ રુકમા માતને ॥ ૯૨ ॥



Scanned by CamScanner

વિશ્વાનાથને પૂછયું ને વિશ્વનાથે કહ્યું તદા, 'લખો દેવળે વાળાં ને', વંદુ રુકમા માતને ॥ ૯૩ ॥
વિશ્વનાથ તણો સૂણી ઉત્તર આ માજીએ પછી, લખાવ્યો 'દેવળે' પત્ર, વંદુ રુકમા માતને ॥ ૯૪ ॥
થોડા દિનામાં તો આવ્યો 'દેવળે' થી પત્ર હા ! લઈને બન્ને બટુકોને, વંદુ રુકમા માતને ॥ ૯૫ ॥
આવી જાઓ તમે અત્ર બન્નેને ધૂમધામથી, આપીશું ઉપવીત પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૯૬ ॥
જેમ-તેમ કરી માએ ખર્ચની એ પ્રવાસના કરી અરે ! વ્યવસ્થા હા ! વંદુ રુકમા માતને ॥ ૯૭ ॥
કોઈએ સાથ ના આપ્યો, કોઈ ના સાથે ગયું છતાંયે મા રુકમામ્બા, વંદુ રુકમા માતને ॥ ૯૮ ॥
એકલાં પુત્રો સાથે હૈયે હામ ધરી અતિ, મુંબઈથી વહાણમાં બેસી, વંદુ રુકમા માતને ॥ ૯૯ ॥
પહોંચી ગયાં અરે પોતે સુખે દેવળે ગામમાં સર્વને હર્ષ વ્યાપ્યો હા ! વંદુ રુકમા માતને ॥ ૧૦૦ ॥

ઇતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીષાયાં દ્વિતીયોઽધ્યાયઃ સમાપ્તઃ

જય મા રુકમામ્બા...... ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ॐॐॐॐॐॐॐॐॐॐ



જય મા રુકમામ્બા



જય મા રુકમામ્બા

Scanned by CamScanner

## અધ્યાય ત્રીજો

દેવળે પહોંચ્યા માજી, હર્ષ સૌને વ્યાપિયો, પરંતુ માતને તો હા ! વંદુ રુકમા માતને ॥ ૧ ॥
આવતાં યાદ વિઠલની આંખો, ભીંની થઇ ગઇ, હોત જો આજ વિઠલજી, વંદુ રુકમા માતને ॥ ૨ ॥
કિન્તુ આતો હતાં રુકમા, તૂર્ત સંભાળી લીધી, જાતને પોતાની હા ! વંદુ રુકમા માતને ॥ ૩ ॥
લાગણીના પ્રવાહે રે ! તૂર્ત પથ્થર મુકીને મુખપે હાસ્ય વેર્યું હા ! વંદુ રુકમા માતને ॥ ૪ ॥
સગાંને સ્નેહિઓ આવ્યા, ખૂબ આનંદ ઉત્સવે, મંગલ વાદ્ય વાગ્યાં ને, વંદુ રુકમા માતને ॥ ૫ ॥
બટુકો બે બન્યા દ્વિજ, મિષ્ટાન્ન સઘળા જમ્યા, હરખાયું માજીનું મન, વંદુ રુકમા માતને ॥ ૬ ॥
એક સુમંગલ દિને શુભ ચોઘડીએ, અહા ! બન્ને બટુકોને આપ્યું વંદુ રુકમા માતને ॥ ૭ ॥
ઉપવીત, થયા ધન્ય ! આનંદ સર્વને થયો, બટુકો બે બન્યા દ્વિજ, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
સ્વયં બ્રહ્મ થઇ પુત્ર ‘ભિક્ષાન્નદેહી’ કહી અહા ! માગે જેની કને ભિક્ષા ! વંદુ રુકમા માતને ॥ ૯ ॥
બ્રાહ્મણોને, બટુકોને સૌભાગ્યવતીઓને, હા ! સગાંને, સ્નેહિઓ સૌને, વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
મિષ્ટાન્ન ભોજન દીધાં, આનંદે મહાલ્યાં બધાં, આશીર્વાદ દીધા સૌએ, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
માજીના હૈયે ત્યાં તો મિશ્ર ભાવો વહી રહ્યા, દુઃખ ને સુખ ના રે હા ! વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
સુખ ને દુઃખના દ્વંદ્વો અનિવાર્ય જગે-બધે, માનીને રાચતાં મોદે, વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥
દેવળેના વડીલોની આજ્ઞા-આશિષ લઇ સુખે ગોધરે આવવા માટે, વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥



Scanned by CamScanner

નિકળ્યાં લઈ બટુકોને, ભગિની સાથમાં લીધી, વાડી-ઔદુંબરે આવ્યાં, વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
તાજા દ્વિજ બનેલા એ બન્નેને સાવામીજી તણાં, દર્શને માત લઈ આવ્યાં વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
વાડી-ઔદુંબરે ત્યારે વાસુદેવાનંદજી, ટેંબે સ્વામી પધાર્યા'તા વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
ટેંબે સ્વામી તણું નામ સૂણીને માત મોદિયાં, લીધાં પુપો-ફળો પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
બન્ને બટુકો ને લઈને ટેંબે સ્વામી ભણી ગયાં, દૂરથી સ્વામીને જોતાં, વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
બાબુ દોડ્યો અહા । વેગે, સ્વામીનાં શુભ અંકમાં, મૂકવા માથું પોતાનું, વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
માજી ને માસી બન્ને એ બાબુને પકડી લીધો, વસ્ત્રો સાથે ન સ્પર્શાય, વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
અંગ ને પુણ્યશાળી એ, સ્વામી વાસુદેવના, તેથી રોકી લીધો મા એ, વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
ત્યાંતો સ્વામી વધા પ્રેમે ''આવવા દો એ બાળને, એતો બાળક છે મારો'', વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥
પછી સ્વામીજીએ પૂછયું પ્રેમથી પાંડુરંગને, ''અરે ! તું બાળ છે કોનો ?'', વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥
'તમારો', કહી પાંડુએ મસ્તક સ્વામી-અંકમાં, મૂકી દીધું, ખરે ! પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥
તે દિ' થી પાંડુરંગે હા ! શિષ સદ્‌ગુરુ અંકમાં, મૂક્યું છે તે નથી લીધું, વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥
કરાવ્યાં સ્વામીનાં દર્શન આઠ વર્ષ તણી વયે, બાબુ ને ધન્ય ! હે માજી ! વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥
સ્વામીજીનાં થયાં દર્શન બાબુની આંખડી ઠરી, બની એ બાવરી-પ્યાસી, વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥
કોલ્હાપુરે ગયાં માજી, બન્ને એ બાલુડા સહ, રહ્યાં એક સગાને ત્યાં, વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥
પિયા મિલનની પ્યાસે બાબુ આખીરાત રડ્યો, પથારી અશ્રુથી ભીંજી, વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥
પ્રાતઃકાલે પડ્યું સ્વપ્ન બાબુને, એક દિવ્ય હા ! દિવ્ય વર્તુલમાં દીઠા, વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥
દિવ્ય તેજ તણાં રશ્મિ અંગ-અંગથી ફુટતાં, મુખડે મધુરું હાસ્ય, વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥
વધા તે દિવ્ય મૂર્તિ હા ! બાબુને બહુ પ્રેમથી, 'પોથી વાંચ' અરે ! બાળ ! વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥
એમ મા રુકમામ્બાએ બાબુને કોલ્હાપુરે, લાવી, અપાવ્યો આદેશ, વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥



Scanned by CamScanner

ગોધરા આવીને બાબુ અભ્યાસે રત થઇ ગયો, 'પોથી વાંચ' રહ્યું યાદ, વંદુ રુકમા માતને || ૩૫ ||
જ્ઞાન ને બુદ્ધિને સાથે ખુમારી નિજ ધર્મની, રાખવા શિખવ્યું ધન્ય ! વંદુ રુકમા માતને || ૩૬ ||
જેમ મા જાનકીજીએ પૂર્વે લવ ને કુશ ને, ભણાવ્યા'તા ધરી ખંત, વંદુ રુકમા માતને || ૩૭ ||
તેમ મા રુકમામ્બાએ નારાયણ ને બાબુ ને, પઢાવ્યા પાઠ સ્વાશ્રયના, વંદુ રુકમા માતને || ૩૮ ||
સ્વામાની, સ્વાશ્રયી બન્ને, ધર્મનું ગૌરવ કરે, જોતાં જેનુ ઠરે હૈયું, વંદુ રુકમા માતને || ૩૯ ||
લાડકડા બે પુત્રોને પિતાની ખોટ ના પડે, ઉછેરે માજી એ રીતે, વંદુ રુકમા માતને || ૪૦ ||
સ્વમાની, ટેકીલા માજી, સદ્ધર્મે રત સર્વદા, સદાયે આત્મ સંતોષી, વંદુ રુકમા માતને || ૪૧ ||
નથી તેની નહિ ઇચ્છા, છે તેનો નહિ ગર્વ હા ! આત્મ-તૃપ્ત સદા રહેતાં વંદુ રુકમા માતને || ૪૨ ||
પવિત્ર ધર્મગ્રંથો જે વંચાવી બાબુ પાસ એ, બાબુને ધર્મમાં પ્રેરે, વંદુ રુકમા માતને || ૪૩ ||
ના માગે એ કદી કો' થી, લાચાર કદી ના બને, મળે તે ભોગવે પ્રેમે, વંદુ રુકમા માતને || ૪૪ ||
એક દિ' લાવવા શાક દ્રવ્ય કંઇ ઘરમાં ન' તું, ઉછી-ઉધાર ના લાવે, વંદુ રુકમા માતને || ૪૫ ||
લૂખી ભાખરીઓ આજે શાક-દૂધ વિના અરે ! શી રીતે ખાસે દીકરા ? વંદુ રુકમા માતને || ૪૬ ||
કોરાયે કાળજું મા નું, લૂખી રોટી પીરસતાં, વિષાદ વદને છાયો, વંદુ રુકમા માતને || ૪૭ ||
સદાયે હસતું રહેતું પ્રફુલ્લ મુખ-પદ્મ રે ! માજીનું મ્લાન છે આજે, વંદુ રુકમા માતને || ૪૮ ||
પડોશણે પૂછયું આવી ''શેનું શાક બનાવિયું ?'' નિરુત્તર રહ્યા માજી, વંદુ રુકમા માતને || ૪૯ ||
પક્કી પડોશણે પોતે માજીના મુખડા તણો, વિષાદ પારખી તૂર્ત, વંદુ રુકમા માતને || ૫૦ ||
સ્વગૃહેથી લઇ આવી રીંગણાં બે-ચાર, હા ! માજીના ! કરમાં મૂક્યાં, વંદુ રુકમા માતને || ૫૧ ||
''માજી ! શાક કરો આનું બાબુભાઇને ભાવશે'', ચાલી ગઇ કહી એમ, વંદુ રુકમા માતને || ૫૨ ||
વિચાર વમળે માજી ગૂંચાયા ક્ષણ-બે ક્ષણ, 'સ્વીકારું ? ના સ્વીકારું ? આ !' વંદુ રુકમા માતને || ૫૩ ||
પડોશણ ગઇ ચાલી મા ને સ્વીકારવાં પડ્યાં, ન છૂટકે રીંગણાં એનાં, વંદુ રુકમા માતને || ૫૪ ||



Scanned by CamScanner

સ્વમાની માતને હૈયે છૂરી જાણે ફરી વળી ! રીંગણા લેતાં એનાં, વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
પરંતુ દીકરાઓના પ્રેમ કેરા પ્રવાહમાં, વહી ગયો ટેક માજીનો, વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
વાસી એ રીંગણા કેરું શાક મા એ બનાવિયું, બન્ને એ ભાઈઓ આવ્યા, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
બન્ને ત્યાં જમવા બેઠા, મા એ પિરસ્યા થાળ હા ! ભાખરી-રીંગણ શાક, વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
ચાખતાં શાખ, બાબુએ ધીમેથી માજી ને પૂછયું, ''ક્યાંથી લાવ્યાં રીંગણ આ ?'' વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
કોહ્વાલાં, વાસી, ગંધાતાં, માજી તમને છેતર્યા, પૈસા પડાવી રે ! લીધા, વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
ભોળાં માજી વદ્યાં ત્યાંતો ''ના રે ના ભાઈ આપણે દીધાં દામ નથી એનાં,'' વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
બાબુને ત્યાં ચઢ્યો ક્રોધ વાત માજી તણી સૂણી, ઉભા થઈને અતિ વેગે, વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
ભરેલું શાકનું પાત્ર બહાર ફેંકી દીધું અહા ! અને મા ને કહ્યું વંદી, વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥
''માજી કેમ ભૂલ્યાં આજે ? કેમ વિસર્યા ટેકને ? માગવું ના કદી કો'થી'' વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
વાત્સલ્ય ધોધ માજીના હૈયે છલકાતો હતો, તેમાં વહી ગયો ટેક, વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
શી રીતે સમજે બાબુ ? મા ના વાત્સલ્ય ભાવને, ગહનતા પ્રેમ ગંગાની, વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
કોણ માપી શકે ? રે... રે ! તાર્કિકો મૂંગા બને, તર્કની પાર જે વસ્તુ, વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
સૂણીને બોલ બાબુના માજીને દુઃખ ના થયું, પરંતુ ગૌરવ લીધો, વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
સ્વમાની નિજ પુત્રોનું જોઈ દિવ્ય ખમીર આ, હૈયામાં હરખ્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
બાબુ ત્યાં પ્રેમથી બોલ્યો, ''માજી હવે ભવિષ્યમાં દીધેલું કોઈનું ક્યારે, વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
ના દેશો મુજને ક્યાંયે વિનંતી મારી આટલી, હૈયામાં રાખજો ધારી,'' વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥
તેજસ્વી, ગૌરવવંતા સૂણી શબ્દો એ બાબુના, ઠર્યું માજી તણું હૈયું, વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥
બાબુને ચૌદમે વર્ષે 'મોંઘિ ભાઈની પાસ થી, અપાવી 'પોથી' હા ! ધન્ય !' વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥

Scanned by CamScanner

'પોથી' ના વાંચને બાબુ, આધ્યાત્મિકતાની કેડીએ, ફાળો ભરી ધપ્યો આગે, વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
માધ્યમિક તણી છેલ્લી પરીક્ષા બાબુએ દીધી, સાફલ્યતા મળી એમાં, વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
મહાવિદ્યાલયે પશ્ચાત પ્રવેશ મેળવ્યો, ભણ્યા, વડોદરે, અરે ! ત્યાંતો, વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
પરીક્ષા ઢૂંકડી આવી, બગડ્યું સ્વાસ્થ્ય પાંડુનું ગોધરે સુશ્રુષા કીધી, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
સ્વાસ્થ્ય સારું ન' તુ, તો યે પરીક્ષા આપી આવિયા, ધન્ય ! આશિષ માજીની, વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
મળી સાફલ્યતા, ધન્ય ! બીજા વર્ગમાં આવિયા, આશીર્વાદ ફળ્યા મા નાં, વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
ત્રીજા વર્ષમાં આવ્યા એ વ્યવસ્થા શુલકની ન'તી, માજીએ શુલ્ક ભેજ્યું, હા ! વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
અણીના સમયે આવી માજીનો દેણદાર એ, શુલ્ક આપી ગયો ચાલી, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
છેલ્લા એ વર્ષમાં આવ્યા પાંડુરંગ હવે અહીં, મોદે મત્ત બન્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
ત્યાંતો ભારતમાતાની મુક્તિનાં રણશિંગ, હા ! ફૂંકાયા ચારે કોરથી, વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥
રાષ્ટ્રની મુક્તિના યજ્ઞે દેવાને બલિદાન હા ! કૂદી પડ્યા જુવાનો હા ! વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
દેશદાઝ તણી ધૂણી જેના હૈયે ધીખી રહી, કેમ બેસી રહે છાના ? વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
સૂણીને માતની હાકલ પાંડુરંગે તત્ક્ષણે ભણવાનું છોડી દીધું, વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
માજી ને નારાયણનો હતો આધારસ્થંભ એ, તો યે છોડ્યું ભણવાનું, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
દેશ-દાઝ તણી જ્વાળા એના હૈયે જલી રહી તેમાં હોમી દીધો સ્વાર્થ, વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
છેલ્લા આ વર્ષમાં રે... રે ! બાબુએ ભણવું ત્યજ્યું. જાણ્યું માએ છતાંયે, હા ! વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
ના દુભ્યાં, ના રુઠ્યાં પોતે, બાબુને કંઇ ના કીધું, ધન્યાવાદ દીધો પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
જ્વલંત દેશભક્તિનું આથી ઉજ્વલ કહો બીજું, દૃષ્ટાંત મળશે ક્યાંથી ? વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥
આર્થિક દૃષ્ટિએ જોતાં માજી પાસે કશું ન' તું, છતાં કેવી ખુમારી હા ! વંદુ રુકમા માતને ॥ ૯૨ ॥




Scanned by CamScanner

સંતોષ, ત્યાગ ને તૃપ્તિ, માને આનંદ અર્પતાં, ખલ્કની રે... રે નહોતી, વંદુ રુકમા માતને ॥ ૯૩ ॥
પવિત્રતા અણી શુદ્ધ, સાત્વિકતા, સ્નેહાળતા, અંગે-અંગથી નીતરે, વંદુ રુકમા માતને ॥ ૯૪ ॥
વ્યષ્ટિની વ્યગ્રતા ના... ના, દષ્ટિમાં દીનતા નહિ, સૃષ્ટિમાં સ્નેહથી મહાલે, વંદુ રુકમા માતને ॥ ૯૫ ॥
સ્વસ્થ ચિત્ત, મુદે મત્ત, સદા સત્સ્મરણે રત, ભીં ઝાતાં ભાવથી ભક્ત, વંદુ રુકમા માતને ॥ ૯૬ ॥
સજેલાં શુભ્ર વસ્ત્રોથી શુભ્રતા અંતર તણી, આવિષ્કાર થતી જેની, વંદુ રુકમા માતને ॥ ૯૭ ॥
મધુરી વદતા વાણી, જાણે મુખ-દ્રુમથી ખર્યાં, પુષ્પો દિવ્ય, સુગંધીત, વંદુ રુકમા માતને ॥ ૯૮ ॥
ખરતાં વાણી-પુષ્પો એ માજીના હૈયા તણી કોમલતા દર્શાવતાં વંદુ રુકમા માતને ॥ ૯૯ ॥
મા રુકમામ્બા તણા હૈયે આર્દ્રભાવ વહી રહ્યા, રેલાતા નેત્ર-દ્વારેથી, વંદુ રુકમા માતને ॥ ૧૦૦ ॥

ઈતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીપાચાં તૃતીયોઽધ્યાયઃ સમાપ્તઃ

જય મા રુકમામ્બા... ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ



પૂજ્ય મા નાં શરીર ત્યાગનાં થોડા દિવસ પહેલાં માતા-પુત્ર સાથે (નારેશ્વર.)



Scanned by CamScanner

## અધ્યાય ચોથો

સ્નાતક થયા પછી પોતે વિનય વિદ્યા મંદિરે, અધ્યાપક તરિકે હા ! વંદુ રુકમા માતને ॥ ૧ ॥
જોડાયા રંગ પાંડુ હા ! 'છાત્ર દેવો ભવ' તણું, સૂત્રને અપનાવ્યું, હા ! વંદુ રુકમા માતને ॥ ૨ ॥
અભ્યાસે રત નારાયણ મેધાવી, બુદ્ધિશાળી હા ! હૈયું માનું ઠર્યું જોતાં, વંદુ રુકમા માતને ॥ ૩ ॥
એરે રે... ! પાંડુરંગે ત્યાં જોયો વ્યર્થ વિવાદ ને રાજીનામું ધરી દીધું, વંદુ રુકમા માતને ॥ ૪ ॥
માત ને ભ્રાત બન્નેનો હતો આધાર નોકરી, તોયે આજે ત્યજી દીધી, વંદુ રુકમા માતને ॥ ૫ ॥
માજીએ જાણ્યું ત્યારે એ હરખાયાં હૈયે અતિ, ધન્યવાદ દીધો પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૬ ॥
કુટુંબી સર્વનો રે... આ હતો આધાર નોકરી, છોડતાં નોકરી રે આ વંદુ રુકમા માતને ॥ ૭ ॥
જરાયે દુઃખ ના ધાર્યું જરાયે ક્ષુબ્ધ ના થયાં, ઉલટાં હરખ્યાં પોતે, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
નોકરી છોડીને સારી, આવતા ઘેર પુત્રને, કઇ માતા અભિનંદે ? વંદુ રુકમા માતને ॥ ૯ ॥
પરંતુ મા રુકમામ્બા સિંહણશાં ભડવીર, હા ! ધૈર્યવાન હતાં પોતે, વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
ભલે છોડી દીધી પુત્રે નોકરી ઘર વાહિની, લઢ્યો અન્યાયની સામે, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
''જ્યાં જ્યાં નૈતિકતા નાસે અનીતિ પાંગરી રહે, ત્યાં ત્યાં શિર ઊંચુ રાખી, વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
સામનો કરવો નિશ્ચે હૈયે રાખી હામને, ડરો ના કોઇ દિ કો'થી'', વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥

Scanned by CamScanner

શ્રી
રુ
ક
મા
મ્બા
સ
સ્ર
શ
તી

એવું શિક્ષણ દેનારાં સિંહણ રુકમા માત એ, નોકરી છોડી દેનારા, વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥
સિંહશા પુત્રને પોતે અભિનંદે ફરી ફરી ધન્ય છે ! માતને, ધન્ય ! વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
શાળાની નોકરી છોડી ખાનગી અધ્યાપન કરાવતા પાંડુરંગ, વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
પાંડુરંગ કરી લગ્ન સંસાર માંડીને રહે, રાચતા એવી ઈચ્છામાં, વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
એક દિ' માજીએ પૂછયું પાંડુરંગને પ્રેમથી, ''ભાઈ ! લગ્ન કરી નાંખો, વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
ભણવાનું કર્યું પૂર્ણ કમાવાનું શરૂ કર્યું, શાતાવળે મને હૈયે'' વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
સૂણીને વાત માજીની પાંડુરંગ વધા હસી, ''મહારા લગ્નની માજી ! વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
છેડશો ના કદી વાત, મારું આ સંસારમાં જરાય ચિત્ત ચોંટેના, વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
હુંતો વરી ચૂક્યો માજી ! વિરતા રુપી નાર ને, સંસારે વૃત્તિ ના મારી'', વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
સૂણીને વાત બાબુની કોરાયું માનું કાળજુ, છૂરી ફરી વળી હૈયે, વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥
માજી વિચારમાં ડૂબ્યાં ''અરે... રે... મુજ લાલ આ ! નહિ માંડે શું સંસાર ? વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥
ઉછેર્યો ને ભણાવ્યો હા ! પેટે પાટા બાંધીને, તે શું બાવો બની જાશે ? વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥
હૈયા માંહી પડી ફાળ આ વિધાન વિચારતાં, અરે... રે... શું કરું હવે ? વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥
પુત્રને પરણાવીને સાસુમા બનવા તણા કોડ શું મા ના હૈયાના, વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥
અધૂરા રહી જાશે શું ? આ તો માનું મમત્વ છે, મા વિના અન્ય શું જાણે ? વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥
માત તો એક માતા છે, જોટો જગમાં નહિ જડે, અન્ય શું સમજે મા ને ? વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥
માના હૈયાને માત્ર એક મા સમજી શકે, બીજાને ખ્યાલ શું આવે ? વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥
એક દિ' જોશ જોનારો જોશીડો એક આવિયો, પુત્ર વત્સલા માજીએ, વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥
વિચાર્યું તૂર્ત અંતરમાં '' લાવને પાંડુરંગની બતાવું જન્મ પત્રિકા, વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥



Scanned by CamScanner

કેવો છે યોગ કન્યાનો ? ક્યારે ને ક્યાં પરણશે ? ગ્રહો ક્યા નડે છે રે ? વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥
કુંડળી જોઈ જોશીડો ગ્રહોની શાંતિ તણો, ઉપાય કંઈ બતાવે તો'' વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥
વિચારી એમ માજીએ ધીમેથી હાંક પાડીને બોલાવ્યા જોશીને ઘરમાં, વંદુ રુકમા માતને ॥ ૩૫ ॥
સત્કારી ઘરમાં લાવ્યાં, દીધું આસન બેસવા, કુંડલી બાબુની જોવા, વંદુ રુકમા માતને ॥ ૩૬ ॥
જોશીના હાથમાં દેતાં બોલ્યાં રુકમા માત ત્યાં ''લગ્નનો યોગ છે કે ને ? વંદુ રુકમા માતને ॥ ૩૭ ॥
જુઓને લાલ મારો આ લગ્ન કરશે કે નહિં ? લગ્ન નાં યોગ કેવા છે ?'' વંદુ રુકમા માતને ॥ ૩૮ ॥
એમ કહી જોશી કરમાં બાબુની જન્મ પત્રિકા, મૂકીને માજી ત્યાં બેઠાં, વંદુ રુકમા માતને ॥ ૩૯ ॥
આતુર વદને બેસી નૈને આતુરતાં ભરી, આતુર દૃષ્ટિથી જોતાં, વંદુ રુકમા માતને ॥ ૪૦ ॥
માનાં નિર્દોષ નૈનો માં વાત્સલ્ય પ્રેમનો ઝરો, વહેતો જોશીએ જોયો, વંદુ રુકમા માતને ॥ ૪૧ ॥
અને ઢોંગી-ધૂતારો એ આંગળીએ વેઢાં ગણી, પાટીમાં આંકડા મૂકે, વંદુ રુકમા માતને ॥ ૪૨ ॥
કદી ઝીણી કરે આંખો કદી વિકસાવે અને કદી આંખો મીચી દેતો, વંદુ રુકમા માતને ॥ ૪૩ ॥
આમ ભાવો તણા ખેલે આટાપાટા મુખે અરે ! જોતાં માજીના હૈયે, વંદુ રુકમા માતને ॥ ૪૪ ॥
જાણે ટાંકણી ઘોંચાતી એવી પીડા હર પળે થતી હતી, છવાતી ત્યાં, વંદુ રુકમા માતને ॥ ૪૫ ॥
છાયા વિષાદ વાદળની, શા માટે બોલતો નથી જોશીડો ? વાત જે સાચી, વંદુ રુકમા માતને ॥ ૪૬ ॥
''શું મારા લાલને ભાલે વિધાતાએ નથી લખ્યો ? લગ્નનો યોગ રે... રે... શું ?'' વંદુ રુકમા માતને ॥ ૪૭ ॥
વિચારતાં એમ માજીના હૈયા પે કરવત ફરે, જોતાં એ જોશીડો લુચ્ચો, વંદુ રુકમા માતને ॥ ૪૮ ॥
ક્ષણે-ક્ષણે કરે ચાળા, મા ને ભોળવવા અરે ! ત્યાં તો અંદરના ખંડે, વંદુ રુકમા માતને ॥ ૪૯ ॥
સૂતા-સૂતા હતા જોતા જોશીનાં નખરાં બધાં, પાંડુરંગ લઈ દંડો, વંદુ રુકમા માતને ॥ ૫૦ ॥
આવ્યા જોશી કને સીધા બોલ્યા દંડો ઉગામતાં, ''કુંડલી મૂક તું તારી, વંદુ રુકમા માતને ॥ ૫૧ ॥
આ દંડો ઉગામેલો તારા જાડા શરીર પે, પડશે કે નહિ હમણાં,'' વંદુ રુકમા માતને ॥ ૫૨ ॥



Scanned by CamScanner

તેજસ્વી તસ ત્રાંબાશુ, જોઈ સ્વરુપ રંગનું, જોશીડો જીવ લઈ ભાગ્યો, વંદુ રુકમા માતને ॥ ૫૩ ॥
ભાગતો જોશીડો જોઈ મા રુકમામ્બા ખેદથી પાંડુને કહેવા લાગ્યાં, વંદુ રુકમા માતને ॥ ૫૪ ॥
''શા માટે જોશીડાને તેં ધમકાવ્યો, ભગાડિયો ? બોલાવ્યો મેં હતો એને, વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
મેં બોલાવ્યો હતો તેથી આવ્યો હતો એ જોશીડો, હતો શું વાંક એનો કે ? વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
ધમકાવી તેં ભગાડ્યો એ બોલાવેલા વિપ્રને, સારું તેં આ નથી કીધું, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
મેં બોલાવ્યો અને આવ્યો, એનો વાંક જરા નથી, એમાં તો વાંક મારો છે, વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
માટે મને કરો શિક્ષા જે કંઈ કરવી હોય તે, નકામો જોશીને કાઢ્યો, વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
આદરથી બોલાવેલા વિપ્રનું આપમાન હા ! ના કરવું કદી ભાઈ !'' વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
એમ વદતાં તો માના નેત્ર-પદ્મોથી સર્યાં, ઝાકળ બિંદુ શાં અશ્રુ, વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
પુષ્પોની કળિયોથી હા ! મા નું હૈયુ મૃદુ અતિ કરમાયું કોપ જોતાં આ... વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
માજીનું કોમળ હૈયું અન્યનું દુઃખ જોઈને, તત્ક્ષણે દ્રવી જાતું, વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥
માજીની આંખમાં આંસુ જોતા બાબુ દ્રવી ગયો, પસ્તાયો તત્ક્ષણે તત્ર, વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
સ્વચ્છ, સાતિવક હૈયામાં કેટલી શક્તિ છે પડી ! ભલ-ભલા ભીંઝાતા જ્યાં, વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
પછી તો આતો બાબુ છે, મા રુકમાનો લાડિલો, કેમ હૈયું રહે ઝાલ્યું ? વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
બાબુ દ્રવી ગયો તત્ર દંડો બાજુપર મૂક્યો, માજીના ચરણે વંઘો, વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
અને મધઝરતા શબ્દે મા ને સમજાવી રહ્યો, 'અરે ! માજી ! તમે ભોળાં, વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
જોશીડો એ હતો જૂઠો, વળી આડંબરી હતો, તમારા ભોળાપણનો, વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
લાભ લેવા અરે ! એ તો કરતો ચાળા અવ-નવા, તમને છેતરવા, મા ! વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
હાવ-ભાવ વ્યર્થ કરતો પૈસા પડાવવા, તેથી મેં કાઢી મૂક્યો, વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥
હવેથી કદીયે માજી ! મારી આ જન્મપત્રિકા બતાવશો ના કોઈને'' વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥

Scanned by CamScanner

એમ કહી પાંડુરંગે માજીના પાદ-પદ્મમાં ફરી-ફરી માથું મૂક્યું, વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥
લાડલા પૂત્રનાં જોઈ ભાવ-ભક્તિ અગાધ હા ! આંખ ભીંની બની માની, વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
ધન્ય છે, ધન્ય છે, માજી ! ધન્ય છે તુજ દીકરો ! ભાવ-નિર્ઝર વહંતા જ્યાં, વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
માજીનાં આંસુડાં જોઈ પાંડુરંગ દ્રવી ગયા, અને બોલ્યા વિવેકે ત્યાં, વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
''મારી વાત સૂણો માજી ! ઊંડે અંતરથી કહું, આજ્ઞા વિના તમારી હું, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
ક્યારેય, ક્યાંય ના જાઉં, હેયામાં રાખ જો લખી, દુભાવી મનડું મા નું, વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
કોઈ કામ કરું નૈ માં ! અંતરના ઉંડાણથી વચને બદ્ધ થાઉં છું, વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
જ્યારે આ નારાયણ, માં ! ભણવાનું પૂરું કરી નોકરી મેળવશે હા ! વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
ત્યારે તારી શુભાજ્ઞા ને આશીર્વાદ લઈ સુખે, સંસાર બંધનો તોડી, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
સંતપ્ત સંસારી કેરા સર્વ તાપ શમાવવા, ત્યાગીને સર્વ હું ઓ મા ! વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
અગમ્ય કોઈ શક્તિના ખેંચાણે ખેંચાઈને, ચાલ્યો જઈશ હું માજી ! વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥
હજુ તો ત્યાં સુધી માજી ! હું તમારી સાથ છું માટે ચિંતા ત્યજો વ્યર્થ,'' વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
પાંડુરંગ વદી એમ મંદ-મંદ હસી રહ્યાં, માજીનું હૈયું ઠાર્યું, વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
કાળના વહેણની સાથે વાત આતો વહી ગઈ, પુત્રો સહ મહાલતાં માજી, વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
નારાયણ હતા દક્ષ, ભણવા-ગણવા માં અહા ! મેધાવી, વાકપટુ પોતે, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
છેલ્લી એ વિદ્યાપીઠની પરીક્ષા આપી અને પામ્યા સાફલ્યતા એમાં, વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
થયા સ્નાતક પોતે ને માત-ભ્રાત પ્રમોદિયાં, થઈ આનંદની હેલી, વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
પ્રયત્નો નોકરી માટે આદર્યા ને ફલિત થયા, મુંબઈની એક શાળામાં, વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
ભાટિયા વિદ્યાલય જે તેમાં સંસ્કૃત શિક્ષક તરીકે આપવા સેવા, વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥

Scanned by CamScanner

જોડાયા નારાયણ ત્યાં માજીનું મનડું ઠર્યું, પુત્રો ઠાળે પડ્યા બન્ને, વંદુ રુકમા માતને ॥ ૯૨ ॥
વૈધવ્ય યૌવને આવ્યું નાનકડા બે બાલુડા સોંપીને રુકમામ્બાને, વંદુ રુકમા માતને ॥ ૯૩ ॥
સ્વધામે... રે... ! ગયા સ્વામી અનાથ, વિધવા કરી, અજાણ્યા ગુર્જર દેશે, વંદુ રુકમા માતને ॥ ૯૪ ॥
છતાંએ પથ્થર મૂક્યો, માજીએ હૈયા પરે, દુઃખને ઘોળીને પીધું, વંદુ રુકમા માતને ॥ ૯૫ ॥
અસહાય, એકલાં પોતે સંસાર યુદ્ધમાં ઘૂમ્યાં રણચંડી સમાં રુકમા, વંદુ રુકમા માતને ॥ ૯૬ ॥
સંસાર ઝંઝાવાતે હા ! ઝઝુમ્યા જગદમ્બાએ, જરાયે ના હઠયાં પાછાં, વંદુ રુકમા માતને ॥ ૯૭ ॥
દુઃખના ડુંગરા તૂટી પડ્યા હા ! નિજ મસ્તકે, છતાંયે ના ડગ્યાં માજી ! વંદુ રુકમા માતને ॥ ૯૮ ॥
ઉછેર્યા દીકરા બન્ને ભણાવ્યા, સંસ્કૃત કર્યા, સ્વામી ઈચ્છા કરી પૂર્ણ, વંદુ રુકમા માતને ॥ ૯૯ ॥
બહું-બહું સહ્યું મા એ, છતાં ના કોઈને કહ્યું, લહ્યું ના અંતરે દુઃખ વંદુ રુકમા માતને ॥ ૧૦૦ ॥

ઈતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીષાયાં ચતુર્થોऽધ્યાયઃ સમાપ્તઃ

જય મા રુકમામ્બા... ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ



પૂજ્ય માજી બાળકોને પ્રસાદ આપે છે.

## અધ્યાય પાંચમો

સંસાર એટલે ચિંતા દુઃખો કેરી પરંપરા, એક જાયે, બીજું આવે, વંદુ રુકમા માતને ॥ ૧ ॥
દીકરા બે ભણાવ્યા ને નોકરીએ લાગ્યા વળી, જરા ઠામ ઠર્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૨ ॥
ત્યાંતો આવ્યું મહાદુઃખ પાંડુરંગ અરે... અરે... ! એકા એક પડ્યા માંદા, વંદુ રુકમા માતને ॥ ૩ ॥
ઔષધો વૈદ્યનાં કીધાં, સુશ્રુષા માત-ભ્રાત રે ! ખંતથી કરવા લાગ્યાં, વંદુ રુકમા માતને ॥ ૪ ॥
ઔષધો ને સુશ્રુષાથી સ્વાસ્થ્યમાં ફેર ના પડ્યા, શરીરે ક્ષીણતા આવી, વંદુ રુકમા માતને ॥ ૫ ॥
પથારીમાં સૂતા રહેતાં, બેઠું પણ થવાય ના, અશક્તિ વ્યાપી તનમાં, વંદુ રુકમા માતને ॥ ૬ ॥
ક્ષીણ તો થઈ ગયો સાદ, મોટેથી બોલાય ના, ધ્રુજવા લાગતી કાયા, વંદુ રુકમા માતને ॥ ૭ ॥
દુઃખ આ પુત્રનું જોતાં, માનું હૈયું જલી રહે, આંખમાં આંસુની સાથે, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
પ્રભુને પ્રાર્થે માજી ''હે દયાળુ ! દેવ હે ! ઉઠાડો પુત્રને મારા, વંદુ રુકમા માતને ॥ ૯ ॥
હું અબળા-વિધવાનું એ... આંખ કેરું રતન છે, જોજે ના ઝુંટવી લેતો ! વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
હું અંધી-અબળા કેરી, એ તો છે એક લાકડી, એ જાતાં ઠોકરો ખાતી, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
માર્ગમાં ઊંડા ગર્તે ગબડીને પડીશ હું માટે એને બચાવી લો, વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
પ્રભુ ! મારા ક્યા જન્મ કેરાં પાપ નડી રહ્યાં ? અરે ! ક્રુર વિધાતા ઓ ! વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥



Scanned by CamScanner

મારાં તમામ સત્કર્મો, મારાં સઘળાં પુણ્ય, હા ! લઈલે ને જીવાડી દે, વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥
મારા આયુષ્ય માંથી રે બધું આયુષ્ય કાપીને જીવાડી દે, જીવાડી દે, વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
મારા આ લાલને, દેવા ! તું વિના અન્ય કો' નથી, મારું આ સંસારે... રે...'' વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
આમ આંસુ વહાવતાં કરતાં માજી પ્રાર્થના, દુઃખના દરિયે ડૂબ્યાં, વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
આ બાજુ પથારીમાં સૂતેલાં પાંડુરંગને, વિચાર આવે કે રે... રે... વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
''જન્મ શું વ્યર્થ જાશે આ ? મોંઘેરો માનવી તણો ? પ્રભુ કાર્ય કર્યું ના રે... વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
મનુષ્ય જન્મ તો છે રે... ! મોક્ષ કેરું દ્વાર હા ! અરે ! તે શું જશે એળે ? વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
મોઢું ફાડી ઉભો સામે કાળો કાળ કરાળ રે... જન્મ શું વ્યર્થ જાશે રે ? વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
આજે મને પથારીથી, બેઠો કરશે જો પ્રભુ, તો આ જન્મ પ્રભુની રે, વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
સેવામાં, શુભ કાર્યોમાં વિતાવીશ, અચૂક હું,'' એવો સંકલ્પ હૈયામાં, વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥
કર્યો જયાં પાંડુરંગે ત્યાં તો એકા એક હા ! ચમત્કાર થયો જાણે, વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥
તેજના વર્તુલ મધ્યે સ્વયં સ્વામી ખડા, અહા ! આપ્યો આદેશ પાંડુ ને, વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥
''તોડીને બંધનો જૂઠાં આ સંસાર તણાં હવે, આવી જા મુજ પાસે તું'' વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥
સૂણતાં સાદ સ્વામીનો પાંડુરંગ તણા અહા ! શરીરમાં સ્ફૂર્તિ આવી, વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥
થઈ અદ્દશ્ય અશક્તિ, શરીરે સ્પંદનો ઉઠ્યાં, સરવાણી શક્તિની ફૂટી, વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥
રોમે-રોમ ખીલી ઉઠ્યું અકથ્ય આનંદથી, નૈનો બાવરાં ચમક્યા, વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥
માતને ભ્રાતને કીધું પાંડુએ પછી હર્ષથી. ''મારી ચિંતા કરો ના, રે ! વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥
બિમારી ના રહી મારી, લાવો ભોજન ખાવું છે, ''માજી તો હર્ષ આવેશે, વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥
દોડી ભોજન લાવ્યાં ને પાંડુરંગ જમ્યા અહા ! હર્ષાબ્ધિમાં ડૂબ્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥
પુત્રને જમતો જોતાં માજીનાં નેત્ર પદ્મથી, હર્ષનાં આંસુ સરિયાં, વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥



Scanned by CamScanner

પાંડુરંગ વધા, ''માજી ! મારા સદ્‌ગુરુનાથ મૃત્યુના દ્વારથી મારો, વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥
હાથ ઝાલી મને આજે, લાવ્યા પાછો ખેંચીને, પ્રભુના કાર્યને માટે'' વંદુ રુકમા માતને ॥ ૩૫ ॥
હરખ્યાં માતને ભ્રાત સૂણીને વાત બાબુની, ફળી માજી તણી આશા, વંદુ રુકમા માતને ॥ ૩૬ ॥
એકાદ મહિનો વિત્યો, પાંડુરંગ તણા તને[1] સ્ફૂર્તિ ને શક્તિ આવ્યાં હા ! વંદુ રુકમા માતને ॥ ૩૭ ॥
એક દિ' ત્યાં તો આવી ને માજીની સામે ઉભા, પાંડુરંગ વધા પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૩૮ ॥
''માજી ! આજ્ઞા અને આપો અંતરના આશિષ હા ! સાફલ્ય જન્મનું સાધું, વંદુ રુકમા માતને ॥ ૩૯ ॥
મને ખેંચી રહ્યા મારા સદ્‌ગુરુ નિજ કાર્યમાં, હવે રોકાઉં ના માજી ! વંદુ રુકમા માતને ॥ ૪૦ ॥
વચને બદ્ધ છો માજી, આપે વચન દીધીં હતું, (કે) નારાયણ તણો જ્યારે, વંદુ રુકમા માતને ॥ ૪૧ ॥
અભ્યાસ પૂર્ણ થાશે ને મળશે જ્યારે નોકરી, ત્યારે તને જવા દૈશ,'' વંદુ રુકમા માતને ॥ ૪૨ ॥
અભ્યાસ પૂર્ણ કીધો ને નોકરી હા ! મળી ગઈ, નારાયણને ઓ માજી ! વંદુ રુકમા માતને ॥ ૪૩ ॥
માટે મને જવા દો મા ! મારું કર્તવ્ય મુજને પોકારી છે રહ્યું આજે'' વંદુ રુકમા માતને ॥ ૪૪ ॥
અરે... રે... પાંડુરંગના આ વાક્યો રુકમા હૃદે, તીવ્ર બાણ સમાં વાગ્યાં, વંદુ રુકમા માતને ॥ ૪૫ ॥
વજ્રઘાત થયો જાણે એકાએક અરે ! શિરે ! એમ દુઃખી થયાં માજી, વંદુ રુકમા માતને ॥ ૪૬ ॥
શું બોલે ? પાંડુના શબ્દે વાણી કુંઠિત રે ! થઈ અર્ધ બેભાન થઈ બેઠાં, વંદુ રુકમા માતને ॥ ૪૭ ॥
વ્રતો ને ઉપવાસોથી દેદિપ્ય કંચનસમી, કાયા ત્યાં ધ્રજવા લાગી, વંદુ રુકમા માતને ॥ ૪૮ ॥
સંયમ ને શીલથી શુદ્ધ પ્રફુલ્લ પંકજ સમું, પ્રસન્ન મુખ રે ! આજે, વંદુ રુકમા માતને ॥ ૪૯ ॥
માજી તણું થયું મ્લાન દુઃખના દરિયે ડૂબ્યાં, શું બોલે ? શી રીતે બોલે ? વંદુ રુકમા માતને ॥ ૫૦ ॥
પ્રસન્ન મુખ મુદ્રા જે સૌને આનંદ આપતી, વિષાદ-વાદળથી છાઈ, વંદુ રુકમા માતને ॥ ૫૧ ॥
શી રીતે એક માતા રે લાડીલા નિજ લાલને સંસાર છોડીને બાવો, વંદુ રુકમા માતને ॥ ૫૨ ॥

---

ટીપ : ૧. શરીરમાં

થઈ જવા તણી રે... રે... આજ્ઞા આપી શકે, અરે ! રુકમામ્બા રહ્યાં મૌન, વંદુ રુકમા માતને ॥ ૫૩ ॥
માજીને જોઈને મૌન પાંડુરંગ વધા પછી, ''માજી જરા વિચારોને, વંદુ રુકમા માતને ॥ ૫૪ ॥
જન્મીને વિશ્વમાં જેણે મોટા કાર્યો ક્ર્યાં અહી, તેની પાછળ તેઓની, વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
માતાઓનો હતો ત્યાગ, વિચારી મા ! જુઓ જરા, મહાન છે મા નો ત્યાગ, વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
રામ-કૃષ્ણાદિ જે આજે વિશ્વમાં પ્રભુના રુપે, ઘેરે-ઘેર પૂજાતા જે, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
તેની પાછળ માતાઓ કૌશલ્યા મા ને દેવકી કેરો ત્યાગ હતો મોટા, વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
જો કૌશલ્યા માતાએ ભગવાન શ્રીરામને અરણ્યામાં જાવા કેરી, વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
આપી ના હોત આજ્ઞા, તો કોણ જાણત રામને ? મર્યાદા પુરુષોત્તમ જે, વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
ઘેરે-ઘેર પૂજાતા જે તેનું કારણ જાણ મા ! ધન્ય ! માતા તણો ત્યાગ, વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
યોગેશ્વર શ્રી કૃષ્ણ જે ગીતાના ગાનાર હા ! પૂજાયે જે યુગોથી હા ! વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
તેનું કારણ છે ઓ મા ! ત્યાગ મા દેવકી તણો, જરા વિચારો શાંતિથી, વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥
જો માતા દેવકીજી એ જન્મતાની જ વારમાં, નાના-બાલ કનૈયાનો, વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
ત્યાગ ના હોત જો કીધો ! કોણ જાણત કૃષ્ણને ? ગીતા-જ્ઞાન મળત ક્યાંથી ? વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
અરે ! માજી ! જે માતાએ પોતાના દીકરા કને વિશ્વની જનતા કેરું, વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
કરાવવાને કલ્યાણ દેવા પડશે દીકરા, ''ત્યાગ વિના ન કલ્યાણ.'' વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
સૂણીને વાત પાંડુની માજીનું મનડું ઠર્યું, રાગ હાર્યો, જીત્યો ત્યાગ ! વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
સૂતેલી સિંહણ વૃત્તિ માજીમાં જાગ્રત થઈ, તત્ક્ષણે નિર્ણય લીધો, વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
''શા માટે પુત્રને મારા પ્રેમને પિંજરે પૂરી, વિશ્વ કલ્યાણથી રોકું ? વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
જો મારા દીકરા કેરા ત્યાગે સંતપ્ત સર્વને, શાંતિ પ્રાપ્ત થતી હો' તો, વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥
શા માટે રોકું એને કરતાં વિશ્વનું ભલું ? ભલે ને જાય જગદર્થે,'' વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥



Scanned by CamScanner

વિચારી એમ માજીએ મનને મક્કમ કરી, કહ્યું પ્રેમથી પાંડુને, વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥
સિધાવો દીકરા મારા વિશ્વ કલ્યાણ કાજ, હા ! મારા આ અંતઃસ્થલથી, વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
આશીર્વાદ તમોને છે, શુભાજ્ઞા વળી સાથ છે, ''શિવઃસ્તે પંથાઃ'' દીકરા ! વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
વિશ્વ કલ્યાણને માટે ધન્ય ! દીધો મા ! દીકરો, ધન્ય ! ત્યાગમયી, માજી ! વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
શુદ્ધ-સાત્વિક ભાવો જે અંતરે ઉછળી રહ્યાં, ભીંઝવે અન્યના ભાવો, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
શુભ્ર વસ્ત્રે વિભૂષિતા, માજી સાક્ષાત સરસ્વતી, કુમતિ-જાડ્યતા હારી, વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
પદ્માસને બિરાજેલાં સાક્ષાત પદ્મા સમાં, અહા ! સમૃદ્ધિ સૌખ્યદાયી મા ! વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
સદાયે શુદ્ધ ચિત્તે હા ! શુદ્ધ સંકલ્પ સેવતાં, શુદ્ધ ચિત્ત કરો મારું  વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
શ્રદ્ધાનો ધોધ હૈયામાં જેના વહેતો અખંડ હા ! શ્રદ્ધા મારી કરો પુષ્ટ, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
સદાયે તુષ્ટ હૈયામાં બુભુક્ષા ના દહે જરા, અંતઃ તુષ્ટ કરો મારું, વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
સદાયે શાંતિનો સિંધુ જેના અંતર ઉછળે, શાંતિ દો મુજ હૈયામાં, વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥
દુઃખના ડુંગરો ઝીલ્યા આ સંસારે ડગ્યા વિના, વિષડાં પચવી દીધાં, વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
ઝઝુમ્યાં ઝંઝાવાતે, જીરવ્યાં ઝેર જગતનાં પ્રસન્ન વદને, માજી ! વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
દુઃખ દાવાનળમાં મા ! વહાવ્યો સૌખ્યનો ઝરો, સર્વમાં શર્વ[1] ને જોતાં, વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
અગમ્ય શક્તિ મા ! તારી, સર્વમાં સૌખ્ય પ્રેરતી, પ્રેરજો મારી બુદ્ધિને, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
અમી ઝરંતી મા ! તારી દિવ્ય દૃષ્ટિ વહ્યા કરો, સદાયે મુજપે ઓ... મા ! વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
પ્રસન્ન મુખડું તારું વેરતું હા ! પ્રસન્નતા, 'પ્રસન્નોડસ્તુ' સદા માજી ! વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
અખંડાનંદની મૂર્તી સ્વયં આનંદ રુપિણી, ધન્ય ! આનંદદાયી મા ! વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
લમ્બોદર[2] તણી માતા સર્વ વિઘ્ન વિદારિણી, વિદારો વિઘ્ન સૌ મારાં, વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥

ટીપ : ૧. પ્રભુ   ૨. પૂ. શ્રી રંગઅવધૂતજી

શ્રી રુકમામ્બા સપ્તશતી

ઉપોષણે, વ્રતે, શીલે, તિતિક્ષા-સંયમે વળી, દુર્વૃત્તિ-દાનવો જેણે, વંદુ રુકમા માતને ॥ ૯૨ ॥
હણ્યા છે માત્ર હોંકારે, એવી દુર્વૃત્તિ હારિણી, હણો દુર્વૃત્તિને મારી, વંદુ રુકમા માતને ॥ ૯૩ ॥
પવિત્ર તુલસી કેરી નિત્ય પ્રદક્ષિણા કરી, ધન્ય ! પાવનકારી મા ! વંદુ રુકમા માતને ॥ ૯૪ ॥
તુલસી પૂજા, ગૌ પૂજા નિત્યે સૂર્ય પૂજા કરી, દારિદ્રય દેહનાં ટાળ્યાં વંદુ રુકમા માતને ॥ ૯૫ ॥
સ્યવં પુષ્ટિ, સ્વયં તુષ્ટિ, પ્રજ્ઞા,મેધા, ગતિ, સ્વયં, સ્વયં કારણ્યમૂર્તિ મા ! વંદુ રુકમા માતને ॥ ૯૬ ॥
સ્વયં ભક્તિ, સ્વયં શક્તિ, સ્વયં શ્રદ્ધા ને મોક્ષદા, સ્વયં આનંદદાયી મા ! વંદુ રુકમા માતને ॥ ૯૭ ॥
સ્વયં ભુક્તિ, સ્વયં મુક્તિ, સર્વ પાપ વિમોચિની, સર્વ કલ્યાણકારી મા ! વંદુ રુકમા માતને ॥ ૯૮ ॥
સર્વ મંગલકારી મા ! દૈન્ય હારી, દયા નિધિ, દારિદ્રય, દુઃખહારી મા ! વંદુ રુકમા માતને ॥ ૯૯ ॥
અન્યનું શરણું મારે નથી મા ! તારા વિના, 'બાળ'ને અંકમાં લે... લે... વંદુ રુકમા માતને ॥ ૧૦૦ ॥


ઈતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીષાયાં પંચમોડધ્યાયઃ સમાપ્તઃ

જય મા રુકમામ્બા... ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐૐૐૐૐૐૐૐૐૐ



પૂજ્ય રુકમામ્બા માતૃકુટિર મા



નારેશ્વરધામમાં પૂજ્ય માજીનું પ્રતિમા મંદિર

Scanned by CamScanner

## અધ્યાય છઠ્ઠો

જગતનાં બંધનો તોડી છોડી માતા, ભ્રાતને પાંડુરંગ ગયા ચાલી, વંદુ રુકમા માતને ॥ ૧ ॥
ધન્ય ! રેવાતીરે પોતે, નારેશ્વરે અરણ્યમાં, ધીખાવી ત્યાગની ધૂણી, વંદુ રુકમા માતને ॥ ૨ ॥
દત્ત-દત્ત તણી ધુનો ગુજરાતે ગજવી અહા ! ધન્ય છે ! લાલ રુકમાના, વંદુ રુકમા માતને ॥ ૩ ॥
આમ નારેશ્વરે પોતે આહલેક જગાવીને, બન્યા શ્રીરંગઅવધૂત, વંદુ રુકમા માતને ॥ ૪ ॥
આ બાજુ નારાયણની સાથે રુકમા માત હા ! મુંબઈમાં ગયાં રહેવા, વંદુ રુકમા માતને ॥ ૫ ॥
લોક કલ્યાણને માટે મોટો તો સાધુ થયો, નાના સાથે રહ્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૬ ॥
નારાયણ તણો ભાવ, પ્રેમ ને સેવા થકી, હરખ્યાં મા રુકમામ્બા, વંદુ રુકમા માતને ॥ ૭ ॥
માજીના દિવસો એવા આનંદે વહેતા હતા, હવે ચિંતા ન'તી બીજી, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
વર્ષમાં એક વારે હા ! પાંડુરંગ પધારતા, લેતા ભિક્ષા ત્રણદિન, વંદુ રુકમા માતને ॥ ૯ ॥
માતના હાથની ભિક્ષા લઈને પાંડુ રાચતા, મોદમાં મગ્ન માજી હા ! વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
અરે... કિન્તુ રે... રે... હા ! સુખના દિવસો સદા, નથી જાતા કદી સીધા, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
એક દિ'નારાયણ રે... ? અસાધ્ય રોગમાં પડ્યા, શ્વાસોચ્છવાસ પડ્યા ધીમા, વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
ઔષધો વૈદ્યો કેરાં મુંબઈમાં ઘણાં કર્યાં, ફાયદો ના થયો તોયે, વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥



Scanned by CamScanner

ટકે ના પેટમાં અન્ન, ખાય તોયે પચે નહિ, અશક્ત થઇ ગયો દેહ, વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥
બેસી-ઊઠી શકે ના રે... કોઈના ટેકા વિના, ફેફસામાં પીડા થાયે, વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
ક્ષીણ તો થઇ ગયો સાદ આંખો તો ઊંડી ગઇ, હાલ નારાયણના જોઇ, વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
દુઃખાર્ણવ છલક્યો રે, રુકમાના હૈયા મહીં, અરે... રે... શું થશે હવે ? વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
માતાના મનની પીડા કેરો સમ્પૂર્ણ ખ્યાલ હા ! નારાયણને ગયો આવી, વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
વળી આ રોગ પોતાનો અતિશય અસાધ્ય છે, એવો ભાસ થતાં એને, વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
પત્ર એક લખ્યો મોટો નારેશ્વરે શ્રીરંગને, પોતાના રોગની વિગતે, વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
પત્ર નારેશ્વરે પહોંચ્યો, બીજે દિવસે તૂર્ત હા ! બે ભક્તો સાથમાં લઈને, વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
પાંડુરંગ ગયા પહોંચી માત-ભ્રાતને વિનવી, નારેશ્વરમાં લઈ આવ્યાં, વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
ધન્ય હા ! દાસકાકાએ નારાયણને માટે હા ! વ્યવસ્થા સુંદર કીધી, વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥
રહેવાને તંબુ બાંધ્યો રાચ-રચીલું સર્વ હા ! જંગલમાં લાવી દીધું, વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥
જંગલની હવા સ્વચ્છ, નિર્મલ રેવા નીર હા ! ગમ્યું એ નારાયણને, વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥
શરુમાં ઠીક લાગ્યું હા ! રોગ કિન્તુ અસાધ્ય રે । જાણતા'તા સ્વયં રંગ, વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥
નારાયણ તણા મુખે વિષાદ કેરી વાદળી, જોતા હતા સદા રંગ, વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥
શેની નારાયણને ચિંતા ? સિવાય એક માજીની ? એટલે એક દિ' રંગે, વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥
એકલા નારાયણની પાસે જઇ પ્રેમે કહ્યું ''ચિંતા માજી તણી ભાઈ ! વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥
રાખશો ના જરાયે હા ! સર્વ ઇચ્છા હું માજીની, પૂર્ણ કરવાને માટે, વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥
મારો યોગ, તિતિક્ષા ને સમાધિ, ધ્યાન, ધારણા, સર્વ છોડી દઇ પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥
સંસારમાં પ્રવેશીને માજીને રીઝવીશ હું, થાઉંછું વચને બદ્ધ'', વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥



Scanned by CamScanner

શ્રી રુકમામ્બા સપ્તશતી

સૂણીને વાત પાંડુની શાંતિ ને સંતોષથી, નારાયણે ત્યજયા પ્રાણ, વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥
નારાયણ તણો આત્મા છોડીને જીર્ણ-પિંજરુ, રે... રે... ગયો સ્વધામે હા ! વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥
નારાયણ તણું મૃત્યુ જોતાં માજી ઢળી પડ્યાં, વજ્રઘાત થયો રે... રે... ! વંદુ રુકમા માતને ॥ ૩૫ ॥
છાતી ફાટ રુવે માજી આંખે આંસુ સમાય ના, તૂટી પડ્યું અરે ! આભ ! વંદુ રુકમા માતને ॥ ૩૬ ॥
માજીના કર્મની રે... રે... કેવી આ કઠિનાઈ રે... ! દુઃખના દરિયે ડૂબ્યાં, વંદુ રુકમા માતને ॥ ૩૭ ॥
વૈધવ્ય યૌવને પામ્યાં હૈયા પે પથ્થર મૂકી બાલુડાઓ ઉછેર્યા બે, વંદુ રુકમા માતને ॥ ૩૮ ॥
સિંચ્યા સંસ્કાર બન્નેમાં, ભણાવ્યા બહુ ભાવથી, ખુમારીથી જીવ્યાં, માજી ! વંદુ રુકમા માતને ॥ ૩૯ ॥
અરે... રે... ભાગ્યની રેખા કેવી વક્ર બની અહીં ! મોટો ગયો થઇ ત્યાગી, વંદુ રુકમા માતને ॥ ૪૦ ॥
નાના માટે હતા મા ના હૈયે અરમાનો ઘણા, અરે ! પંચત્વ તે પામ્યો ! વંદુ રુકમા માતને ॥ ૪૧ ॥
હૈયામાં ભંડારેલા માજીના અરમાન એ, આજે બળી થયાં ભસ્મ ! વંદુ રુકમા માતને ॥ ૪૨ ॥
માજીનાં દુઃખને શોક વરણ્યાં શેં વર્ણાય રે ! શોકાર્ણવે ડૂબ્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૪૩ ॥
આખાએ સ્થાનમાં આજે શોકાર્ણવ ફરી વળ્યો, આશ્વાસે કોણ ? કોને રે ? વંદુ રુકમા માતને ॥ ૪૪ ॥
અને નિર્લેપ યોગીએ માજીને ભલી ભાતથી, આશ્વાસ્યાં, સમજાવ્યાં હા !. વંદુ રુકમા માતને ॥ ૪૫ ॥
આ તો સાક્ષાત અનસૂયા, મોહ પર્દો હઠી ગયો, પ્રકૃતિ પરમેશ્વરની, વંદુ રુકમા માતને ॥ ૪૬ ॥
તૂર્ત નક્કી કર્યું મા એ રહેવાનું નારેશ્વરે, જગ્ત કલ્યાણને માટે, વંદુ રુકમા માતને ॥ ૪૭ ॥
શહેરો-નગરો છોડી, અરણ્યે વસિયાં, અહા ! ધન્ય ! યોગી તણી માતા ! વંદુ રુકમા માતને ॥ ૪૮ ॥
ધન્ય ! ત્યાગમયી, માજી ! ત્યાગ્યાં ભૌતિક સુખ તેં, સર્વના સૌખ્યને માટે, વંદુ રુકમા માતને ॥ ૪૯ ॥
જગ્તને છોડી હે માજી ! જગ્તના હિત કારણે, જંગલે વાસ કીધો મા ! વંદુ રુકમા માતને ॥ ૫૦ ॥
પવિત્ર નર્મદા નીરે સ્નાન માજી કરે અહા ! શિવાર્ચન કરે પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૫૧ ॥



Scanned by CamScanner

સૂર્ય પૂજા કરે માજી, તુલસી કેરી પ્રદક્ષિણા, શ્રદ્ધાથી કરતાં માજી, વંદુ રુકમા માતને ॥ ૫૨ ॥
સ્પર્શા-સ્પર્શ તણી માજી, ખૂબ ચીવટ રાખતાં, સ્પર્શે ના અન્યને કો'દી, વંદુ રુકમા માતને ॥ ૫૩ ॥
સ્વચ્છ શોળે થઇ સજજ સ્વયં પાક બનાવતાં, બીજાનું આભડેલું રે, વંદુ રુકમા માતને ॥ ૫૪ ॥
વસ્ત્ર-વસ્તુ-વાસણ ને અન્ય સ્પર્શી ચીજો બધી, માજી ના સ્પર્શતા ક્યારે... વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
સદાયે શાન્ત ને સ્વસ્થ બાહ્યાભ્યંતર શુદ્ધ જે, મૂર્તિ પવિત્રતા કેરી, વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
સદાયે સ્નેહ વરપંતાં માજીનાં નેત્ર-પદ્મથી ધારા આશિષની વહેતી, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
યોગી રત્ન સુપુત્રે હા ! સૌરાષ્ટ્રધામની, અહા ! યાત્રાએ મોકલ્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
યાત્રામાં પણ માજીએ નિજના શુદ્ધાચારમાં ખામી ના આવવા દીધી, વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
એકદા માજીને સોળે કોઇનો સ્પર્શ થઇ ગયો, ધોયું શોળું, કર્યું સ્નાન, વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
સૂકવેલા એ શોળાને અરે... રે... ફરીથી વળી, અજાણે સ્પર્શ્યું કોઇ, વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
ફરી ધોયું, ફરી નાહ્યાં, ફરીથી સૂકવી દીધું, અરે... રે ત્યાં વળી પાછું, વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
કોઇએ આવી ને સ્પર્શ્યું માજી તૂર્ત હસ્યાં, ઊઠયાં ફરી નાહ્યાં ઝબોળ્યું એ, વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥
ત્રિવાર એમ સ્પર્શાયુ, ધોયું ત્રિવાર માજીએ, સ્નાન ત્રિવાર તો કીધું, વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
થયો'તો કાળ મધ્યાહ્‌ન ક્ષુધાતુર થયાં હતાં, તોએ ધૈર્ય ના છોડ્યું, વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
નિત્યે સ્નાને થઇ શુદ્ધ, શુદ્ધ શોળું સજી, અહા ! સ્વયંપાક બનાવે મા, વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
શુદ્ધાચારે સદા માજી બાહ્યાભ્યંતર શુદ્ધ હા ! શુદ્ધતા, સ્વચ્છતા સાક્ષાત્, વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
કારુણ્યતા તણો અબ્ધિ, માને અંતર ઉછળે, સાક્ષાત્ કરુણા મૂર્તિ, વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
એક દિ' ફૂલ માળીએ કોઇ ભક્તને છેતર્યો, ફૂલનાં દામ વધુ લીધાં, વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
કારુણ્ય મૂર્તિ માજીને કોઇએ આવી ને કહ્યું, ''માળીએ છેતર્યા ભક્ત,'' વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
સ્થાનમાં ભક્તની સાથે છેતરપીંડી થાય તે, રુચ્યું ના રુકમામ્બાને, વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥

Scanned by CamScanner

શ્રી રુકમામ્બા સપ્તશતી

ભિક્ષામિષે પધાર્યા હા ! જ્યારે યોગી સપૂત એ, ત્યારે મા એ કહ્યું પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥
'સ્થાનમાં' ભક્તની પાસે ફૂલનાં દામ વધુ લઈ છેતરે ભક્ત ને રે... રે.... વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥
ચલાવી કેમ લેવાય ? શ્રદ્ધાનો દુર્વ્યય અરે ! શું તારે નહિં જોવાનું ?'' વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
સૂણીને વાત માજીની પાંડુરંગ વદ્યા તદા, 'અઘ હું જોઉ છું એને' વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
મોદીજીને કહી તૂર્ત વાત છેતરવા તણી, કરાવ્યો દૂર માળીને, વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
તે પછી શ્રી અવધૂતે વિચાર્યું મનની મહીં, ''મૂળે કુઠાર ઘા વિના, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
ભ્રષ્ટાચાર નહિ જાયે માટે હું મારી પાદુકા, આપવીજ કરું બંધ, વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
પૂજનો પાદુકા કેરાં થઈ જાશે જો બંધ હા ! ભ્રષ્ટાચાર ટળી જશે'', વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
વિચારી એમ શ્રીરંગે પૂજનાર્થે શ્રી પાદુકા, આપવી જ કરી બંધ, વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
વર્ષો સુધી રહ્યું બંધ પાદુકાજીનું પૂજન, નિરાશા વ્યાપી ભક્તોમાં, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
વડોદરા તણા ભક્તો ધજાને લઈ હાથમાં, ચાલતા સ્થાનમાં આવ્યા, વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
તીવ્ર ઈચ્છા થઈ ત્યાંતો એ ભક્તોના અંતરે પાદુકા પૂજન કેરી, વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥
પરંતુ પૂજ્યશ્રી નો'તા આપતા નિજ પાદુકા, પૂજનાર્થે કોઈને ક્યારે, વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
વડોદરાના એ ભક્તો મા ના શરણે આવિયા, માતૃકુટિરે આવીને, વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
મા ના ચરણોમાં વંદ્યા, આંખમાં આંસુઓ ભરી, વિનંતી કરવા લાગ્યા, વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
''દયા કરો, દયાળુ મા ! તમારાં બાળકો પરે, વિનંતી હૃદયે ધારો, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
ઓ મા ! અમે પગે ચાલી પાદત્રાણ વિના પગે, કેટલે દૂરથી આવ્યા, વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
ધજાને હાથમાં ધારી દત્તધૂન ગજાવતા, કંકરો-કંટકો ગૂંદી, વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
ઠે... ઠ મા ! વટપત્રેથી આવ્યા દર્શન કાજ હા ! એક ઈચ્છા પૂરો ઓ મા ! વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
ઓ મા ! શ્રી રંગ પાસેથી અપાવો પાદુકાજી હા ! પૂજનાર્થે અમોને મા ! વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥



Scanned by CamScanner

ભક્તોની આંખમાં જોઈ માજીએ અશ્રુધાર હા ! હૈયું દ્રવી ગયું માનું, વંદું રુકમા માતને ॥ ૯૨ ॥
સદાયે સ્નેહથી આર્દ્ર દયાળુ માત બોલિયાં, ''રાખો ધૈર્ય તમે ભક્તો, વંદું રુકમા માતને ॥ ૯૩ ॥
હમણાં આવશે અહિં ભિક્ષા લેવા શ્રી રંગ હા ! ત્યારે હું સમજાવી ને, વંદું રુકમા માતને ॥ ૯૪ ॥
અપાવીશ તમોને હું પૂજનાર્થે એ પાદુકા, તૈયારીઓ કરો જાઓ'', વંદું રુકમા માતને ॥ ૯૫ ॥
ભક્તો આનંદથી ઘેલા માજીનો જય બોલતા, ધન્ય ! ધન્ય ! રુકમામ્બા ! વંદું રુકમા માતને ॥ ૯૬ ॥
ભિક્ષા લેવા ગયા રંગ, માજીએ સમજાવીને, પાદુકાજી લીધાં પોતે, વંદું રુકમા માતને ॥ ૯૭ ॥
ભક્તોને પ્રેમથી આપ્યાં પૂજન કીધાં ભાવથી, શરુ થઈ ફરી પૂજા, વંદું રુકમા માતને ॥ ૯૮ ॥
ધન્ય ! માજી ! કરી યત્ન, પાદુકાજી અપાવિયાં, ભક્તોનું શ્રેય કીધું, મા ! વંદું રુકમા માતને ॥ ૯૯ ॥
એવાં ભક્ત તણાં બેલી, ભક્તોને અવધૂત ની વચ્ચે સાંકળ શાં, માજી ! વંદું રુકમા માતને ॥ ૧૦૦ ॥

ઈતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીષાયાં ષષ્ઠોડધ્યાય સમાપ્તઃ

જય મા રુકમામ્બા... ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐૐૐૐૐૐૐૐૐૐ



પ.પ. વાસુદેવાનંદ સરસ્વતી (ટેંબે) સ્વામી મહારાજ



જય મા રુકમામ્બા

## અધ્યાય સાતમો

ધન્ય ! મા રુકમામ્બાને, ધન્ય સુપુત્ર રંગને ! બનાવી ગુર્જરી ધન્ય, વંદુ રુકમા માતને ॥ ૧ ॥
માજી તો નારેશ્વરમાં સર્વે-સર્વા બની રહ્યાં, સર્વને સૌખ્ય દેનારાં વંદુ રુકમા માતને ॥ ૨ ॥
પૂજ્યશ્રી પોતે પણ, હા ! માજીની આજ્ઞા વિના, કોઈ કાર્ય કરે ના રે ! વંદુ રુકમા માતને ॥ ૩ ॥
નિત્યે હા ! બ્રાહ્મ મુહૂર્ત ઉઠીને અવધૂતજી, માજી ના ચરણે વં દે, વંદુ રુકમા માતને ॥ ૪ ॥
માજીના ચરણે વંદ્યા પછી જ અવધૂતજી નિત્ય કર્મ કરે નિજનું, વંદુ રુકમા માતને ॥ ૫ ॥
આશ્રમ છોડતાં પહેલાં માજીના ચરણે નમે, આજ્ઞા-આશિષ માજીના, વંદુ રુકમા માતને ॥ ૬ ॥
મેળવ્યા પછીજ પોતે આશ્રમ છોડી જાય હા ! ધન્ય છે માતૃભક્તિ એ ! વંદુ રુકમા માતને ॥ ૭ ॥
એક દિ' અવધૂતજી ને રેવાનો પટ ઉતરી જવાનું કંઈ હતું ગામે, વંદુ રુકમા માતને ॥ ૮ ॥
જાતા પહેલાં ગયા પોતે માતૃ ચરણે વંદવા, પરંતુ માજી તો રે... રે... ! વંદુ રુકમા માતને ॥ ૯ ॥
શૌચાલયે સિધાવ્યાં'તાં સમયનું નક્કી નહિં, ક્યારે એ આવશે તેનું વંદુ રુકમા માતને ॥ ૧૦ ॥
સમય તો નો'તો ખાસ રાહ જોતા ઉભા બધા, એટલે સદ્ગુરુ દેવે, વંદુ રુકમા માતને ॥ ૧૧ ॥
માજીની ગાદીને વંદી ત્યાંથી પ્રયાણ આદર્યું, માસ્તર[1] ને કહી પોતે, વંદુ રુકમા માતને ॥ ૧૨ ॥
ત્યાંતો માજી પધાર્યા હા ! શૌચાલયથી સત્વરે, માસ્તરે વિગતે કીધું, વંદુ રુકમા માતને ॥ ૧૩ ॥

---

ટીપ : ૧. શ્રી જગજીવનદાસ અમથાલાલ ગાંધી

Scanned by CamScanner

સહજ રીતે વધા માજી ''અરે ! એનાથી આટલું સહેજ પણ થોભાયું ના ?'' વંદુ રુકમા માતને ॥ ૧૪ ॥
ત્યાંતો પણે નદી મધ્યે નાવડી અવધૂતની એકાએક ગઇ થંભી, વંદુ રુકમા માતને ॥ ૧૫ ॥
ફૂંકાયો જોરથી વાયુ નાવ આગળ ના વધે, મુક્ત હાસ્ય કરી ત્યાંતો, વંદુ રુકમા માતને ॥ ૧૬ ॥
મુક્ત સાદે વધા યોગી ''પાછી વાળો આ નાવડી હવે તો એ નહિં ચાલે, વંદુ રુકમા માતને ॥ ૧૭ ॥
આજ્ઞા લીધા વિના 'મા' ની નિકળ્યો હું ઉદ્દામ હા ! તેનું ફળ આ છે નિશ્ચે'', વંદુ રુકમા માતને ॥ ૧૮ ॥
તે દિ' થી સદ્ગુરુ દેવે અંતરે નિશ્ચય કર્યો, હવેથી પૂજ્ય માજીનાં, વંદુ રુકમા માતને ॥ ૧૯ ॥
આજ્ઞા ને આશીર્વાદ અરે ! લીધા વિના કદી સ્થાનનું છીડું ના છોડું'', વંદુ રુકમા માતને ॥ ૨૦ ॥
એક દિ' મા રુકમામ્બા વઘાર શાકનો, અરે ! કરતાં' તાં ત્યાં તો રે... રે..., વંદુ રુકમા માતને ॥ ૨૧ ॥
ઉના કડકડતા ઘીની તાવડી ત્યાં સરીપડી, માજીના ઘૂંટણે રે... હા ! વંદુ રુકમા માતને ॥ ૨૨ ॥
ઉષ્ણ ઘૃત પડ્યું, જયાં... રે... અસહ્ય દાહ ત્યાં થયો, જલેલો જબરો મોટો, વંદુ રુકમા માતને ॥ ૨૩ ॥
થયો, દાહ અતિ દેતો, તો યે મા રુકમાઇ હા ! જરાયે આહ ! ના કાઢે, વંદુ રુકમા માતને ॥ ૨૪ ॥
દાઝયાની, દાહની પીડા ગણકાર્યા વિના, જરા, બીજું ઘૃત લઈ મા એ, વંદુ રુકમા માતને ॥ ૨૫ ॥
વઘાર્યું શાકને પ્રેમે વદને હાસ્ય રેલતાં, પીડાને પી ગયાં માજી, વંદુ રુકમા માતને ॥ ૨૬ ॥
ભિક્ષા લેવા પધાર્યા હા ! યોગીરાજ સપૂત એ, પ્રેમથી પીરસી ભિક્ષા, વંદુ રુકમા માતને ॥ ૨૭ ॥
હસી-હસી કરે વાતો આગ્રહે પીરસ્યું, અહા ! ખાસ્સીવાર પ્રભુ બેઠા, વંદુ રુકમા માતને ॥ ૨૮ ॥
તોયે માજીના મુખપે દુઃખનીય લકિર હા ! દેખાઇના જરાયે, હા ! વંદુ રુકમા માતને ॥ ૨૯ ॥
ભિક્ષા લૈને પ્રભુ જયારે પધાર્યા આરામમાં, ત્યારે માજીએ બોલાવ્યા, વંદુ રુકમા માતને ॥ ૩૦ ॥
વેગે મોદીજી[1]ને, ત્યાં તો મોદીજી ઝટ આવિયા, મોદીજીને પૂછયું પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૩૧ ॥
''મોદીજી ! દાહને માટે ઠંડુ લેપન છે કંઇ ? જેથી શાંત પડે દાહ'' વંદુ રુકમા માતને ॥ ૩૨ ॥

ટીપ : ૧. શ્રી અમૃતલાલ નાથાલાલ મોદી

એમ બોલી બતાવ્યો હા ! ઘુંટણે દાહ જે પડ્યો, જોતાં ચમક્યા મોદીજી, વંદુ રુકમા માતને ॥ ૩૩ ॥
વેગે દોડ્યા, લઈ આવ્યા, ઠંડુ લેપન તૂર્તએ, લેપતાં મોદીજી પૂછે, વંદુ રુકમા માતને ॥ ૩૪ ॥
''કેવી રીતે દઝાયાં, મા ?'' માજીએ વિગતે કહ્યું, ''તૂર્ત કેમ ન બોલાવ્યો ?'' વંદુ રુકમા માતને ॥ ૩૫ ॥
માજી કહે અરે મોદી ! તૂર્ત બોલાવ્યા હોત તો, મારી આ વેદના જોઈ, વંદુ રુકમા માતને ॥ ૩૬ ॥
પાંડુરંગ દુઃખી થાત, ને આવેશમાં અહા ! શાક ખાવાનું છોડી દે, વંદુ રુકમા માતને ॥ ૩૭ ॥
તેથી મેં બૂમ ના પાડી, દુઃખડું એ સહી લીધું, સૂણતાં મોદીની આંખો, વંદુ રુકમા માતને ॥ ૩૮ ॥
આંસુથી ઉભરાઈને ઉજાસ અંતરે થયો, પ્રગટ્યો પ્રેમનો દીવો, વંદુ રુકમા માતને ॥ ૩૯ ॥
મા અને દીકરા કેરો કેવો પ્રગાઢ પ્રેમ આ ! તાર્કિકો મૂક જ્યાં થાતાં, વંદુ રુકમા માતને ॥ ૪૦ ॥
આવાં વાત્સલ્યની મૂર્તિ, માજીનું ઋણ ફેડવા, ભક્તો એ મનમાં ધાર્યું, વંદુ રુકમા માતને ॥ ૪૧ ॥
પૂજ્ય શ્રી ની લઈ આજ્ઞા પૂજ્ય માજી તણી અહા ! શ્વેત આરસની એક, વંદુ રુકમા માતને ॥ ૪૨ ॥
પ્રતિમા પધરાવી હા ! સુંદર મંદિરમાં તિહાં, ઉપસ્થિતિમાં માજીની, વંદુ રુકમા માતને ॥ ૪૩ ॥
માતૃતીર્થ તણું ત્યાં તો થયું નવ નિર્માણ હા ! દર વર્ષે યોજાયે ત્યાં, વંદુ રુકમા માતને ॥ ૪૪ ॥
ચંડી માતા તણા યજ્ઞો, વૈદિક વિધિઓ થકી, ગવાયે ગરબા પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૪૫ ॥
શ્વેત દૂધ સમી મા ની મૂર્તિ આરસ પહાણની, બિરાજે આશિષ દેતી, વંદુ રુકમા માતને ॥ ૪૬ ॥
ફેડવા માજીનું ઋણ ભક્તોએ અલ્પ યત્ન આ કર્યો છે, ધન્ય ભક્તોને ! વંદુ રુકમા માતને ॥ ૪૭ ॥
છતાંયે ઋણ રુકમાનું ફેડ્યું ના ફેડાય હા ! ઉતારી ચામડી મારી, વંદુ રુકમા માતને ॥ ૪૮ ॥
પાદત્રાણ બનાવીને ઓ મા ! તારા ચરણમાં પે'રાવું તોય ઓછું છે, વંદુ રુકમા માતને ॥ ૪૯ ॥
ધન્ય ! ત્યાગમયી ઓ મા ! ત્યાગી ના શિરતાજને, તેં દીધો જગ ને કાજે, વંદુ રુકમા માતને ॥ ૫૦ ॥
સ્થાનનાં પશુ-પક્ષી ને જીવ-જંતુ પ્રતિ અહા ! કરુણા વહેતી મા ની, વંદુ રુકમા માતને ॥ ૫૧ ॥
દૂધાળાં ગાય-ભેંસોને પ્રેમથી ખવરાવતાં, પક્ષીને ચણનાખે મા, વંદુ રુકમા માતને ॥ ૫૨ ॥



Scanned by CamScanner

લોટ કીડીઓને વેરે, વળી ખાદ્ય પદાર્થ હા ! જલચરો માટે ભેજે, વંદુ રુકમા માતને ॥ ૫૩ ॥
ભુચિયા શ્વાનને માજી જમાડે મિષ્ટ નૂતન, પોતાના હાથથી બનાવી, વંદુ રુકમા માતને ॥ ૫૪ ॥
નાનડાં ભૂલડાં પ્રત્યે મા ને પ્રેમ અગાધ હા ! હતો, તેથી અહા જયારે, વંદુ રુકમા માતને ॥ ૫૫ ॥
બાળકોને જુવે માજી પ્રસન્ન મનમા થતાં, પેંડા-સાકર આપે મા, વંદુ રુકમા માતને ॥ ૫૬ ॥
નરસીનાં બાળકો સાથે પ્રેમથી માજી ખેલતાં, હસી વાતો કરે પ્રેમે, વંદુ રુકમા માતને ॥ ૫૭ ॥
નરસીની દીકરી કેરાં માંએ લગ્ન કરાવિયાં, દહેજમાં દીધું ખાસ્સુ, વંદુ રુકમા માતને ॥ ૫૮ ॥
સ્નેહમયી માજી કેરો ફુવારો દિવ્ય સ્નેહનો, સદાયે ઉડતો ત્યાં તો, વંદુ રુકમા માતને ॥ ૫૯ ॥
અરે ! સંસારના તાપે તપેલા સર્વ જનને શાંતિ દે માજી નો સ્નેહ, વંદુ રુકમા માતને ॥ ૬૦ ॥
માજીના પુણ્ય દેહે હા ! વરસોનાં વરસો સુધી સુખ-શાંતિ દીધાં સૌને, વંદુ રુકમા માતને ॥ ૬૧ ॥
હવે વૃદ્ધત્વને લીધે માજીના દિવ્ય દેહમાં, પ્રવેશ્યા રોગ ને દોગ, વંદુ રુકમા માતને ॥ ૬૨ ॥
બિમારી માજીની સૂણી દાક્તરોની કતાર હા ! ખડી થઇ જાતી તૂર્ત, વંદુ રુકમા માતને ॥ ૬૩ ॥
અરે ! માજીની સેવાર્થે અદ્યતન સાધનો બધાં સારવાર તણાં રે હા ! વંદુ રુકમા માતને ॥ ૬૪ ॥
સ્થાનમાં ગોઠવી દેતા જરાયે ખામી ના રહે, સર્વે સર્વ કરી છૂટે, વંદુ રુકમા માતને ॥ ૬૫ ॥
માજીના સ્વાસ્થ્યને માટે બાધાઓ કંઇ રાખતાં, પ્રાર્થના કરતાં કોઇ, વંદુ રુકમા માતને ॥ ૬૬ ॥
કોઇ તો વળી પોતાના આયુષ્યમાંથી કાપીને, કંઇ વર્ષો માજીને દેતા, વંદુ રુકમા માતને ॥ ૬૭ ॥
ભાવથી એમ ભક્તોના, માજી દીર્ઘ જીવ્યાં, અહા ! શ્રદ્ધા શું ના કરે ભાઇ ! વંદુ રુકમા માતને ॥ ૬૮ ॥
જ્યાં સુધી સ્થાનમાં માજી, બિરાજયા છે રે ત્યાં સુધી, સદ્‌ગુરુ સ્થાનમાં રહેશે, વંદુ રુકમા માતને ॥ ૬૯ ॥
એમ માનીને સૌ ભક્તો માજીના સ્વાસ્થ્ય કાજ હા ! પ્રાર્થતા પ્રભુને ભાવે, વંદુ રુકમા માતને ॥ ૭૦ ॥
પરંતુ માનવી માટે મૃત્યુ તો અનિવાર્ય છે, જન્મ્યું તેને જવાનું છે !, વંદુ રુકમા માતને ॥ ૭૧ ॥
ગ્રીષ્મનો જયેષ્ટનો માસ રે,... રે... ગગન ગોખથી આગને ઓકતો ગોળો, વંદુ રુકમા માતને ॥ ૭૨ ॥



Scanned by CamScanner

દઝાડતો સૌ પ્રાણીને મધ્યાહ્ને નિજ આગથી, શુક્લ પક્ષ તણું વિત્યું, વંદુ રુકમા માતને
પહેલું સપ્તાહ ત્યાં તો હા ! આકાશે તરતી થઈ, નાની-નાની વાદળિઓ, વંદુ રુકમા માતને ॥ ૭૩ ॥
કદી-કદી વરસી જાતી ઠંડો આલ્હાદ આપતી, આજે આઠમને દિને, વંદુ રુકમા માતને ॥ ૭૪ ॥
પ્રાતઃથી માજીનું સ્વાસ્થ્ય વધારે બગડ્યું હતું, ઔષધો બંધ સૌ કીધાં, વંદુ રુકમા માતને ॥ ૭૫ ॥
આજે નવમીને દિને સ્વાસ્થ્ય કંઈ સારું રહ્યું, શ્રીરંગ માજીની પાસે, વંદુ રુકમા માતને ॥ ૭૬ ॥
આવીને, બેસીને કાંઈ મંત્રોચ્ચાર કરે મુખે, સ્નેહની દષ્ટિ નાખીને, વંદુ રુકમા માતને ॥ ૭૭ ॥
કુટિરે જાય પાછા ને ઘડી-ઘડી પૂછયા કરે, માજીના સ્વાસ્થ્યને વિષે, વંદુ રુકમા માતને ॥ ૭૮ ॥
ગઈ દશમ ને આજે નિર્જલા એકાદશી, રે... રે... સાવારથી સાજે, વંદુ રુકમા માતને ॥ ૭૯ ॥
સ્વાસ્થ્ય માજી તણું રે... હા ! વધારે બગડ્યું હતું, દેહ ભાન ગુમાવ્યું'તું, વંદુ રુકમા માતને ॥ ૮૦ ॥
સાંજે માજી તણી સ્થિતી અતિ ગંભીર જોઈને, મોદીજી વેગથી દોડ્યા, વંદુ રુકમા માતને ॥ ૮૧ ॥
આવ્યા શ્રીરંગની પાસે, બોલ્યા જલ્દી પધારોરે... માજી ગંભીર છે માટે, વંદુ રુકમા માતને ॥ ૮૨ ॥
શૌચાલયેથી શ્રીરંગ હમણાંજ નિકળ્યા હતા, સ્નાન-શુદ્ધ થયા વિના, વંદુ રુકમા માતને ॥ ૮૩ ॥
શી રીતે સ્પર્શાય ? રે... માજીના શુભ દેહને..'' રંજ એ રંગને ડંખે, વંદુ રુકમા માતને ॥ ૮૪ ॥
એકાએક અરે ત્યાંતો વાદળી વરસી રહી, કરાવ્યું સ્નાન રંગાને, વંદુ રુકમા માતને ॥ ૮૫ ॥
સાક્ષાત દત્ત સ્વરૂપીએ પુત્રનાં શુભ અંકમાં, છેલ્લો શ્વાસ લીધો માજીએ ! વંદુ રુકમા માતને ॥ ૮૬ ॥
ધન્ય ! વ્યષ્ટિ મટી માજી ! પંચત્વ પામીને હા ! વ્યાપી ગયા સમષ્ટિમાં, વંદુ રુકમા માતને ॥ ૮૭ ॥
ધન્ય ! સાક્ષાત્ પરબ્રહ્મ રંગના શુભ હસ્તથી, અગ્નિદાહ થયો 'મા' ને ! વંદુ રુકમા માતને ॥ ૮૮ ॥
શ્રાદ્ધાદિક ક્રિયા માની શાસ્ત્ર સુસંગ રાખીને, મોરટક્કા જઈ કીધી, વંદુ રુકમા માતને ॥ ૮૯ ॥
માજીને જ્યાં દીધો દાહ, માતૃશૈલ રચ્યો તિહાં, માજીના સ્મરણાર્થે હા ! વંદુ રુકમા માતને ॥ ૯૦ ॥
તે દિને મુંબઈથી હા ! પગે ચાલીને યાત્રીઓ, માજીની મૂર્તી લાવ્યાં, વંદુ રુકમા માતને ॥ ૯૧ ॥
॥ ૯૨ ॥

Scanned by CamScanner

આમ પૃથ્વી તણી પાટે, સાક્ષાત્ અનસૂયા અહા ! પધારી, પ્રેમ અબ્ધિમાં, વંદુ રુકમા માતને ॥ ૯૩ ॥
ઝબોળ્યું વિશ્વને મા એ, રંગ-દત્ત દીધા, અહા ! કલ્યાણ કંઈકનું કીધું, વંદુ રુકમા માતને ॥ ૯૪ ॥
બ્રહ્મમયી જગદમ્બા એ વિલીન બ્રહ્મમાં થયાં, સર્વનું શ્રેય સાધીને, વંદુ રુકમા માતને ॥ ૯૫ ॥
કપરા કાળમાં ક્યારે કાયરતા કાર્પણ્યતા, નથી ધરી તમે ઓ મા ! વંદુ રુકમા માતને ॥ ૯૬ ॥
એકલાં-એકલાં ઓ મા ! વિખડાં-કડવાં-પીધાં, અન્યને અમૃત દીધાં, વંદુ રુકમા માતને ॥ ૯૭ ॥
દુઃખના દાવાનળને ઘોળીને માજી પી ગયાં, અંતઃસ્ત્રોતા બન્યાં માજી, વંદુ રુકમા માતને ॥ ૯૮ ॥
સંસાર-સાગરે થી મા ! સર્વ ખારાશ ખેંચીને, મીઠાશ વિશ્વને દીધી, વંદુ રુકમા માતને ॥ ૯૯ ॥
કોઈનું ના કશું લીધું પોતાનું સર્વ દઈ દીધું ત્યાગનું અમૃત પીધું, વંદુ રુકમા માતને ॥ ૧૦૦ ॥
જગદમ્બા, રુકમામ્બા, અનસૂયા સાક્ષાત્ હા ! ધરાને ધન્યતા આપી, વંદુ રુકમા માતને ॥ ૧૦૧ ॥
અમે ધન્ય બન્યાં માજી ! ધન્ય દર્શન તાહરાં, વંદીને વિરમે 'બાળ' વંદુ રુકમા માતને ॥ ૧૦૨ ॥

ઈતિ શ્રી રંગ ચરણરજ ગોવિન્દોપાધ્યાય રચિત શ્રી રુકમામ્બા સપ્તશતીષાયાં સપ્તમોऽધ્યાયઃ સમાપ્તઃ

જય મા રુકમામ્બા.. ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐૐૐૐૐૐૐૐૐૐ



પૂજ્ય માજીની કુટિર નારેશ્વરમાં



પૂજ્ય માજીની મૂર્તિ પાલખીમાં

## મા રુકમામ્બાની આરતી

જય કરુણા મૂર્તિ... મા ! જય કરુણા મૂર્તિ,
રુકમામ્બા, જગદમ્બા (૨) જય આદ્યાશક્તિ, ૐ જયો જયો મા રુકમામ્બા - ટેક
પ્રગટ્યાં પાલી ગ્રામે, ધન્ય ધરા કીધી... મા... (૨)
ગુર્જરે દેશે વિચર્યા, રેવા તીરે વસીયાં, લીલા કંઈ કીધી - ૐ જયો ૧
શુદ્ધાચાર-વિચારે શમ, દમ, તપ, સાધ્યાં... મા... (૨)
ભૌતિક સુખડાં ત્યાગી (૨) દૈવિક સુખ લાધ્યાં... ૐ જયો ૨
ત્યાગમયી જગદંબા ત્યાગ અજબ કીધો... મા... (૨)
દુનિયાનું દુઃખ હરવા (૨) દીકરો દઈ દીધો... ૐ જયો ૩
શુભ્ર વસ્ત્રથી વેષ્ટિત સાક્ષાત્ સરસ્વતી... મા... (૨)
પદ્માસને બિરાજ્યાં (૨) પોતે શ્રી લક્ષ્મી... ૐ જયો ૪
રંગ-દત્તની માતા સાક્ષાત્ અનસૂયા... મા.. (૨)
દયા કરી દૂર કરજો... (૨) જૂઠી જગમાયા... ૐ જયો ૫



Scanned by CamScanner

પ્રસન્નવદના માજી દર્શને દુઃખ હરતાં... મા... (૨)
મુક્ત હાસ્ય વેરતાં... (૨) સૌને સુખ દેતાં... ૐ જયો ૬
વંદુ વારે-વારે, તુજ ચરણે ઓ મા !... મા... (૨)
'બાળક' તારો વિનવે (૨) સદ્‌બુદ્ધિ દે મા ! ૐ જયો ૭
જય કરુણા મૂર્તિ... મા ! જય કરુણા મૂર્તિ...
રુકમામ્બા, જગદમ્બા (૨) જય આદ્યાશક્તિ, ૐ જયો જયો મા રુકમામ્બા.

- ગોવિંદ ઊપાધ્યાય (પોર-૩૯૧૨૪૩)

જય મા રુકમામ્બા... ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ



શ્રી રુકમામ્બા નિવાસ, શુક્લ કુવાનો ખાંચો,
ગોધરા-૩૮૯ ૦૦૧



શ્રી વિઠ્ઠલ મંદિર, તળાવ પાસે, ગોધરા.
જ્યા પૂ. શ્રી વિઠ્ઠલપંત વળામે પૂજારી હતાં.

**જય મા રુકમામ્બા**

ૐ

## મા રુકમામ્બાની સ્તુતી

સાક્ષાત માતા અનસૂયા રુકમા રૂપે અહીં આવિયાં ને સત્વ શીલ તપ આદરી શ્રીરંગને પ્રગટાવિયા,<br>
એ રંગ અવધૂત રૂપ છે સાક્ષાત દત્તાત્રય તણું, એ રંગ જનની માત રુકમાઇ તણા ચરણે નમું ૧<br>
માત અનસૂયા સતીએ ગુર્જરે-રેવાતીરે આકરાં તપ આદર્યા વિચર્યા પછી ગોદાતીરે,<br>
પ્રગટાવિયા શ્રીદત્તને કલ્યાણ કરવા વિશ્વનુ, એ રંગ જનની માત રુકમાઇ તણા ચરણે નમું ૨<br>
માત રુકમા જનમિયાં મહારાષ્ટ્રમાં રત્નાગિરિએ, ને આકરાં તપ આદર્યા અહીં ગુર્જરે રેવાતીરે,<br>
પ્રગટાવિયા શ્રી રંગને ધનભાગ્ય છે ગુજરાતનું, શ્રી રંગ જનની માત રુકમાઇ તણા ચરણે નમું. ૩<br>
જપ, તપ, તિતિક્ષા વ્રત કરી અંતઃકરણ અજવાળિયું કાઠિણ્યમાં ધીરજ ધરી સાત્વિક જીવન ગાળિયું,<br>
મુખ પદ્મ સમ વિકસી અહા ! પ્રસન્નતા વેરી રહ્યું, એ રંગ જનની માત રુકમાઇ તણા ચરણે નમું. ૪<br>
જેમ માતા અનસૂયા પ્રગટ્યા, તપ્યાં ગુજરાતમાં ને જન્મ આપ્યો દત્તને માહુર ગઢે, મહારાષ્ટ્રમાં,<br>
તેમ રુકમામાત પ્રગટ્યા પાલીમા-મહારાષ્ટ્રમાં ને રંગને પ્રગટાવિયા અહીં ગોધરે-ગુજરાતમાં<br>
એમ આ ગુજરાતનાં તપ ફળ્યાં મહારાષ્ટ્ર ને, સત્વ જે મહારાષ્ટ્રનું આવી મળ્યું ગુજરાતને,<br>
કેવો સમન્વય આ અહા ! ગુજરાતને મહારાષ્ટ્રનો, ઓત-પ્રોત થઇ ગયાં બન્ને સ્વરૂપો દત્તનાં,<br>
એ માત રુકમા-અનસૂયા બે એક જાણીને રમુ, એ રંગ જનની માત રુકમાઇ તણા ચરણે નમું. ૫

* શ્રી રુકમામ્બા પુણ્યતિથિ સંવત ૨૦૪૮, નારેશ્વર

- ગોવિન્દ ઊપાધ્યાય, (પોર-૩૯૧૨૪૩)

ॐ

॥ मातृदेवो भव ॥ ॥ श्रीः ॥ ॥ माता मातैव केवलम् ॥

॥ अथ भगवती-रुक्माम्वापूजनपद्धतिः ॥

आवाहनम् - (१)

मातर्मौनमुपांशुमन्त्रजपनं भूषामणिस्ते मुखे, एका दृष्टिरदृष्टदोषदलने वज्रोपमा सम्मुखे ।
कौर्मी मूर्त्तिरिवाखिलस्य जगतः सन्धारिणी ते तनूस्, तूर्णं सन्निहितास्तु भक्तनिवहैरावाहिताऽऽराधिता ॥

ध्यानम् - (२)

ध्याने मनो विरमतादनिशं त्वदीये, मातर्मुनीन्द्रवररङ्गगुरोर्मदीयम् । यस्मिन्नशेषतमसामपनोदकारी, सम्भासते धवलिमा भवभीतिहारी ॥

आसनम् - (३)

रम्य न कि मम मनोमयमासनं यन्, मातर्गता त्रिभुवनादपि दूर देशम् । प्रेमा तवाऽतिविदिस्तु सुतेषु, यस्माद्आजीवनं नहि जहाथ शिवाय रङ्गम् ॥

पाद्यम् - (४)

दिव्यं पदाम्वुजयुगं नयनाऽम्बुजाभ्यां, मन्द-स्त्रवत्सलिलपूरितनिर्झराभ्याम् । प्रक्षालितं प्रणतिमिः परिपूजितं सद् मातः शिवाय भवतादघभञ्जनं यत् ॥

अर्घः - (५)

दन्याम्वुना च भवतीभजनानुरागरुपेण चन्दनरसेन च शोभमानस् । अर्घं मुदे नियतमर्पयतां निजानां क्षेमाय तेऽस्तु करूणा तरूणा सुतानाम् ॥

मधुपर्कः - (६)

निष्कामता-निरभिमान-निरस्मितानां सन्तोष-तृप्ति-सुख-शान्ति-सुमिश्रितानाम् । पर्कोऽक्षयस्तव तथापि निवेदयामो मातर्मुदेऽथ मधुपर्कमिमं भवत्यै ॥

आचमनम् - (७)

आचाम चारू शुचि शीतलमम्ब वारि विप्राङ्गनाजन-समाहृत-कुम्भचारि । यत् प्रेमरूपमवलम्ब्य समस्तजावहृत्कुम्भमध्यगतमद्य चिरं विभाति ॥

पञ्चानृतस्नानमऊ - (८)

पञ्चामृतानि पयसा मिलितानि दघ्ना स्नेहेन सुष्ठु मधुना सितया च यानि । तदद्य रङ्गगुरूपूजितपादपीठे रुक्माम्बिके स्मपनमागमयामहे ते ॥

Scanned by CamScanner

स्नानम् - (९)

गङ्गा गिरीशतनया-यमुनाऽनवद्या गोदावरी गदहराम्बुरूहास्तथाऽन्याः । नद्यः स्मृताः स्नपनकर्मणि ते प्रवृत्ताः स्वर्गेऽपि स्मपरिचरन्तु सुखाय सत्यः ॥

वस्त्रम् - (१०)

वैराग्यवर्धनपराण्यपि शोभमानान्येतानि ते शुचितराणि शुभाय मातः । वासांसि पूजनविधेः सुषमाभिवृद्ध्यै देवाङ्गनाभिरभितः परिधापयामः ॥

यज्ञोपवीतम् - (११)

त्वं देवी जगतां विधानचतुरा माताऽनसूया, सत यां मूलप्रकृति भणन्ति विबुधा वेदेषु विश्वाकृतिम् ।
सा यज्ञेषु समिज्यसे भगवती यज्ञोपवीतेन ते * दत्तेनेति समर्प्यते जननि ते यज्ञोपवीत शुभम् ॥

चन्दनम् - (१२)

नकोऽपि भौतिकगुणस्तव मोहनार्थं जातुक्षमो जननिदृष्टिपथं प्रयातः । पङ्कस्त्वसौ मृगमदस्य च चन्दनस्य सन्तोषणाय मनसो मम, तेऽर्पितोऽस्तु ॥

अक्षताः - (१३)

भक्तिर्भवोदधितरीर्भगवत्यथाऽऽस्तां रङ्गे सुते, तव, तथा त्वयि चाऽक्षताऽऽस्ताम् । इत्यक्षताञ्जननि ते सितभालदेशे संयोजयामह इमान् सितवस्त्रवेषे ॥

पुष्पाणि - (१४)

माता मही स्वयमियं तव पूजनार्थं नित्यं नवानि कुसुमानि विनोदनार्थम् । सुते, समर्पयति च त्वयि बद्धभावा तान्यादिभूतजननि प्रणयाद् गृहाण ॥

पत्राणि - (१५)

दुर्वाङ्कुराञ्जननि जीवनमङ्गलार्थ वृन्दादलानि भवरोगनिवारणार्थम् । विल्वद्रुमत्रिदलमम्ब समृद्धिहेतोस्तुभ्यं शिवाय च शुभाय निवेदयामः ॥

सौभाग्यद्रव्याणि - (१६)

सौभाग्यचूर्णमयि पूर्णमनोरथानाम् आद्ये सदा सुमनसां शमितव्यथानाम् । रत्नैरनेकविधवर्णविचित्ररुग्भिः सम्पादितं तव निवासभुकि न्यसामि ** ॥

धूपः - (१७)

गन्धद्रुमोत्थमथ गुग्गुल-पायसानां होमात् समुत्थितमिमं हविषां रसानाम् । धूपं दिशामतिशयेन विशोधनार्थं रुक्माम्बिके परि दिशः परिकल्पयामि ॥

* ते = त्वयेत्यर्थः ।        ** असतिस्त्र भौवादिकः ।

दीपः - (१८)

दीपावलीं मदनमोहसमुत्थितस्य धोरस्य देवि तिमिरस्य निवारणार्थम् । मद्बुद्धिभाजनगतां विरलां बुभुत्सारूपां रमोपमगुणे परितो दधामि ॥

नैवेद्यम् - (१९)

मातः पार्थिवतामसैरथ रसैराप्यै रसै राजसैः सौरैः सात्त्विकतैजसैरपि रसैः सम्पादितं स्वादवत् ।
नैवेद्यं बहुधा कलासु कुशलैरम्बालिके पाचितं प्रेमोद्रेकभरेण दीनहृदयेनैतत् पुरो धीयते ॥
प्राणापानमयाः समस्तजगतामन्तः स्थिता वायवो व्यानोदानसमान-नामभिरपि प्रख्यापिताः प्रायवः ।
मातस्तोषमयन्तु तुभ्यमनधे प्रेम्णाऽर्पितेनाधुना नैवेद्येन निवेदितेन सलिलेनाऽऽचम्यमानेन च ॥

पाणिप्रक्षालनादि - (२०)

मातर्वालधिया तवार्चनविधौ मत्त्वेव लेपोद्रमं पानीयेन पयोरूहद्वयनिभं पाणिद्वयं क्षालये ।
ताम्बुलस्य च वीटिकां फलयुतां रागस्य सन्दीपिनीं वैराग्योपगमाय रागरहितां संचर्वितुं चार्थये ॥
(त्वां चर्वितुं चार्थये ॥) (त्वामर्थये चर्वितुम् ॥)

दक्षिणा - (२१)

दाक्षिण्यमक्षतमथ क्षपणाय लोके विघ्नावलेर्जननि तेऽलमतिप्रतिष्ठम् । तस्माद् बुधैः कनकरौप्यमनर्पयित्वा स्वाऽऽत्माऽर्प्यते प्रियतमस्तव दक्षिणायाम् ॥

नीराजनम् - (२२)

सा पालीपुरशोभा जाता जननी या । बालकृष्णगुरूगेहे कन्या कमनीया ॥
नमो नमो मा रुक्माम्बा ॥
अत्रिमिवात्मस्वामिन-मनसूयेव पुरा । विठ्ठलवरमुपयेमे, यं प्रणमन्ति सुराः ॥
नमो नमो मा रुक्माम्बा ॥
दत्तमिवात्मजमनघा, प्रथमं पुण्यतमा । रङ्गमसङ्ग सुषुवे, जननी धन्यतमा ॥
नमो नमो मा रुक्माम्बा ॥

Scanned by CamScanner

नारायणगुणनिलयं, नारायणमपरम् । जनयित्वाऽजनि सुखिनी, या कविमात्पवरम् ॥
नमो नमो मा रुक्माम्बा ॥

रङ्गतपःकेशवधृत-रथचरणेन सता । सुरक्षिता क्षितिमखिलां, लालयति स्म सदा ॥
नमो नमो मा रुक्माम्बा ॥

पतिसुतविरहज्वाला-जग्धमनीषाणाम् । ज्ञानजलेनाऽशमयत् तापमनीशानाम् ॥
नमो नमो मा रुक्माम्बा ॥

धरणिरिवाद्भुतधैर्या, वीरसुताऽविचला । निजधर्मे धृतधिषणा, व्रत-जप-दान-बला ॥
नमो नमो मा रुक्माम्बा ॥

वेदमयी ब्रह्मणि या, नियतं रममाणा । भुवनत्रमपि महसा, तरसा क्रममाणा ॥
नमो नमो मा रुक्माम्बा ॥

रुक्माम्बाऽवति धरणीं, रुक्माम्बाऽथ दिवम् । जगदम्बा जगदखिलं, कुरूते सर्वशिवम् ॥
नमो नमो मा रुक्माम्बा ॥

## मन्त्रपुष्पांजलिः ।

मातस्त्वम्महिमानमद्यसुधियामग्रेसरः कः प्रभुर, गातुं येन सुमङ्गलं क्षितितले जायेत सत्प्राणिनाम् ।
रुक्माम्बति-पदं हि केवलमिदं शक्तं तथा रक्षणे, यत् कर्णागतमाशु रक्षति जनं संसारदावानलात् ॥ १ ॥

श्रीशैलेन्द्रावतीर्णा विगंलितविमलाम्भः प्रवाहा प्रणम्या, मारुक्माम्बाभिधाना श्रुतिधरजनतापावनी काऽपि गङ्गा ।
मातर्येनास्तिलब्धा तवपदकमलान्निर्गता गीयमाना, तस्यानम्दस्य वृद्धौ गलितकलिमलां स्वानुकम्पां कुरूष्व ॥ २ ॥

मातस्तव स्मरणमेतदनन्तकालम्, भूयादिति स्थिरतया सुविचिन्त्य सिद्धः । रङ्गो गुरुर्यमकरोत् स्मृतिशैलमाद्यम्, तस्मै नमोऽस्तु भवदियनिवासनाय ॥३॥

वेदाः समे सममुपेत्य तव प्रतिष्ठाम्, शास्त्रैः समस्तनिगमागम्सङ्गवद्धिः । चक्रुः स्वयं भगवती करुणाम्बुराशिः सा स्वीकुरुष्व चरणप्रणतान्निजान्नः ॥४॥

मातर्मतिर्मनुजमात्रगता चलाऽऽस्ते । तस्याः स्थितिः प्रतिपलं स्मरणात् त्वदीयात् । भूयादतो गुरुवरप्रणतप्रतिष्ठो, नित्यस्थिरोऽयमचलः स्मृतिशैल आस्ताम् ॥५॥
भालोदितां तवकथां समयेऽनुकूले, यश्चाऽऽपठेदतुलभक्तियुतो वदान्यः । तस्यापि मातरुदयो भुवि नित्य मास्ताम्, निःश्रेयसं च परमं स ततोऽभियायात् ॥६॥

इति पण्डित म.व. उपाध्याय विरचिता श्री भगवती रुकमाम्बापादपूजनपद्धतिः समाप्ता ।

ॐ

## अभ्यर्थना *

ललिताम्बा भूयादसुखदा[1] ललिता मे भूयात् ॥धृ०॥

धृता[2] मनोऽरेर्नेमिः शीर्णा (२) ययाऽत्र सा भूयादसुखदा० ॥१॥

चक्रस्था सा भक्तार्तिहरा (२) क्व च मे दृशमीयादसुखदा० ॥२॥

मातृदुत्सङ्गेऽहं रंस्ये (२) स्वप्नः सफलः स्यादसुखदा० ॥३॥

अहितं किं मे किं च हितं मे (२) स्पष्टं मे बूयादसुखदा० ॥४॥

धावत दीना धावत सुखिनः (२) म शङ्का वः स्यादसुखदा० ॥५॥

चित्सुखदा सा मे रङ्गाम्बा (२) दूरं नो यायादसुखदा० ॥६॥

श्रुत्वैव प्रादुर्भूयैवं (२) वरदा मे भूयादसुखदा० ॥७॥

- रङ्ग अवधूत.

१ (अ) असुखं दुखं दाति कृन्तति इति (दुःख काटनेवाली) (ब) असुखं नास्ति सुखं यस्मात् (जिससे बढकरकोइ सुख नही ऐसा सुख सर्वश्रेष्ठ सुख) तद् ददाति यच्छति इति. (क) असून प्राणान् खानि इन्द्रियाणि ददाति इति (प्राणिमात्रमें चेतना भरनेवाली),

२ मानसचक्र.

* નૈમિષારણ્ય માં પૂ. શ્રી ને પૂ. માજીનાં દર્શન થયાં ત્યારે રચેલ. તા. ૧-૮-૬૮

## क्लीं

પહેરી લીધા વીંટલા, તારા હો અંબે,
માડી, તારા હો અંબે;
કોણ કાઢે આંખ સામે, કાળ જ્યાં કંપે ...... ટેક૦
શુંભ નિશુંભો કામાદિક સૌ જોઈને ત્રાસે
માડી, જોઈને ત્રાસે;
મહિસાસુર અજ્ઞાન બાપડું, મુઠ્ઠી દઈ નાસે... પહેરી.
જોઈ તારુ મુખડું હૈયું આનંદે નાચે;
માડી આનંદે નાચે;
રિદ્ધિ સિદ્ધિ હાથ જોડી, બારણે યાચે... પહેરી.
નિત નૂતન શું રૂપ તારું કોટી રવિ રાજે,
માડી, કોટી શશિ રાજે;
દોડે સિંહે વીજળી વેગે ભક્તોને કાજે... પહેરી.
રાખ રંગ આ કટોકટીમાં, સંકટ નિવારી;
માડી, સંકટ નિવારી;
* શક્તિપાત કરી ભારતમાં રિપુદલ સંહારી... પહેરી.

- રંગ અવધૂત

* ૧૯૬૫ માં (કા.શુ.૯, વિ.સં. ૨૦૨૨) અંબાજી મુકામે ઉજવાયેલ પૂ.શ્રૂ ની જન્મજયંતીના આરસામાં જ પાકિસ્તાને ભારત સામે યુદ્ધ જગવ્યું હતું તે પ્રસંગે આ ગરબાની રચના થઇ હતી.

Scanned by CamScanner

ૐ

# રુકમામ્બાની ધૂનો

(રાગ - જય જય ગુરુ મહારાજ ગુરુ...)

જય જય રુકમામ્બા માત, જય જય અનસૂયા સાક્ષાત ૧
જય જય કરુણામૂર્તિ માત ! આવ્યો શરણે ઝાલો હાથ. ૨
જય જય રુકમામ્બા દયાળ ભક્તણાં પ્રતિપાળ.

-------- ૐ --------

(રાગ દત્તઅવધૂત તકી જય... શ્રીપાદ...)

માજી રુકમાકી જય, રંગ જનની કી જય, કરુણામૂર્તી કી જય જય જય જય જય

-------- ૐ --------

જય જય કાર... જય જય કાર, રુકમામ્બાનો જય જય કાર.
રેવામાનો જય જય કાર, રુકમામ્બાનો જય જય કાર
જય જય કાર, જય જય કાર, નારેશ્વરનો જય જય કાર.

-------- ૐ --------

મુખથી બસ એકજ ઉચ્ચાર, રુકમામ્બાનો જય જય કાર ૧
દિન-દુઃખિયાનાં તારણહાર, રુકમામ્બાનો જય જય કાર ૨
ભક્તોનો એક જ આધાર, રુકમામ્બાનો જય જય કાર ૩

Scanned by CamScanner

ૐ

॥ શ્રી ॥

## ॥ શ્રી રુકમામ્બા પૂજનવિધિ ॥

(રાગ... જેના મુખમાં રામનું નામ નથી, સાખીના આંતરા સાથે)

### (૧) - આવાહનમ

જે સચરાચર જગમાં વ્યાપ્યાં છે, વ્યાપિત સઘળે જગદંબા, જેના અંકે સહુ બાળ સૂતાં, જે પ્રાણથી પણ પાસે અંબા.
એના આવાહન તણી શી કરવી અંહી વાત ! તોયે આવાહન કરું આવો રુકમામાત - ૧

### (૨) - ધ્યાનમ

જેની કંચનસમ કાય અહા ! વેષ્ટિત છે વસ્ત્રે શુભ્રઅહા ! જેના નયનોથી નિરંતર હા ! નિતરતી આશિષ ધાર. અહા !
પદ્માસને બિરાજતાં પદ્માસમ સાક્ષાત, સ્વયં શારદા, અનસૂયા, વંદુ રુકમા માત.
જેના ઉદરેથી અવતરિયા, શ્રીરંગ પરાત્પર બ્રહ્મ અહા ! જેણે જગકાજે જંગલમાં, વસવાટ કીધો, જે શક્તિ પરા.
એવાં રુકમામાતના દિવ્ય સ્વરૂપને ધન્ય ! ધ્યાનથી ધારું હૃદયમાં પામું સૌખ્ય અનન્ય - ૨

### (૩) - આસનમ

જેના અંકે સહું ભક્ત સૂતા, તેને હું શું આસન આપું ? જે શરણાગતને શાંતિ દે, તેને રે ! હું ક્યાં બેસાડું ?
તોયે મારું હૃદય મેં ભક્તિ-ભાવથી એમ શણગાર્યું જગદંબા હે ! આવી બિરાજો તેમ - ૩

### (૪) - પાદ્યમ

સાક્ષાત્ પરબ્રહ્મ શ્રી અવધૂતજી, જે ચરણોમાં વંદન કરતા, જે ચરણોનું સ્મરણ કરતાં, આધિ, વ્યાધિ દૂર થઇ જાતા.
પાદ-પદ્મ એ પુનિત હા ! રુકમામ્બાનાં ધન્ય ! પ્રક્ષાલન પ્રેમે કરું, હૈયે મોદ અનન્ય - ૪



Scanned by CamScanner

(૫) - અર્ઘ્યમ

ગંધાક્ષત-પુષ્પ વળી શુદ્ધ, જલ તામ્રતણા પાત્રે લીધું, અંતરના અંતઃસ્થલથી, મા ! મુજ કર્મ શુભાશુભ ઘોળી દીધું.
પાપ-પુણ્ય મમ જેહ, મા ! કર્મ શુભાશુભ તેમ, અર્પુ અર્ઘ્ય તુજ ચરણમાં, સ્વીકારી કર ક્ષેમ - ૫

(૬) - મધુપર્ક

તુજ દર્શનથી હે રુકમામ્બા ! જે સુખ, શાંતિ, સંતોષ મળ્યાં, આનંદ મળ્યો, મુજ ગર્વ ગળ્યો, ને વિષય-વિકારનાં મૂળ ગયાં.
વિષય-વાસના દૂર થતાં થયું હૃદય જે શાન્ત. તેનો શુભ મધુપર્ક આ સ્વીકારો હે માત ! - ૬

(૭) - આચમનમ

લાવ્યો જલ દિવ્ય સુગંધિત આ, તિર્થોદક મિશ્રિત આજ કરી, જે શીતલ, શુદ્ધ, પવિત્ર અતિ, શાંતિ સ્ફુર્તિ દેનાર વળી.
તીર્થોદકથી પણ અહા ! શુદ્ધ છે તમ આચાર, તો'યે શુદ્ધોદક તણું આચમન લો આ વાર. - ૭

(૮) - પચામૃત સ્નાનમ

લાવ્યો હું ગૌરી ગાય તણું, અતિ શુદ્ધ દહીં, ઘૃત, દુગ્ધ, અહા ! મધ ને સાકર મિશ્રિત કીધી, તે સ્નાન કરાવું દિવ્ય અહા !
પંચશીલથી ચમકતી ઓ મા ! તારી કાય, પંચામૃતનો અર્થ શો ? તોય ધરું ઓ માય ! - ૮

(૯) - સ્નાનમ

જલ લાવ્યો મા ! તુજ સ્નાનાર્થે, ગંગા જમનાં ને રેવાંના, પ્રેમે હું સ્નાન કરાવું મા ! કરી ભાવ પ્રગટ મુજ હૈયાના.
પવિત્રતા સાક્ષાત્ તું સ્વયં સ્નાત હે માત ! તોય કરાવું સ્નાન આ, ધન્ય બને મુજ જાત. - ૯

(૧૦) - વસ્ત્રમ

જેણે એકજ શુભ વસ્ત્રે હા ! વેષ્ટિત કીધી છે કાયાને, જેણે જગના સહુ રંગ ત્યજી, મનથી મારી છે માયાને.
વસ્ત્ર-વાસના ના જરા, દિવ્ય દિગંબર રુપ, તેને વસ્ત્રો અર્પીને પામું સુખ અનુપ. - ૧૦



Scanned by CamScanner

(૧૧) - યજ્ઞોપવીતમ

ત્રણ તંતુમાં જ્યાં વાસ કરે, બ્રહ્મા, વિષ્ણુ ને સદાશિવ હા ! તે ત્રીશ[1] તણી જનની ને રે ! ઉપવીત અરપું શેં આજ અહા !
બ્રહ્મા, હરિ હર જન્મલે, જેના ઉદરે ધન્ય ! તેને હું ઉપવીત હા ! ધરું મૂઢ, જઘન્ય ! - ૧૧

(૧૨) - ચંદનમ

કેસર, કસ્તુરી બરાસ તણું ચંદન હું ઘસીને લાવ્યો છું, તેજસ્વી દિવ્ય લલાટે મા ! અર્ચન કરતાં હરખાયો છું.
ચંદન સમ જેણે ઘસી પરાર્થે નિજ કાય, મઘ-મઘતી એ કાય ને શેં ચંદન લેપાય ? - ૧૨

(૧૩) - અક્ષતઃ

પરબ્રહ્મ સ્વરુપિણી જગદંબા, રુકમામ્બા સાક્ષાત્ અનસૂયા, જે આત્મા અક્ષત અવિનાશી તેના આનંદે મસ્ત સદા.
તેને હું અક્ષત ધરું દિવ્ય તિલકપર આમ, વિડંબના સહું વ્યર્થ છે, શ્રદ્ધાનું આ કામ. - ૧૩

(૧૪) - પુષ્પાણિ

મુજ જીવનની ફૂલવાડી થી, મુજ કર્મ શુભાશુભનાં ફૂલડાં, અર્પણ હું આજ કરું ઓ મા ! સ્વીકારો રુકમા રઢિયાળા.
વિધ-વિધ રંગ-સુગંધનાં ફૂલડાં લાવ્યો માત, તુજ ચરણે અર્પણ કરી ધન્ય કરું મુજ જાત. - ૧૪

(૧૫) - પત્રાણિ

મુજ જીવનને મંગલ કરવા દુર્વાંકુર અરપું માત ! તને, મોક્ષાર્થે તુલસીદલ અર્પું, રક્ષો મા ! ભવબંધનથી મને.
રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિને મેળવવાને માટ, બિલ્વપત્ર અરપું તને સ્વીકારો ઓ માત ! - ૧૫

(૧૬) - સૌભાગ્ય દ્રવ્યાણિ

સૌભાગ્ય. તણાં દ્રવ્યોમાં, મા ! તુલસીદલ, ચંદન પુષ્પ ધરું, જેની સાત્વિક સુગંધે મા ! મુજ જીવન, જન્મ કૃતાર્થ કરું.
ભાગ્યની ભોગળ ભાગીને દિવ્ય સુભાગ્યને કાજ, ઓ માજી ! અરપું તને તુલસી-ચંદન આજ. - ૧૬

---

ટીપ : ૧. ત્રણ દેવો = શ્રી દત્ત = શ્રી રંગ

Scanned by CamScanner

(૧૭) - ધૂપમ

પરમાર્થીક સાત્વિક વૃક્ષ તણો, રસ દિવ્ય સુગંધિત જેહ અહા ! ગુગલાદિક, તેને અગ્નિમાં, નાંખી પ્રસરાવું ધુમ્રસરા.
કંચનસમ નિજ કાયને તપથી જલાવી આંહય, જેણે જગ મહેકાવિયું, તેને ધૂપ શેં થાય ? - ૧૭

(૧૮) - દીપમ

જે માજી એ સહુ ભક્ત તણા, હૃદયે પ્રગટીને પ્રકાશ કર્યો, જેણે હૃદ-તિમિર હટાવ્યું હા ! અજ્ઞાન રુપી અંધકાર હર્યો,
તેને ઘૃત દીપક ધરું રાખી દૃઢ વિશ્વાસ માજી ! તિમિર હઠાવીને કરજો હૃદય પ્રકાશ. - ૧૮

(૧૯) - નૈવેદ્ય

વિધ-વિધ મિષ્ટાન્ન અને મેવા તુજ નૈવેદ્યાર્થે હું લાવ્યો, રસથી ભરપૂર, મધૂર, તાજાં લાવ્યો ફળ ઓ મા ! આરોગો.
વિશ્વંભરી જગદમ્બાનું શાકંભરી તું માત, શું અર્પું નૈવેદ્ય હું ? છે શ્રદ્ધાનો સાદ. - ૧૯

(૨૦) - પાણિ પ્રક્ષાલનાદિ

શુદ્ધોદક ઝારી ભરી લાવ્યો, તુજ મુખ-કર ધોવાને ઓ મા ! પ્રક્ષાલન આજ કરો પ્રેમે, મારાં સહું પાપ પખાળો મા.
લવિંગ, તજ, તુલસી અને એલાચીનું ચૂર્ણ, સ્વીકારો મુખવાસમાં કરો ભાવના પૂર્ણ - ૨૦

(૨૧) - દક્ષિણા

ઓ મા ! મૂજ અંગ થકી મારું, આ ચર્મ બધું ઉતારીને, તુજ ચરણોમાં પહેરાવું, મા ! એના પાદત્રાણ બનાવીને.
તોયે તુજ ઉપકારનો બદલો ન વળે માય, દક્ષિણામાં મા તને અરપી દઉં મુજ કાય. - ૨૧

(૨૨) - નીરાજનમ

જય કરુણા મૂર્તિ... મા ! જય કરણા મૂર્તિ, રુકમામ્બા, જગદમ્બા (૨) જય આદ્યાશક્તિ.
ૐ જયો જયો મા રુકમામ્બા. - ટેક

પ્રગટ્યા પાલી ગ્રામે, ધન્ય ધરા કીધી... મા... (૨) ગુર્જર દેશે વિચર્યા, રેવા તીરે વસિયાં, લીલા કંઇ કીધી-
ૐ જયો જયો મા રુકમામ્બા - ૧





Scanned by CamScanner

શુદ્ધાચાર-વિચારે શમ, દમ, તપ સાધ્યાં... મા... (૨) ભૌતિક સુખડાં ત્યાગી, (૨) દૈવિક સુખ લાધા-
ૐ જયો જયો મા રુકમામ્બા - ૨

ત્યાગમયી જગદંબા, ત્યાગ અજબ કીધો, મા... (૨) દુનિયાનું દુઃખ હરવા. (૨) દીકરો દઈ દીધો -
ૐ જયો જયો મા રુકમામ્બા - ૩

શુભ્રવસ્ત્રથી વેષ્ટિત સાક્ષાત્ સરસ્વતી... મા.. (૨), પદ્માસને બિરાજયાં (૨) પોતે શ્રી લક્ષ્મી -
ૐ જયો જયો મા રુકમામ્બા - ૪

રંગ-દત્તની માતા સાક્ષાત્ અનસૂયા... મા... (૨) દયા કરી દૂર કરજો (૨) જૂઠી જગ માયા -
ૐ જયો જયો મા રુકમામ્બા - ૫

પ્રસન્ન વદનાં માજી દર્શને દુઃખ હરતા... મા... (૨) મુક્ત હાસ્ય વેરંતા (૨) સહુને સુખ દેતાં..
ૐ જયો જયો મા રુકમામ્બા - ૬

વંદુ વારે-વારે તુજ ચરણે ઓ મા ! ...મા... (૨) 'બાળક' તારો વિનવે (૨) સદ્‌બુદ્ધી દે મા !
ૐ જયો જયો મા રુકમામ્બા - ૭

જય કરુણામૂર્તિ... મા ! જય કરુણામૂર્તિ, રુકમામ્બા, જગદમ્બા, (૨) જય આદ્યાશક્તિ -
ૐ જયો જયો મા રુકમામ્બા

## (૨૩) - મંત્રપુષ્પાંજલિ

વિધ-વિધ રંગી પુષ્પો કેરી, અંજલિભરી હું ઉભો છું મા ! તુલસી, દૂર્વા, બિલ્વાદિકનાં પત્રો પણ સાથ લીધાં છે, મા !
ભાવભરી પુષ્પાંજલિ ધરી શ્રદ્ધા હદ માંહ્ય અરપું મા રુકમા તણાં દિવ્ય ચરણની માંહ્ય. - ૨૩

## (૨૪) - અભ્યર્થના

કર દ્વય જોડી વિનવું તુજને રુકમામ્બા હે જગદમ્બા મા ! હું દીન, અનાથ, અધૂરો છું, આવ્યો છું તુજ શરણે ઓ મા !
જલ તરછોડે માછલું શેં જીવે જલ જાત ! તું તરછોડીશ માત ! તો થાશે મારો ઘાત,



Scanned by CamScanner

કદી ચાલતાં બાળ પડે તો મા એ હાથ ગ્રહી તેડી લે છે, ત્યમ ઓ મા ! હું ગબડેલો છું, મુજ હાથ ગ્રહી ઉભો કરી દે.
જગ-તરછોડ્યા બાળને એક માતની સહાય, ત્યમ હું મા રુકમા વિના બીજે જાઉં ક્યાંય ? - ૨૪

ગોવિંદ ઊપાધ્યાય (પોર-૩૯૧૨૪૩)

ઈતિ શ્રી રુકમામ્બા પૂજનવિધિ સમાપ્તા ।

જય મા રુકમામ્બા.. ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

ૐૐૐૐૐૐૐૐૐૐ



પૂજ્ય માજીનાં ચરણોનું પૂજન.

# શ્રી રુકમામ્બાપ્રણતિ (અનુવાદ)

રુકમામ્બાયશરાશિ ક્યાં ? ક્યાં મારી લઘુપાત્રતા ? આરંભુ ચિત્તશુદ્ધ્યર્થે, રુકમામ્બાને નમું નમું. ૧.
શ્રીરૂપ રુક્મિણીરૂપ, વિઠ્ઠલેશ્વરવલ્લભા;સાક્ષાત ચિત શક્તિરૂપા એ રુકમા૦ ૨.
પાલી ગામે લઈ જન્મ, કાશી નામ ગૃહે ધર્યું; પુણ્યશાળી પિતામાતા, રુકમા૦ ૩.
બાલ્યથી સદ્વ્રતો પાળી, તપ એવું તપ્યાં તમો; સ્વયં સિદ્ધિ મળી તેથી રુકમા૦ ૪.
સુશીલ દક્ષ ને સીધાં, શૂચિર્ભુત દઢવ્રત; અવધૂત તણી માતા, રુકમા૦ ૫.
રંગહર્ષદ ને દાન્ત, દર્શનીય પ્રિયંવદા, વર દેતી ધર્મમાતા, રુકમા૦ ૬.
આકૃતિ વચને કર્મે, સાધ્વી સતી પતિવ્રતા; પ્રેરણા પુણ્યશાળીની રુકમા૦ ૭.
રેણૂકા અનસૂયા ને દેવકી દેવહૂતિ શાં; વિભૂતિ દૈ ગયાં એવાં, રુકમા૦ ૮.
સંસારથી તપેલાંની ગોદ શીળી શિવપ્રદ; વાત્સલ્ય નિર્મળું જેનું, રુકમા૦ ૯.
દયાર્દ્ર કરુણામૂર્તિ, પ્રાણીનાં પ્રીતિપાત્ર જે; વસુધાકુલમાતા જે, રુકમા૦ ૧૦.
અનેક શરણાર્થી ને મુક્ત દુઃખ થકી ક્યાં; જીવાડ્યાં આયુ દૈ કો'ને રુકમા૦ ૧૧.
સંતતિનેય પાળીને પ્રેમથી નરસિંહની; પ્રવાહાસ્ર કર્યું કર્મ, રુકમા૦ ૧૨.
વડોદરા તણા સંઘે, પાદુકા કાજ પ્રાર્થતાં; સંતોષ્યા તે અપાવીને રુકમા૦ ૧૩.
બન્યા જે ભૂલના ભોગ, સંત-સાત્વિક રોષથી; ક્ષમા આપી કરી રક્ષા, રુકમા૦ ૧૪.
દરિદ્રો પિડિતોને યે, વિશેષે કોઢરોગીને; સંતોષ્યા અન્નથી જેણે, રુકમા૦ ૧૫.
અનેક ગામના વિપ્રો, ભિક્ષુકોય ઘણા વળી; સંતોષ્યા અન્ન ને વસ્ત્રે, રુકમા૦ ૧૬.
દીધાં અનેકને પાત્રો ચાંદીનાં ધન, ગો વળી; શિષ્યવૃત્તિ અનેકોને રુકમા૦ ૧૭.

Scanned by CamScanner

દ્વારકાધીશના ધામે, ગિરિએ દત્તપાદુકા દર્શનાર્થે કરી યાત્રા રુકમા૦ ૧૮.
માતૃદેવપદે વંદી, અનુજ્ઞા મેળવી સદા; રંગદેવે કર્યાં કાર્ય, રુકમા૦ ૧૯.
વસી નારેશ્વરે, થાતાં નિમિત્ત લોકસંગ્રહે, ઉપકાર ઘણો કીધો, રુકમા૦ ૨૦.
માતૃતીર્થ નવું, જેના નિમિત્તે જ બન્યું તહીં; નારેશે નર્મદાકાઠે, રુકમા૦ ૨૧.
માતા માતા જ છે ફક્ત, માથી ના શ્રેષ્ઠ દૈવત; મારૂં એ શરણું સાચું, રુકમા૦ ૨૨.
તારૂં છે જો બધું આંહી, હું તને અર્પી શું શકું ? અર્પું મારૂં ગણ્યું તે તે રુકમા૦ ૨૩.
આવાહન અને પૂજા-પદ્ધતિ જાણતો નથી; પ્રેમપુષ્પો સ્વીકારી લો, રુકમા૦ ૨૪.
સ્થિર હો ભક્તિ મારી આ, દત્ત ને સદ્‌ગુરુ વિષે, તારી કૃપા થકી માડી ! રુકમા૦ ૨૫.
લીલા અદ્‌ભુત છે જેની, ભોગમોક્ષજયપ્રદ; સર્વમંગલમાંગલ્ય, રુકમા૦ ૨૬.

વડોદરા, વિ. સં. ૨૦૨૪. જયંતીલાલ શંકરલાલ આચાર્ય

## શ્રી રુકમામ્બા સ્તુતિ

ઓ રુકમામ્બા શાં શાં ગુણો તારા અમે ગાઈએ ? (૨), તું રંગ અવધૂતની માતા છે તું અમને પ્રેરણાદાતા છે.
તું ભક્તિમાં ભરપૂર હતી તું કાર્યોમાં શૂરવીર હતી, નિજ માતાને ના કોઈ ભૂલે તેમ માજીને ના ભક્ત ભૂલે
ઓ રુકમામ્બા શાં શાં...
તું નારેશ્વરની રખવાળી, વર્ષોથી ત્યાંજ અખંડ રહી, એકાદશીએ એનો દેહ ત્યજી, પણ આત્માએ તો અમર રહી
સહુ ભક્તો ગુણ તારાં ગાશે, રંગ અવધૂતજી પ્રસન્ન થશે, અંબિકા સમ પૂજશે તુજને, પરચાં આપી સુખી કરશે
ઓ રુકમામ્બા શાં શાં...



Scanned by CamScanner

## માયા લગાડી *

નારેશ્વરનાં જંગલમાં તેં માયા લગાડી,
માડી ! માયા લગાડી;
રુકમામ્બા તારી છે શક્તિ, અમને જગાડી... ટેક
જનમ જનમનાં પાપી અમે, સુઝે ના કાંઇ;
માડી ! સુઝે ના કાંઇ;
અંધારમાં અથડાઇને પડે ખાઇ માંહી,
દયા કરીને રુકમામ્બા તેં હાથે ઉઠાડી;
માડી ! હાથે ઉઠાડી -૧
નર્મદાનું સ્નાન કરાવી પાપોને ધોઇ,
માડી ! પાપોને ધોઇ,
મનનાં મેલાં ધોઇ નાંખ્યાં, શુદ્ધિમાં લાવી;
રંગ અવધૂતનું તે દર્શન દેખાડી.
માડી ! દર્શન દેખાડી -૨

હવે ન કાઢી મૂકો, માડી ચરણોમાં રાખી;
માડી ચરણોમાં રાખી;
સેવાનો એ લાભ આપો, અવગુણને ઢાંકી
**સ્વામીપ્રસાદ** મૂઢ બાળક પાસે બેસાડી;
માડી ! પાસે બેસાડી -૩

વાઘોટે, વિ. સં. ૨૦૨૪ સ્વામીપ્રસાદ (પુણે)



* મુંબઇ થી નારેશ્વર પૂજ્ય માજીની પ્રતિમા પાલખી લઇને આવેલા પદયાત્રીઓ સાથે વાઘોટે મુકામે રચાયેલ ભજન



Scanned by CamScanner

# રુકમાબાવની

જય જય જય રુકમામ્બા માત ! જય જય જગદંબા સાક્ષાત ! ભગવદ્ ઈચ્છાથી મહારાષ્ટ્ર, તજી વસ્યાં આવી ગુજરાત.
વિઠ્ઠલ પંતને માને દેવ ! કરતાં પ્રેમે પતિની સેવ, તપ કીધાાં તેં અપરંપાર ! કૂખે વિઠોબા અવતાર !
સંકટ કંટક આવ્યાં બહું, જીવનપંથે સહીયાં સહું, ખેલ્યાં છો જીવન સંગ્રામ, ધરી તિતિક્ષા હૈયે હામ ! ૬
તુલસીપૂજા નિત્ય કરી, લાખો પરિક્રમાઓ કરી, વ્રત-જપ-દાન અને ઉપવાસ, રુકમા પ્રેમે કરતાં ખાસ.
ગો પૂજા અતિથિ સત્કાર, પાળ્યો કડકડતો આચાર ! હડહડતા આ કલિયુગમાંહ્ય, સ્વધર્મ પાલન કીધું આંહ્ય
પંથ ભૂલ્યા નારી જગ પાસ, મા રુકમાનું પ્રદાન ખા, નારાયણને કારણ અહીં, આવી વસ્યાં નારેશ્વર મહીં.
માતાને કારણ શ્રીરંગ, રહ્યા અહિં તોયે નિઃસંગ ! 'માતા' સુપ્રીમ કોર્ટ ગણી, આજ્ઞા કદીયે ના અવગણી. ૧૪
દ્રવતાં સૂણી દુઃખનો સાદ, કંઈ ભક્તોનાં બન્યાં લવાદ ! પ્રાણી માત્રે ભાળે દેવ ! સર્જન માત્રની કરતાં સેવ.
શ્વાન ભક્તનો આવ્યો કાળ, બુચીયાની લીધી સંભાળ ! ચોર્યાસીઓ કૈંક કીધી, સાધુસંત મઠ આશ્રમ સુધી.
પારિતોષિક વિદ્યાદાન, ને દીધાં કંઈ કન્યાદાન ! શંકર, કપિલ પરશુરામ, જે કો માતૃભક્ત તમામ
તેવાં આ કાલિકાળ મહીં, રંગ ગુરુવર પ્રગટ્યા અહીં, ઉચ્ચ સિદ્ધ કોટીના સંત ! માતૃસેવ કરે ધરી ખંત !
'માતા જેવું દૈવત નહીં !' મળશે ના ત્રિભુવનમાં કહીં ! પુત્ર કદાપિ કપુત થાય, 'માત તો માતા જ સદાય'
એ સુત્રો પ્રસ્થાપિત કરે, માતૃભક્ત અવધૂત ખરે શક્તિપીઠ કીધું નિર્માણ ! જે વિધિ વર્ણવ્યો અગ્નિપુરાણ
શ્રી યંત્રાદિ સ્થાપન કર્યાં, શ્રેય પ્રેય દેતાં એ નર્યાં ! માતૃશૈલ તીર્થોનો તાજ ! રંગે નિર્મ્યું ભક્તો કાજ !
બીજું માતૃતીર્થ અહીં, સિદ્ધપુર નારેશ્વર મહીં. નિજ શક્તિ સામર્થ્ય સહું, રેડ્યું રંગે અહીં શું કહું !
પરિક્રમા એની જે કરે, તેના પૂર્વજ નિશ્ચય તરે ! અનુષ્ઠાન અહીંયા જે કરે, તેની મનીષા સત્વર ફળે !
રંગે દીધાં છે વરદાન, સુણો સર્વે ખોલી કાન ! શ્રેષ્ઠો કરતા જે આચાર, બહુજન કેરો તે આધાર ! ૩૪



Scanned by CamScanner

મોરટક્કામાં શ્રાદ્ધ કરી પરંપરાની રક્ષા કરી ! દત્તભક્તિનો શિલાન્યાસ, કીધો વાસુદેવે ખાસ.
ભવ્ય ઈમારત રંગે રચી, દત્તધૂન દિગંતે મચી ! એના મૂળમાં છો રુકમા ! ઇંટ બન્યાં પાયાની મા !
પૂર્વેના અવતારો માંહ્ય, દત્તાદિ ગૃહત્યાગે ત્યાંય. અનસૂયા ને સુમતિ માય, અંબા પણ ત્યાં વ્યાકુળ થાય.
એ ઋણ જે ભગવાન શિરે, તેમાંથી કો મુક્ત કરે ? તે ઋણ રુકમા ફેડે ખાસ, સ્વયં રહીને રંગની પાસ.
આવ્યાં હોત ન જો રુકમા, પોતે આ નારેશ્વરમાં, મળત અમોને ક્યાંથી રંગ ? જેની કૃપાથી જીતીએ જંગ ! ૪૪
પાંચગામનું જેહ સ્મશાન, આજ દીસે નંદનવન માન ! એના વિકાસનો તું પ્રાણ ! ગુણલા ગાતાં ખૂટે વાણે !
દત્ત ભક્તિ અમીરસનું પાન ક્યાંથી મળત એ સુખની ખાણ ? માતૃતીર્થ આહીંયા શું થાત ? ફાવી ગઈ ગરવી ગુજરાત !૪૮
રુકમાબાવની આ જે ગાય, સંકટ સર્વે તેનાં જાય; કંઈ જન્મોનાં પાપો બળે, સર્વ સંપદા તેને મળે
વિઠ્ઠલ ચરણ કમળમાં ઠરૂં કોટી કોટી વંદન કરૂં ! શરણાગતનાં તારણહાર ! ગાવો માનો જયજયકાર. ૫૨

* નરસોબા વાડી માં અનુષ્ઠાન વખતે રચાયેલ.

- વિઠ્ઠલભાઇ જગન્નાથ પાઠક

વૈશાખ કૃષ્ણ અષ્ટમી વિ.સ. ૨૦૪૮

## માતૃદેવોભવ

માત તમારો જય જયકાર... માતૃ-પદે જીવન બલિહાર... માત૦ ટેક
રંગદેવ-જનની રુકમાઈ, જગદંબા હે માત, એની ગાવો યશગાથા, એ અનસૂયા સાક્ષાત્ ! માત૦ ૧
તવ પુણ્યે ભવતારક ગુરુવર, મળિયા રંગ દયાળ, મહિમા તારો નવ લહીએ, મા વંદન વારંવાર ! માત૦ ૨

રાજપીપળા વિ. સં. ૨૦૧૨

- વિઠ્ઠલભાઇ જગન્નાથ પાઠક



Scanned by CamScanner

## ॥ અથ શ્રી સૂકતપ્રારમ્ભઃ ॥

અરુણ કમલસંસ્થા તદ્રજઃ પુંજવર્ણા કરકમલધૃતેષ્ટાઽભીતિયુગ્મામ્બુજા ચ ।
મણિમુકુટવિચિત્રાલઙ્કૃતા કલ્પજાતૈર્ ભવતુ ભુવનમાતા સન્તતં શ્રીશ્રિયૈ નઃ ॥
માનસોપચારૈઃ સમ્પૂજ્ય ॥
ૐ લં પૃથિવ્યાત્મકં ગંધં પરિકલ્પયામિ । ૐ હં આકાશાત્મકં પુષ્પં પરિકલ્પયામિ ।
ૐ યં વાયતાત્મકં ધૂપં પરિકલ્પયામિ । ૐ રં તેજસાત્મકં દીપં પરિકલ્પયામિ ।
ૐ વં અમૃતાત્મકં નૈવેદ્યં પરિકલ્પયામિ । ૐ સં સોમાત્મકં તાંબુલાદિસર્વોપચારાન્ પરિકલ્પયામિ ।
ૐ છત્રં ચામરં દર્પણં પાદુકે પરિકલ્પયામિ ।
શ્રી સૂક્તજપે વિનિયોગઃ ॥
ૐ ઐં ૐ હિરણ્યવર્ણાં હરિણી સુવર્ણરજતસ્રજામ્ । ચન્દ્રાં હિરણ્યમયીં લક્ષ્મી જાતવેદો મમાવહ ॥ ૧ ॥
ૐ ઐં ૐ હ્રીં ૐ
તાં મ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિનીમ્ । યસ્યાં હિરણ્યં વિન્દેયં ગામશ્વં પુરુષાનહમ્ ॥ ૨ ॥
ૐ હ્રીં ૐ શ્રીં ૐ
અશ્વપૂર્વા રથમધ્યાં હસ્તિનાદપ્રબોધિનીમ્ । શ્રિયં દેવીમુહ્વયે શ્રીર્મા દેવી જુષતામ્ ॥ ૩ ॥
ૐ શ્રીં ૐ ક્લીં ૐ
કાંસોસ્મિતાં હિરણ્યપ્રકારામાર્દ્રાં જ્વલન્તીં તૃપ્તાં તર્પયન્તીમ્ । પદ્મે સ્થિતાં પદ્મવર્ણાં તામિહોપહ્વયે શ્રિયમ્ ॥ ૪ ॥
ૐ ક્લીં ૐ વદ વદ ૐ
ચન્દ્રાં પ્રભાસાં યશસાજ્વલન્તીં શ્રિયંલોકે દેવજુષ્ટામુદારામ્ । તાં પદ્મિનીમીં શરણમહં પ્રપદ્યે અલક્ષ્મીર્મેનશ્યતાં ત્વાં વૃણે ॥ ૫ ॥



Scanned by CamScanner

ૐ વદ વદ ૐ વાગ્વાદિની ૐ

આદિત્ય વર્ણે તપસોઽધિજાતો વનસ્પતિસ્તવ વૃક્ષોઽથબિલ્વઃ । તસ્યફલાનિતપસાનુદન્તુ માયાન્તરાયાશ્ચ બાહ્ય અલક્ષ્મીઃ ॥૬॥

ૐ વાગ્વાદિની ૐ ઐં ૐ

ઉપૈતુ માં દેવસખઃ કીર્તિશ્ચ મણિનાં સહ । પ્રાદુર્ભૂતોઽસ્મિ રાષ્ટ્રેઽસ્મિન્કીર્તિમૃદ્ધિ દદાતુ મે ॥ ૭ ॥

ૐ ઐં ૐ સૌં ૐ

ક્ષુત્પિપાસામલાં જ્યેષ્ઠામલક્ષ્મીં નાશયામ્યહમ્ । અભૂતિમસમૃદ્ધિં ચ સર્વાં નિર્ણુદ મે ગૃહાત્ ॥ ૮ ॥

ૐ સૌં ૐ હંસઃ ૐ

ગન્ધદ્વારાં દુરાધર્ષાં નિત્યપુષ્ટાં કરીષિણીમ્ । ઇશ્વરીં સર્વભૂતાનાં તામિહોપહ્વયે શ્રિયમ્ ॥ ૯ ॥

ૐ સોહં ૐ આં ૐ

મનસઃ કામમાકૂતિં વાચઃ સત્યમશીમહિ । પશૂનાં રૂપમન્નસ્ય મયિ શ્રીઃ શ્રયતાં યશઃ ॥ ૧૦ ॥

ૐ આં ૐ હ્રીં ૐ

કર્દમેન પ્રજા ભૂતા મયિ સંભ્રમ કર્દમ । શ્રિયં વાસય મે કુલે માતરં પદ્મમાલિનીમ્ ॥ ૧૧ ॥

ૐ હ્રીં ૐ ક્રોં ૐ

આપઃ સૃજન્તુ સ્નિગ્ધાનિ ચિક્લિત વસ મેં ગૃહે । નિ ચ દેવીં માતરં શ્રિયં વાસય મેં કુલે ॥ ૧૨ ॥

ૐ ક્રોં ૐ ક્રીં ૐ

આર્દ્રાંયઃ કરિણી યષ્ટિં સુવર્ણાં હેમમાલિનીમ્ । સૂર્યાં હિરણ્યમયીં લક્ષ્મીં જાતવેદો મમાવહ ॥ ૧૩ ॥

ૐ ક્રીં ૐ સ્ત્રી ૐ

આર્દ્રાં પુષ્કરિણીં પુષ્ટિં પિઙ્ગલાં પદ્મમાલિનીમ્ । ચન્દ્રાં હિરણ્યમયીં લક્ષ્મીં જાતવેદો મમાવહ ॥ ૧૪ ॥

ૐ સ્ત્રીં ૐ હું ૐ

તાં મ આવહ જાતવેદો લક્ષ્મીંમનપગામિનીમ્ । યસ્યાં હિરણ્યં પ્રભૂતં ગાવોદાસ્યોઽશ્વાન્વિન્દેયં પુરુષાનહમ્ ॥ ૧૫ ॥





Scanned by CamScanner

ૐ હું ૐ સ્વાહા ૐ
યઃ શુચિઃ પ્રયતો ભૂત્વા જુહયાદાજ્યમન્વહમ્ । સૂક્તં પંચ્રદશર્યંચ શ્રીકામઃ સતતં જપેત્ ॥ ૧૬ ॥
ૐ સ્વાહા ૐ ॥ ઐં ૐ સૌં ક્લીં ઐં હ્રીં શ્રીં ક્લીં વદ વદ ॥ ઈતિ શ્રી સૂક્ત વિધાનં સમાસ ॥
વાગ્વાદિની ઐં સૌં હંસઃ આં હ્રીં ક્રોં ક્રીં સ્ત્રીં હું સ્વાહા ॥ ઈતિ વિદ્યારણ્યભાષ્યતઃ ।
સદસસ્પ્પતિમદ્ભૂતમ્પ્રિયમિન્દ્રસ્ય કામમ્સ્યમ્ । સનિમ્મેધામયા સિખગુંસ્સ્વાહા ॥
જામ્મેધામ્દેવગણાઃ પિતરશ્ચ્યો પાસતે । તયામામદ્ય મેધયાગ્નેમેધાવિનઙ્કુરુસ્વાહા ॥
મેધામ્મે વ્વરુણોદદાતુમે સ્વાહા ॥ ઈદમ્મેબ્બ્રહ્મચક્ષત્રં ચોમેશ્શ્રિયમશ્નુતામ્ ।
મયિદેવા દદતુ શ્શ્રિયમુત્તમાન્તરસ્યૈતે સ્વાહા ॥ ઈતિ વૈદિકશ્રીસૂક્તઃ ॥
શ્રીશ્વતે લક્ષ્મીશ્ચ પત્ન્યાવહોરાત્રેપાર્શ્વે નક્ષત્રાણિરૂપમશ્વિનૌ વ્યાત્તમ્ । ઈશ્ણન્નિખાણામુમ્મઈખાણસર્વલોમ્મઈખાણ ॥

## શ્રી સૂક્તનાં ગુજરાતી અર્થ

ધ્યાનઃ આછા લાલ (ગુલાબી) કમળ ઉપર બિરાજમાન, તેના પરાગના સમૂહ સમાન વર્ણવાળી (ચારેય) કરકમલમાં અનુક્રમે વરમુદ્રા, અભય-મુદ્રા, અને બે કમળોને ધારણ કરનાર, કલ્પવૃક્ષમાંથી ઉત્પન્ન મણિઓના મુકુટથી સુંદર રીતે અલંકૃત થયેલી, સર્વ ભુવનોની માતા (લક્ષ્મી) હંમેશા અમને શ્રીયુક્ત ઐશ્વર્ય અર્પનારી થાઓ !

સુવર્ણ સમાન કાંતિમાન, ગૌર વર્ણવાળી (હરિણીનું રૂપ ધારણ કરનારી), સોનાચાંદીની (સુંદર સફેદ પુષ્પોની) માળાઓને ધારણ કરનારી ચંદ્ર સમાન (પ્રસન્ન) સુવર્ણમયી લક્ષ્મીનું હે આગ્નિદેવ ! આપ મારે માટે આવાહન કરો. ૧

હે અગ્નિદેવ ! તમો મારે માટે તે લક્ષ્મીદેવીને આવાહન કરી બોલાવો કે જે મને છોડી કદી પણ જાય નહીં. અને જેના આવાહન દ્વારા મને સુવર્ણ, ગાયો, ઘોડા, અને પુરુષો (પુત્ર, પૌ, મિત્ર અને દાસ) પ્રાપ્ત થાય. ૨

ઘોડાઓ જેની આગળ છે એવા રથની વચમાં બિરાજમાન, હાથીઓના નાદથી જગતને જગાડનારી (બોધ દેનારી) લક્ષ્મીદેવનું હું આવાહન કરૂં છું. તે દેવી લક્ષ્મી મને મળો. ૩

અનિર્વાચ્ય, મંદસ્મિતવાળી, સુવર્ણના કોટ કિલ્લાવાળી, દયાથી આર્દ્ર, તેજસ્વી, સંતૃપ્ત, (ભક્તોના) મનોરથ પૂર્ણ કરનાર, કમળ ઉપર બિરાજમાન, કમળ સમાન વર્ણવાળી તે લક્ષ્મીદેવીનું હું આવાહન કરૂં છું. ૪

ચંદ્ર સમાન પ્રકાશિત, ઉત્તમ પ્રભાયુક્ત, લોકમાં (પોતાના) યશથી દેદિપ્યમાન, દેવો દ્વારા સ્તુતિ કરાએલ, પરમ ઉદાર, પદ્મ ધારણ કરનારી તે લક્ષ્મી દેવીને શરણે હું જાઉં છું. મારી ગરીબાઇ દૂર થાઓ. (હે લક્ષ્મી) હું તમારો આશ્રય લઉં છું. ૫

હે સૂર્ય સમાન વર્ણવાળી (હે લક્ષ્મીદેવી) આપના તપથી શ્રેષ્ઠ વનસ્પતિ ઉત્પન્ન થઇ અને આપનું તે વૃક્ષ બીલી છે. તેનાં ફળો તપ વડે કરીને મારી બાહ્ય અને આંતરિક અલક્ષ્મીનો નાશ કરો ! ૬

(હે લક્ષ્મીદેવી !) મને દેવોનો મિત્ર અગ્નિ (અથવા કુબેર) મળો. વળી મણિભદ્ર (રત્નો) સાથે કીર્તિ (યશ) પણ પ્રાપ્ત થાઓ. હું આ રાષ્ટ્રમાં ઉત્પન્ન થયો છું. આપ મને યશ અને સમૃદ્ધિ આપો. ૭

ભુખ અને તરસથી મલિન થયેલી (આપની) મોટી બહેન અલક્ષ્મીનો, હે લક્ષ્મી ! હું નાશ ઇચ્છું છું ! મારા ઘરમાંથી સંપત્તિ અને સમૃદ્ધિના અભાવનું નિવારણ કરો ! ૮

સુગન્ધરૂપી દ્વારવાળી, દુરાધર્ષ (અજેય) નિત્યપુષ્ટ, ગાય (નું છાણ) આદિ આપવાવાળી, સર્વ પ્રાણીઓની સ્વામિની તે લક્ષ્મીદેવીનું હું અહી (મારા આવાસમાં) આવાહન કરૂં છું. ૯

મનની ઇચ્છા અને સંકલ્પ તથા વાણીની યથાર્થતા મને પ્રાપ્ત થાઓ. પશુઓના તથા અન્નના રૂપમાં અને યશરૂપે શ્રીદેવી અમારે ત્યાં પધારે ! ૧૦

(લક્ષ્મીના પુત્ર) કર્દમનાં આપણે સંતાન છીએ. હે કર્દમઋષિ ! તમો અમારે ત્યાં રહો. (ભ્રમણ કરો.) અને કમળોની માળા ધારણ કરનારી માતા લક્ષ્મીને અમારા કુલમાં (સૈદવ) નિવાસ કરાવો ! ૧૧

જળ સ્નિગ્ધ પદાર્થોને ઉત્પન્ન કરો. મારા ઘરમાં (લક્ષ્મીના પુત્ર) ચિકલીતનો વાસ થાઓ. વળી માતા લક્ષ્મીદેવીને (પણ) મારા કુળમાં નિવાસ કરાવો ! ૧૨

આર્દ્ર (જગત જેની યાચના કરે છે તે), પ્રયત્ન કરનારની લાકડી સમાન, સુવર્ણ-સ્વરૂપ, સુવર્ણની માળા ધારણ કરનાર, સૂર્યરૂપિણી સુવર્ણમયી લક્ષ્મીનું હે જાતવેદસ્ (અગ્નિ) તમો મારા માટે આવાહન કરો ! ૧૩



Scanned by CamScanner

દિગ્ગજોથી અભિશિક્ત થવાથી આર્દ્ર (દયા ભીની) બનેલી, પુષ્ટિ કરનારી, પિંગલ રંગવાળી, કમળોની માળા ધારણ કરનારી, ચંદ્રસંવરૂપિણી, સુવર્ણમયી લક્ષ્મીનું હે અગ્નિદેવ ! તમો મારા માટે આવાહન કરો ! ૧૪

હે અગ્નિદેવ ! તે લક્ષ્મીનું આવાહન કરો કે જેનો કદી પણ નાશ નથી અને જેના (આગમન) થી હું પુષ્કળ સુવર્ણ, ગાયો દાસીઓ, ઘોડાઓ અને પુરુષો (પુત્ર, પૌત્ર, મિત્ર, દાસ) પ્રાપ્ત કરૂં ! ૧૫

જેને શ્રીની કામના છે તેણે પવિત્ર અને સાવધાન થઈ રોજ (અગ્નિમાં) ઘીથી હોમ કરવો જોઈએ અને પંદર ઋચાઓવાળા શ્રીસુક્તનો સતત પાઠ કરવો જોઈએ. ૧૬

સમાપ્ત

## ...મંગલકારી મા !...

આનંદમયી મા ! કલ્યાણમયી મા ! જય જય મંગલકારી હો મૈયા રુકમામ્બા... ટેક.
તારી તપશ્ચર્યા મા ! તારી એ ભાવના, સાક્ષાત્સ્વરૂપે પ્રગટી રંગઅવધૂતમા;
(એ) રંગે રંગ્યા જનને ભક્તિના રંગે હા ! .. જય જય ૧
ત્યાગમયી મા તું. ધન્ય તારા ત્યાગને; પ્રગટાવ્યો જગમાં તેં ત્યાગીઓના રાજને,
રંગ-દત્તની માતા તું સાક્ષાત્ અનસૂયા ! ... જય જય ૨
સ્નેહમયી મા તારા સ્નેહના ફુવારા, દુઃખના દાવાનળમાં એ શાંતિની ધારા;
મુક્ત હાસ્ય મા તારૂં ભગાડે ભવ-દુઃખ હા ! .. જય જ ૩
બ્રહ્મમયી મા તું તો બ્રહ્મવિલીન થઈ, વ્યષ્ટિ મટી ને મા તું સમષ્ટિમાં વ્યાપી ગઈ;
વ્યાપિત સઘળે 'માજી' વંદન આ બાળકના ... જય જય ૪

- ગોવિંદભાઈ ઊપાધ્યાય.

## આરતી નર્મદાજીની

જય જય નર્મદ ઇશ્વરી મેકલ સંજાતે, નિરાજ્યામિ નાશિત તાપ ત્રય જાતે; જય જય જય જય જય ... ધ્રુવ...
વારિત સંસૃતિ ભૂતે સુર વર મુનિ ગિતે, સુખદે પાવન કીર્તે શંકર તનુ જાતે
દેવાપગાધિ તીર્થે દત્તાત્રય પુમર્થે, વાચામગમ્ય કીર્તે જલમયસન્મૂર્તે જય જય... ૧
નંદનવનસમ તીરે સ્વાદુ સુધા નીરે, દર્શિત ભવપરતીરે દમિતાં તક સારે
સકલ ક્ષેમાધારે વૃતપારાવારે, રક્ષા સ્માનતિઘોરે મગ્નાન્ સંસારે... જય જય... ૨
સ્વયશઃ પાવિત જીવે મામુદ્ધર રેવે, તીરં તે ખલુ સેવે ત્વયિ નિશ્ચિતભાવે
કૃતદુષ્કૃત તવ દાવે ત્વત્પદરાજીવે, તારક ઇહમેતિજ વે ભક્ત્યા તે સેવે... જય જય ... ૩

- પ. પ. વાસુદેવાનંદ સરસ્વતી (ટેંબે) સ્વામી

## રેવાગીતમ્

ગાયતિ રેવા રવ મધુરમ્ (૨)... ધ્રુ...
હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ૐ
સાયં પ્રાતઃ, પ્રાતઃ સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ... ગાયતિ... ૧
મેકલજાતા, મનસિ વિભાતા, શૈતિકલં કિમપીહ ચિરમ્
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ... ગાયતિ ૨
તડિદુજજવલ જલ, મુખતઃ સ્તૌતિ નીરંગં, નાનારંગમ્
બ્રહ્માહં ત્વં, બ્રહ્મૈવેદં, જલશીકર વદ ભિન્નમિતિ... ગાયતિ... ૩

- શ્રી રંગઅવધૂત બાપજી (નારેશ્વર)



Scanned by CamScanner

ॐ

## નર્મદાષ્ટકમ્

સબિન્દુ સિન્ધુ સુસ્ખલત્તરંગભંગ રંજિતં દ્વિષત્સુ પાપ જાતપાત કારીવારિસંયુતમ્
કૃતાન્ત દૂત કાલ ભૂત ભિતિહારિ વર્મદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે.. ૧
ત્વદમ્બુલીન દીન મીન દિવ્ય સંપ્રદાયકં કલૌમલૌધ ભારહારિ સર્વ તીર્થ નાયકમ્
સુમત્સ્ય કચ્છ નક્ર ચક્ર ચક્ર વાક શર્મદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૨
મહા ગભીર નીર પૂર પાપ ધૂત ભૂતલં ધ્વનત્સમસ્ત પાતકારિ દારિતાપદા જલમ્
જગલ્લયે મહાભયે મૃકએડુ સૂનુ હમ્યંદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૩
ગતં તૈદેવ મે ભયં ત્વદમ્બુ વીક્ષિતં યદા મૃકણ્ડુ સૂનુ શૌનકાસુરારિ સેવિ સર્વદા
પુનર્ભવાબ્દિ જન્મજં ભવાબ્દિ દુઃખ વર્મદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૪
અલક્ષ લક્ષ કિન્નરામરાસુરાદિ પૂજિતં સુલક્ષ નીર તીર ધીર પક્ષિ લક્ષ કૂજિતમ્
વસિષ્ટ શિષ્ટ પિપ્લાદિ કર્દમાદિ શર્મદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૫
સનત્કુમાર નાચિકેત કશ્યપાદિ ષટ્પદૈ ર્ધતં સ્વકીય માનસેષુ નારદાદિ ષટ્પદૈઃ
રવિન્દુરન્તિ દેવ દેવ રાજ કર્મ શમેદ ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૬
અલક્ષ લક્ષ લક્ષ પાપ લક્ષ સાર સાયુધં તતસ્તુ જીવ જન્તુ તન્તુ ભુક્તિમુક્ત દાયકમ્
વિરંચિ વિષ્ણુ શંકર સ્વકીય ધામ વર્મદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૭
અહોમૃતં સ્વનં શ્રુતં મહેશ કેશ જાતટે કિરાત સૂત વાડવેષુ પણ્ડિતે શઠે નટે
દુરન્ત પાપ તાપ હારિ સર્વ જન્તુ શર્મદે ત્વદીય પાદ પંકજં નમામિ દેવી નર્મદે... ૮
ઇંદ તુ નર્મદાષ્ટકં ત્રિકાલમેવ યે સદા પઠન્તિ તે નિરન્તરં ન યાન્તિ દુર્ગતિં કદા
સુલભ્ય દેહ દુર્લભં મહેશ ધામ ગૌરવં પુનર્ભવાનરા ન વૈ વિલોકયન્તિ રૌરવમ્... ૯

ઇતિ શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિત નર્મદાષ્ટકં સંપૂર્ણમ્



Scanned by CamScanner

## મા રુકમામ્બાને

ઓ રુકમા ! તારો રંગ મારી આંખ ભીંજવે છે, ઓ મૈયા ! તારો રંગ મારી આંખ ભીંજવે છે,
મારી આંખ ભીંજવે છે, મારા દિલને રીઝવે છે... ટેક
ભૂલવા માગું ભુતકાળ તો એ, ના ભૂલવા દેતો, આંખ મીચું તો સપનામાં આવીને કંઇ કંઇ કહેતો,
પકડું, ત્યાં તો તુરત છટકી જઇને મૂંઝવે છે - ઓ રુકમા ! ... ૧
કદીક એનું પ્યારું મુખડું મારી સામે હસતું, ભાન ભૂલ્યો હું જાઉં પકડવા ત્યાં તો અદૃશ્ય થાતું,
સહુજન વચ્ચે ભોંઠો, પાડી મુજને લજવે છે. ઓ રુકમા ! ... ૨
કદીક ખટ-ખટ પાદુકાનો એ રણકો સંભળાવે, દોડી વ્હેલો જોવા જાઉં તો કંઇ નજરે ના આવે,
એવી રીતે નટ-ખટ નાગર મુજને પજવે છે - ઓ રુકમા ! ... ૩
કોઇ દિન શીતલ સમીર તણી એ લહેરે ચઢીને આવે, અંગ-અંગમાં કરી ગલગલિયાં રોમ-રોમ હર્ષાવે,
ક્ષણ-બે ક્ષણ આવીને મારા ભાવો ભીંજવે છે - ઓ રુકમા ! ... ૪
કોઇ દિન ધૂપ સુગંધીથી મારા ઘરને મ્હેંકાવે, સાત્વિક આલ્હાદક સુગંધી મુજ તન-મન ડોલાવે,
કરૂં તપાસ તો બંધ કરી દઇ મુજને ડઘાવે છે - ઓ રુકમા ! ... ૫
કોને પૂછું ? કોને કહું ? આ વાતો પાગલ જેવી, કોઇ આગળ જો દિલ ખોલું તો થાયે જોવા જેવી,
તેથી ઓ મા ! 'બાળક' તારો તુજને વિનવે છે - ઓ રુકમા ! ... ૬

- ગોવિંદભાઇ ઊપાધ્યાય

## માતૃ-પ્રતિમા-પ્રતિષ્ઠા

આજે પ્રાણપ્રતિષ્ઠા થાય ... ટેક.
માતૃદેવનું પ્રતિમાસ્થાપન, રંગ-સંનિધ થાય ! માતૃ ભક્તિના હેત હિલોળે, સહુના ઉર હિંચાય. આજે૦ ૧
પવિત્રતાનું સાંચુ દર્શન, જગજનનીમાં થાય; માતા રખુમાબાઈનું આજે, સત્ય સ્વરૂપ સમજાય. આજે૦ ૨
સંસ્કૃતિનું અનુપમ મધુ ધાવણ, માતા શિશુને પાય; સંકટતાના વિષ આસ્વાદે, માનવી કદી ન ફસાય. આજે૦ ૩
રત્ન અમૂલું, કલ્પ કલિનું પ્રગટાવ્યું તપકાય; સેવનથી શરણાગતનાં, યુગ-યુગ-અંધારા જાય. આજે૦ ૪
માતાજીનું ઋણ અતિ અદકું, શી રીતે ચૂકવાય ? જય શબ્દે બસ માતૃપૂજનના, ઉત્સવ ઘર ઘર થાય. આજે૦ ૫

વડોદરા, વિ. સં. ૨૦૧૨ - જયંતિલાલ શંકરલાલ આચાર્ય

## શ્રી માતૃશૈલ - પ્રણતિ

પ્રણમું હે માતૃશૈલ કલિતાર !
માત નર્મદા પુણ્યસલિલા કલિમલ સહુ હરનાર, આજે દિવ્ય તીરે નિર્માયું સકલતીર્થનો સાર. પ્રણમું૦ ૧
રંગદેવની તપોભૂમિ આ નારેશ્વર અઘહાર, દત્તધામ અવધૂતે સર્જ્યું ધર્મક્ષેત્ર જનતાર, પ્રણમું૦ ૨
માતૃભક્તિનું મહિયર મોટું, જનગણબલ આધાર, માનવતાની ભવ્ય પ્રતિષ્ઠા કરશે જગઉદ્ધાર, પ્રણમું૦ ૩
પુલકિત આજ હૃદય સદુ જનનાં, હર્ષ તણો નહિં પાર, અંતરના ઉમળકે ગાએ, માડી (માજી) નો જયકાર, પ્રણમું૦ ૪
રુકમામ્બા ! રીમાતૃશૈલ પર જગદંબા અવતાર, કરુણામયી તવ કૃપાશિષથી વિલસો તવ પરિવાર ! પ્રણમું૦ ૫

વડોદરા, વિ. સં. ૨૦૨૪ - જયંતિલાલ શંકરલાલ આચાર્ય



Scanned by CamScanner

## રંગ લાગ્યો

(રાગ-રંગ લાગ્યો રંગીલા તારો રંગ લાગ્યો !)

રંગ લાગ્યો માડી ! તારો રંગ લાગ્યો ! હોવે હોવે રુક્મામ્બા ! તારો રંગ લાગ્યો !
મન મોહ્યું નારેશ્વર ધામ, માડી ! તારો રંગ લાગ્યો ! ટેક
માજી ! બેઠાં છો નારેશ્વર ચોકમાં,માજી ! ભક્તો આવે છે તારી શોધમાં, તું તો ભક્તોની તારણહાર, માડી ! તારો રંગ લાગ્યો ૧
માજી ! સાડી સફેદ તમે ઓઢી છે, તારી આંખડી તો સ્નેહભરી ઢોળી છે, તારા રૂપે મોહ્યાં નરનાર, માડી ! તારો રંગ લાગ્યો ૨
મારી વિનતિ માજી ! તમે સાંભળો, તારી કૃપાથી ગિરિ ચઢે પાંગળો, મારી નૌકાનાં તારણહાર, માડી ! તારો રંગ લાગ્યો ૩
તારી ભક્તિનાં દાન દેવી ! આપજે, તારો બાળક ગણીને નિભાવજે, ગુણ ગાએ ઘેલાં તારાં બાળ, માડી ! તારો રંગ લાગ્યો ૪

ઉમલ્લા, વિ.સં. ૨૦૧૯

- સુમનલાલ પુરોહિત

## રુક્મા મૈયા રે !

(રાગ-પાવા તે ગઢથી ઉતર્યાં મહાકાલી રે .......)

રત્નાગિરિથી આવીયાં, મહામાયા રે; વાસ કીધો છે ગુજરાત, રુક્મા મૈયા રે... ધ્રુવ.
ગુજરાતનાં કંઈ ગામડાં, મહામાયા રે, એમાં સાયર લીલોડ ગામ, રુક્મા મૈયા રે ....૧
રેવાતીરે નારેશ્વર ધામ, હો મહામાયા રે; ત્યા છે દેવતણા વિશ્રામ, રુક્મા મૈયા રે ....૨
તપોભૂમિ એ રંગની, મહામાયા રે, દેવી એની જનની છો આપ, રુક્મા મૈયા રે ....૩
અધમ-ઓધારણ માવડી, મહામાયા રે, બાળ તારવાને આવ્યાં છો આંહ્ય, રુક્મા મૈયા રે ....૪
ધન્ય માડી તારી આંખડી, મહામાયા રે; તારી નજરોથી દુઃખ દૂર થાય, રુક્મા મૈયા રે ....૫
ભકતોને તારતાં વિરાજતાં, મહામાયા રે, કરું વંદન વારંવાર, રુક્મા મૈયા રે ....૬
બાળ તારાને શરણે રાખજે, મહામાયા રે; એનું કરજે સદા કલ્યાણ, રુક્મા મૈયા રે ....૭

ઉમલ્લા, વિ.સં. ૨૦૧૯

- સુમનલાલ પુરોહિત



Scanned by CamScanner

## પરોઢનો મોરલો

(રાગ : સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમજી)

વ્હેલી પરોઢનો રે, મોરલો બોલે માવલડી ; રુક્મા રુક્મા એ, રોજ રોજ રટતો માવલડી ....ટેક
નવલાં નોરતાં રે આજ તો આવ્યાં માવલડી, ક્યારે પધારશો મા ! મોરલો જુએ વાટલડી ! ....૧
વ્હેલાં પધારજો રે, મારે આંગણ માવલડી; દેવીઓની સાથમાં રે, નિત હું જોઉં વાટલડી ! ....૨
પહેલા નવરાતમાં રે, રુક્મા આવ્યાં માવલડી; નારેશ્વર ચોકની માંહ્ય, દેવીઓની સાથે માવલડી ! ....૩
બીજા નવરાતમાં રે, અંબા આવ્યાં માવલડી; ગબ્બરના ગોખથી આજ, સખીઓની સાથે માવલડી ! ....૪
ત્રીજા નવરાતમાં રે, બહુચર આવ્યાં માવલડી; શંખલપુરથી આજ, ગરબે રમવા માવલડી ! ....૫
ચોથા નવરાતમાં રે, કાળિકા આવ્યાં માવલડી; પાવાના ગઢથી એ, ઘૂમતાં ગરબે માવલડી ! ....૬
પાંચમની રાતમાં રે, ભવાની આવ્યાં માવલડી; આરાસુરથી આજ, ભકતોને કાજે માવલડી ! ....૭
છઠ્ઠા નવરાતમાં રે, હરસિદ્ધિ આવ્યાં માવલડી; ઉજ્જૈન નગરીથી આજ, મહાકાલ સાથે માવવલડી ! ....૮
સાતમની રાતમાં રે, ખોડીયાર આવ્યાં માવલડી; સૌરાષ્ટ્ર દેશથી આજ, સખીઓની સાથે માવલડી ! ....૯
આઠમની રાતલડી રે, ગરબે રમતાં માવલડી; આશાપુરી સૌની સાથ, દેતાં તાળી માવલડી ! ....૧૦
નવમી રાતલડી રે, નોરતાં પૂરાં માવલડી; ભક્તોની પૂરવા આશ, ભવાની આવ્યાં માવલડી ! ....૧૧
દશરોએ દર્શન રે, દેવીઓએ દીધાં માવલડી; નારેશ્વર ચોકની માંહ્ય, ભક્તોની વચમાં માવલડી ! ....૧૨
ગાઈ ગવાડે રે ગરબો, 'બાળક' માવલડી ; પૂરજો ભક્તોની આશ, આજ મારાં રુકમા માવલડી ! ....૧૩

- સુમનલાલ પુરોહિત

# ગુરુજીનો ગરબો

(અવધૂતી આનંદ / ભજન ક્રમ - ૨૩૩)

ગાઓ ગાઓ રે, આજે ગુરુજીનો ગરબો. ટેક

એણે માંડી છે જ્ઞાનની પરબો; પીતાં જન્મમરણ ટળે ખોબો રે. ગાઓ. ૧

રામે પીધો ને વસિષ્ઠે પાયો; આપપરમાં તે રામ દિખાયો રે, ગાઓ. ૨

બ્રહ્મા વિષ્ણુ ને મહેશ દેવા; કરે ગુરુજીની નિશદિન સેવા રે. ગાઓ. ૩

સીધી વળાવી સંયમ - લંગોટી; કાપે સમૂળ અજ્ઞાન - ચોટી રે. ગાઓ. ૪

કરી મુડદું ને પછી જીવાડે; જીવશિવનાં તે ભૂત એ કાઢે રે. ગાઓ. ૫

અવળી વાણીથી હંસ ઉચ્ચારે; ગુરુશિષ્યનો ભેદ એ બાળે રે. ગાઓ. ૬

લાખ પથ્થરે રત્ન લપાયું; લાખો રતનમાં પારસ પાયું* રે. ગાઓ. ૭

ગુરુમંત્રનો ડંકો જયાં વાગ્યો; રંગ જુગજૂની ઊંઘથી જાગ્યો રે, ગાઓ. ૮

* ટીપ : મળ્યું; જડયું

(અવધૂતી આનંદ /ભજન ક્રમ - ૧૪૩ દોહરો - ૨)

માતા મારી ચિત્કળા, પિતા બોધ સ્વરૂપ,
સુત અનુભવ હું તેમનો, રંગ અરંગ અરૂપ !

\- રંગ અવધૂત



Scanned by CamScanner

## रुक्माम्बापदयो :
(सावनका महिना इति गतिः)

रुक्माम्बमापदयोः प्रणतितितयो व्यपगतकलिमलभावाः, प्रविभान्तु प्रणिहितयोः।
याभ्यामुदारो देवो जगत्राणभूतो विसृष्टो धरायामेकः रंगावधूतो धरणितलान्तर्गतयोः सरलगतयो
व्यपगतकलिमलभावाः प्रविभान्तु प्रणिहितयोः॥

रुक्माम्बापदयोः ॥ १॥

लोके परायाः प्रीतेरभूतां प्रधाने दयायाः क्षमायाः शान्तेस्तथा सन्निधाने
दुरितनिवारणविधये, विबुधनतयो - रुपगतविनयविलासा मम राजन्तां नतयो॥

रुक्माम्बापदयोः ॥ २॥

येषां न माता पाता पिता वाऽत्र लोके तदीये अभूतामेते निरस्तार्तिशोके।
सकलसुमङ्गलकरयोरमरनुतयो व्यपगतभवभयविमला विलसन्तु श्रीनतयो॥

रुक्माम्बापदयोः ॥ ३॥

वडोदरा, वि.सं. २०२४

- विद्याभास्करो मणिशंकर व. उपाध्यायः

श्री
રુ
ક
મા
ભ્બા
સ
રુ
શ
તી

Scanned by CamScanner

## શ્રીદેવી સૂકતમ્

નમો દેવ્યૈ મહાદેવ્યૈ શિવાયૈ સતતં નમઃ, નમઃ પ્રકૃત્યૈ ભદ્રાયૈ નિયતાઃ પ્રણતાઃ સ્મ તામ્ - ૯

રૌદ્રાયૈ નમો નિત્યાયૈ ગૌર્યૈ ધાત્ર્યૈ નમો નમઃ, જયોત્સ્નાયૈ ચેન્દુરૂપિણ્યૈ સુખાયૈ સતતં નમઃ - ૧૦

કલ્યાણ્યૈ પ્રણતાં વૃદ્ધ્યૈ સિદ્ધ્યૈ કુર્મો નમો નમઃ, નૈર્ઋત્યૈ ભૂભૃતાં લક્ષ્મૈ શર્વાણ્યૈ તે નમો નમઃ - ૧૧

દુર્ગાયૈ દુર્ગપારાયૈ સારાયૈ સર્વકારિણ્યૈ, ખ્યાત્યૈ તથૈવ કૃષ્ણાયૈ ધૂમ્રાયૈ સતતં નમઃ - ૧૨

અતિસૌમ્યાતિરૌદ્રાયૈ નતાસ્તસ્યૈ નમો નમઃ, નમો જગત્પ્રતિષ્ઠાયૈ દેવ્યૈ કૃત્યૈ નમો નમઃ - ૧૩

યા દેવી સર્વભૂતેષુ વિષ્ણુમાયેતિ શબ્દિતા, નમસ્તસ્યૈ ॥૧૪॥ નમસ્તસ્યૈ ॥૧૫॥ નમસ્તસ્યૈ નમો નમઃ - ૧૬

યા દેવી સર્વભૂતેષુ ચેતનેત્યભિધીયતે - નમસ્તસ્યૈ ॥૧૭॥ નમસ્તસ્યૈ ॥૧૮॥ નમસ્તસ્યૈ નમો નમઃ - ૧૯

યા દેવી સર્વભૂતેષુ બુદ્ધિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૨૦॥ નમસ્તસ્યૈ ॥૨૧॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૨૨

યા દેવી સર્વભૂતેષુ નિદ્રા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૨૩॥ નમસ્તસ્યૈ ॥૨૪॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૨૫

યા દેવી સર્વભૂતેષુ ક્ષુધા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૨૬॥ નમસ્તસ્યૈ ॥૨૭॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૨૮

યા દેવી સર્વભૂતેષુ ચ્છાયા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૨૯॥ નમસ્તસ્યૈ ॥૩૦॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૩૧

યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૩૨॥ નમસ્તસ્યૈ ॥૩૩॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૩૪

યા દેવી સર્વભૂતેષુ તૃષ્ણા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૩૫॥ નમસ્તસ્યૈ ॥૩૬॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૩૭

યા દેવી સર્વભૂતેષુ ક્ષાંતિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૩૮॥ નમસ્તસ્યૈ ॥૩૯॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૪૦

યા દેવી સર્વભૂતેષુ જાતિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૪૧॥ નમસ્તસ્યૈ ॥૪૨॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૪૩

યા દેવી સર્વભૂતેષુ લજ્જા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૪૪॥ નમસ્તસ્યૈ ॥૪૫॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૪૬

યા દેવી સર્વભૂતેષુ શાંતિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૪૭॥ નમસ્તસ્યૈ ॥૪૮॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૪૯

યા દેવી સર્વભૂતેષુ શ્રદ્ધા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૫૦॥ નમસ્તસ્યૈ ॥૫૧॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૫૨



Scanned by CamScanner

યા દેવી સર્વભૂતેષુ કાન્તિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૫૩॥ નમસ્તસ્યૈ ॥૫૪॥ નમસ્તસ્યૈ નમો નમઃ - ૫૫

યા દેવી સર્વભૂતેષુ લક્ષ્મી રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૫૬॥ નમસ્તસ્યૈ ॥૫૭॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૫૮

યા દેવી સર્વભૂતેષુ વૃત્તિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૫૯॥ નમસ્તસ્યૈ ॥૬૦॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૬૧

યા દેવી સર્વભૂતેષુ સ્મૃતિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૬૨॥ નમસ્તસ્યૈ ॥૬૩॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૬૪

યા દેવી સર્વભૂતેષુ દયા રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૬૫॥ નમસ્તસ્યૈ ॥૬૬॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૬૭

યા દેવી સર્વભૂતેષુ તૃષ્ટિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૬૮॥ નમસ્તસ્યૈ ॥૬૯॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૭૦

યા દેવી સર્વભૂતેષુ માતૃ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૭૧॥ નમસ્તસ્યૈ ॥૭૨॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૭૩

યા દેવી સર્વભૂતેષુ ભ્રાન્તિ રૂપેણ સંસ્થિતા - નમસ્તસ્યૈ ॥૭૪॥ નમસ્તસ્યૈ ॥૭૫॥ નમસ્તસ્યૈ નમો નમઃ -૭૬

ઈન્દ્રિયાણામધિષ્ઠાત્રી ભૂતાનાં ચાખિલેષુ યા । ભૂતેષુ સતતં તસ્યૈ વ્યાપ્તિદેવ્યૈ નમો નમઃ - ૭૭

ચિતિ રૂપેણ યા કૃત્સ્નમેતદ્ વ્યાપ્ય સ્થિતા જગત્ । નમસ્તસ્યૈ ॥૭૮॥ નમસ્તસ્યૈ ॥૭૯॥ નમસ્તસ્યૈ નમો નમઃ - ૮૦

સ્તુતા સુરૈઃ પૂર્વમભીષ્ટસંશ્રયાત્ તથા સુરેન્દ્રેણ દિનેષુ સેવિતા । કરોતુ સા નઃ શુભહેતુરીશ્વરી શુભાનિ ભદ્રાણ્યભિહન્તુ ચાપદઃ - ૮૧

યા સામ્પ્રતઃ ચૈદ્ધતદૈત્યતાપિતૈ - રસ્માભિરીશા ચ સુરૈર્નમસ્યતે। યા ચ સ્મૃતા તત્ક્ષણમેવ હન્તિ નઃ સર્વાપદો ભક્તિવિનમ્ર મૂર્તિભિઃ - ૮૨

(ઇતિ શ્રી દેવી સૂક્તમ્)

## શ્રી ભગવતિસ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા,
દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધિ આપો, મામ્ પાહિ ૐ ભગવતી ! ભવદુઃખ કાપો. મામ્. ૧
ભૂલો પડી ભવરણે ભટકું ભવાની, સૂઝે નહિ લગીર કોઈ દિશા જવાની, ભાસે ભયંકર વળી મનના ઉતાપો મામ્. ૨
આ રંકને ઉગરવા નથી કોઈ આરો, જન્માન્ધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો, ના શું સુણો ભગવતી ! શિશુના વિલાપો. મામ્. ૩
મા કર્મ જન્મ કથની કરતાં વિચારું, આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું, કોને કહું કઠણ યોગ તણો બળાપો મામ્. ૪
હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો, આડમ્બરે અતિ ઘણો મદથી બકેલો, દોષો થકી દૂષિતના કરી માફ પાપો મામ્. ૫
ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું, ના મંત્ર કે સ્તુતિકથા કદી કાંઈ કીધું, શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો મામ્. ૬
રે ! રે ! ભવાનિ ! બહુ ભૂલ થઈ છે મારી, આ જિન્દગી થઈ મને અતિશે અકારી, દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો મામ્. ૭
ખાલી ન કોઈ સ્થળ છે વિણ આપ ધારો, બ્રહ્માંડમાં અણુ અણુ મહીંવાસ તારો, શક્તિ ન માપ ગણવા અગણિત માપો મામ્. ૮
પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો, ખોટો ખરો ભગવતી પણ હું તમારો, જાડયાન્ધકાર દૂર કરી સદ્‌બુદ્ધિ આપો મામ્. ૯
શીખે સુણે રસિક છંદ જ એકચિત્તે, તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિતે, વાધે વિશેષ વળી અંબ તણા પ્રતાપો મામ્. ૧૦
શ્રી સદ્‌ગુરુના શરણમાં રહીને યજું છું, રાત્રી દિને ભગવતી તુજને ભજું છું, સદ્‌ભક્ત સેવક તણાં પરિતાપ ચાંપો મામ્. ૧૧
અંતર વિશે અધિક ઊર્મિ થતાં ભવાની, ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાની, સંસારના સકળ રોગ સમૂળ કાપો મામ્. ૧૨

Scanned by CamScanner

# રાત્રિસૂક્તમ્

વિશ્વેશ્વરીં જગદ્ધાત્રીં સ્થિતિસંહારકારિણીમ્ ॥૭૦॥
નિદ્રાં ભગવતીં વિષ્ણોરતુલાં તેજસઃ પ્રભુઃ ॥૭૧॥
બ્રહ્મોવાચ ॥૭૨॥
ત્વં સ્વાહા ત્વં સ્વધા ત્વં હિ વષટ્કારઃ સ્વરાત્મિકા ॥૭૩॥
સુધા ત્વમક્ષરે નિત્યે ત્રિધા માત્રાત્મિકા સ્થિતા । અર્ધમાત્રાસ્થિતા નિત્યા યાનુચ્ચાર્યા વિશેષતઃ ॥૭૪॥
ત્વમેવ સંધ્યા સાવિત્રી ત્વં દેવિ જનની પરા । ત્વયૈતદ્ધાર્યતે વિશ્વં ત્વયૈતત્સૃજયતે જગત્ ॥૭૫॥
ત્વયૈતત્પાલ્યતે દેવિ ત્વમત્સ્યન્તે ચ સર્વદા । વિસૃષ્ટૌ સૃષ્ટિરૂપા ત્વં સ્થિતિરૂપા ચ પાલને ॥૭૬॥
તથા સંહૃતિ રૂપાંતે જગતોઽસ્ય જગન્મયે । મહાવિદ્યા મહામાયા મહામેધા મહાસ્મૃતિઃ ॥૭૭॥
મહામોહા ચ ભવતી મહાદેવી મહેશ્વરી । પ્રકૃતિસ્ત્વં ચ સર્વસ્ય ગુણત્રયવિભાવિની ॥૭૮॥
કાલરાત્રિર્મહારાત્રિર્મોહરાત્રિશ્ચ દારુણા । ત્વં શ્રીસ્ત્વમીશ્વરી ત્વં હ્રીસ્ત્વં બુદ્ધિર્બોધલક્ષણા ॥૭૯॥
લજ્જા પુષ્ટિસ્તથા તુષ્ટિસ્ત્વં શાંતિઃ ક્ષાન્તિરેવ ચ । ખડ્ગિની શૂલિની ઘોરા ગદિની ચક્રિણી તથા ॥૮૦॥
શંખિની ચાપિની બાણ-ભુશુંડી પરિઘાયુધા । સૌમ્યા સૌમ્યતરાશેષ - સૌમ્યેભ્યસ્ત્વતિસુંદરી ॥૮૧॥
પરાપરાણાં પરમા ત્વમેવ પરમેશ્વરી । યચ્ચ કિંચિત્ક્વચિદ્વસ્તુ સદસદ્વાખિલાત્મિકે ॥૮૨॥
તસ્ય સર્વસ્ય યા શક્તિઃ સા ત્વં કિંસ્તૂયસે તદા । યયા ત્વયા જગતત્સ્રષ્ટા જગત્પાત્યત્તિ યો જગત્ ॥૮૩॥
સોઽપિ નિદ્રાવશં નીતઃ કસ્ત્વાં સ્તોતુમિહેશ્વરઃ । વિષ્ણુઃ શરીરગ્રહણમહમીશાન એવ ચ ॥૮૪॥
કારિતાસ્તે યતોઽતસ્ત્વાં કઃ સ્તોતું શક્તિમાન ભવેત્ । સા ત્વમિત્થં પ્રભાવૈઃ સ્વૈરુદારૈર્દેવિ સંસ્તુતા ॥૮૫॥
મોહયૈતૌ દુરાધર્ષાવસુરૌ મધુકૈટભૌ । પ્રબોધં ચ જગત્સ્વામી નીયતામચ્યુતો લઘુ ॥૮૬॥
બોધશ્ચ ક્રિયતામસ્ય હન્તુમેતૌ મહાસુરૌ ॥૮૭॥



Scanned by CamScanner

# શ્રી આદ્ય શક્તિની આરતી

જય આદ્યા શક્તિ મા (૨) જય આદ્યા શક્તિ મા (૨)

અખંડ બ્રહ્માંડ ઉપજાવ્યાં મા (૨) પડવે પંડિત મા.. જયો જયો મા જગદંબે. ટેક

હરે મા બીજે બેય સ્વરૂપ શિવ શક્તિ જાણું મા (૨) બ્રહ્મા ગણપતિ ગાઉં મા (૨) હર ગાઉ હર મા... જયો જયો મા જગદંબે... ૧

હરે મા ત્રીજે ત્રણ સ્વરૂપ ત્રિભુવનમાં બેઠા મા (૨) દયા થકી તરવેણી મા (૨) તું તરવેણી મા... જયો જયો મા જગદંબે... ૨

હરે મા ચોથે ચતુરા મહાલક્ષ્મી આઈ સચરાચર વ્યાપ્યાં મા (૨) ચાર ભુજા ચોદિશા મા (૨) પ્રગટ્યાં દક્ષિણ માં... જયો જયો મા જગદંબે... ૩

હરે મા પંચમે પંચ ઋષિ પંચમે ગુણ પદ્મા મા (૨) પંચવદન ત્યાં સોહિયે મા (૨) છે તારા તનમાં...જયો જયો મા જગદંબે... ૪

હરે મા છઠ્ઠે સૌ નારાયણી નરકાસુર માર્યો મા મહિષાસુર માર્યો (૨) નરનારીને રૂપે મા, નરનારીને વેષે મા વ્યાપ્યાં સઘળે મા...જયો જયો મા જગદંબે... ૫

હરે મા સપ્તમે સપ્ત ઋષિ સાવિત્રી સંધ્યા મા (૨) ગૌ ગંગા ગાયત્રી મા (૨) ગવરી ગિરજા મા... જયો જયો મા જગદંબે... ૬

હરે મા અષ્ટમે અષ્ટભુજા આઈ આનંદના મા (૨) સુરિવર મુનિવર જનમ્યા (૨) દેવ દક્ષિણ મા... જયો જયો મા જગદંબે... ૭

હરે મા નવમે નવકુળ નાગસેવે નવદુર્ગા મા (૨) નવરાત્રીનાં પૂજન મહારાત્રીનાં અર્ચન કીધાં છે બ્રહ્મા... જયો જયો મા જગદંબે... ૮

હરે મા દશમે દશ અવતાર જય વિજયા દશમી મા (૨) રામે રાવણ માર્યો મા (૨) રાવણ રોળ્યો મા... જયો જયો મા જગદંબે... ૯

હરે મા એકાદશી અગિયારસ કાત્યાયની કામા (૨) કામાક્ષી કાળીકા મા શ્યામા ને રામા મા... જયો જયો મા જગદંબે... ૧૦

હરે મા બારસે બાળા રૂપ બહુચરી અંબા મા (૨) બટુક ભૈરવ સોહીએ મા (૨) છે તારા તનમાં... જયો જયો મા જગદંબે... ૧૧

હરે મા તેરસે તુળજા રૂપ તમ તારુણી માતા મા (૨) ભાવ ભક્તિ ઘણી આપો, ચતુરાઈ ઘણી આપો ગજવાહિની માતા... જયો જયો મા જગદંબે... ૧૨

હરે મા ચૌદસે ચૌદા રૂપ ચંડી ચામુંડા મા (૨) માર્કંડદેવે વખાણ્યા વશિષ્ટ દેવે વખાણ્યા મા ગાઈ શુભ લલિતા મા... જયો જયો મા જગદંબે... ૧૩

હરે મા પૂનમે કુંભ ભર્યો સાંભળજો કરુણા મા (૨) ત્રંબાવટી મા નગરી રૂપાવટી મા નગરી મૈષાવટી નગરી... જયો જયો મા જગદંબે... ૧૪

હરે મા સંવત સોળસે સત્તાવન માંહે મા (૨) સંવત સોળમાં પ્રગટ્યા મા (૨) રેવાને તીરે... જયો જયો મા જગદંબે... ૧૫

હરે મા શિવ-શક્તિની આરતી જે કોઈ ગાશે મા જે ભાવે ગાશે ભણે શિવાનંદ સ્વામી મા (૨) સુખ સંપત થાશે... જયો જયો મા જગદંબે... ૧૬

એ બે એક સ્વરૂપ અંતર નવ ધરશો મા (૨) શિવશક્તિને ભજતાં (૨) ભવસાગર તરશો... જયો જયો મા જગદંબે... ૧૭



Scanned by CamScanner

# રુકમામ્બાની આરતી

જય રુક્મા મૈયા ! મા જય રુક્મા મૈયા ! રંગ તમે દીધા જે, તારે ભવનૈયા ૐ જય રુક્મા

પુણ્યભૂમિ મહારાષ્ટ્રે, પ્રગટ થયાં અંબા ! (૨) વિચર્યા ગુર્જર દેશે, જય જય જગદંબા ! ૐ જય ૧

જન્મોજન્મ સુધી તેં કેવાં તપ કરીયાં ! (૨) ફળ રૂપે પ્રભુ તારી કુખે અવતરીયા. ૐ જય ૨

પોતે સ્વધર્મ પાલન પ્રેમ થકી કીધું (૨) નારી જગતની સામે ઉદાહરણ દીધું. ૐ જય ૩

નારાયણ નિમિત્તે નારેશ્વર વસીયાં (૨) અમર સ્મૃતિ કરી રંગે માતૃશૈલ રચીયાં. ૐ જય ૪

ત્યાગ-તિતિક્ષા ને વળી ધૈર્ય સહનશીલતા (૨) દિવ્ય ગુણો તવ સ્મરતાં થાયે શીતળતા. ૐ જય ૫

કીધા મહાઉપકાર, ભક્તો પર માડી ! (૨) ભાર કૈંકના લીધા પોતે ઉપાડી ! ૐ જય ૬

ભાવ થકી જે ગાશે, આરતી રુક્માની (૨) ટળશે તેની ચિંતા ભવજલ તરવાની. ૐ જય ૭

વિઠ્ઠલભાઈ જ. પાઠક

| શ્રી ગુરુલીલામૃત - રંગ અવધૂત | અધ્યાય / દોહરો |
|---|---|
| વંદુ વિઠ્ઠલ તાતને, સદ્દગુણની જે ખાણ; માતા રખુમાબાઈને કરું કોટિ પ્રણામ | ૧/૮૩ |
| જેની શુભ આશિષથી તર્યો રંગ આ દીન; માતપિતાચરણે થજો, ચિત્ત સદાય વિલીન | ૧/૮૪ |
| મહામાયા તું ચિત્કલા, કાત્યાયની તુજ નામ; શોભે જગદંબે ભલું, કરે પૂર્ણ સહુ કામ | ૬/૧૨૨ |
| લઈ અંક પર બાળને, પાતાં દૂધ કુમાર; મારે લાતો તોય ના મારે મા નિર્ધાર ! | ૫૨/૧૨ |
| જેમ ઇંદિરાને હરિ તેવાં માને બાપ માની, અહર્નિશ તેમને ભજે એહ નિસ્તાપ ! | ૧૪૦/૬૦ |
| માત પિતાની જે કરે નિંદા પાપી એમ, જન્મોજન્મે નરકમાં પડે દુષ્ટ એ તેમ. | ૧૪૦/૬૭ |



Scanned by CamScanner

શ્રી રુ ક મા મ્બા સ સ્ર શ તી

# દેવ્ય પરાધક્ષમાપન સ્તોત્રમ

ન મંત્રં નો યંત્રં તદપિ ચ ન જાને સ્તુતિમહો, ન ચાહ્વાનં ધ્યાનં તદપિ ચ ન જાને સ્તુતિકથા ।
ન જાને મુદ્રાસ્તે તદપિ ચ ન જાને વિલપનં, પર જાને માતસ્ત્વદનુશરણં કલેશહરણમ્ ॥ ૧ ॥
વિધેરજ્ઞાનેન દ્રવિણવિરહેણાલસતયા, વિધેયાશક્યત્વાત્તવ ચરણયોર્યાચ્યુતિરભૂત ।
તદેતત્ ક્ષંતવ્યં જનનિ સકલોદ્ધારિણિ શિવે, કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥ ૨ ॥
પૃથિવ્યાં પુત્રાસ્તે જનનિ બહવઃ સન્તિ સરલાઃ, પરં તેષાં મધ્યે વિરલતરલોડહં તવ સુતઃ ।
મદીયોડયં ત્યાગઃ સમુચિતમિદં નો તવ શિવે, કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥ ૩ ॥
જગન્માતર્માતસ્તવ ચરણસેવા ન રચિતા, ન વા દત્તં દેવિ દ્રવિણમપિ ભૂયસ્તવ મયા ।
તથાપિ ત્વં સ્નેહં મયિ નિરુપમં યત્પ્રકુરુષે, કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥ ૪ ॥
પરિત્યકતા દેવા વિવિધવિધસેવા કુલતયા, મયા પંચાશીતે રધિકમપનીતે તુ વયસિ ।
ઈદાનીં ચેન્માતસ્તવ યદિ કૃપા નાપિ ભવિતા, નિરાલંબો લંબોદરજનનિ કં યામિ શરણમ્ ॥ ૫ ॥
શ્વપાકો જલ્પાકો ભવતિ મધુપાકોપમગિરા, નિરાતંકોરંકો વિહરતિ ચિરં કોટિકનકૈઃ ।
તવાપર્ણે કર્ણે વિશતિ મનુવર્ણે ફલમિદં, જનઃ કો જાનીતે જનનિ જપનીયં જપવિધૌ ॥ ૬ ॥
ચિતાભસ્માલેપો ગરલમશનં દિક્પટધરો, જટાધારી કંઠે ભુજગપતિહારી પશુપતિઃ ।
કપાલી ભૂતેશો ભજતિ જગદીશૈક પદવીં, ભવાનિ ત્વત્પાણિ-ગ્રહણપરિપાટી ફલમિદમ્ ॥ ૭ ॥
ન મોક્ષસ્યાકાંક્ષા ભવવિભવવાંછાપિ ચ ન મે, ન વિજ્ઞાનાપેક્ષા શશિમુખિ સુખેચ્છાપિ ન પુનઃ ।
અતસ્ત્વાં સંયાચે જનનિ જનનં યાતુ મમ વૈ, મૃડાની રુદ્રાણી શિવ શિવ ભવાનીતિ જપતઃ ॥ ૮ ॥
નારાધિતાસિ વિધિના વિવિધોપચારૈઃ, કિં રુક્ષચિંતનપરૈર્ન કૃતં વચોભિઃ ।
શ્યામે ત્વમેવ યદિ કિંચન ભટ્યાનાથે, ધત્સે કૃપામુચિતમમ્બ પરં તવૈવ ॥ ૯ ॥
આપત્સુ મગ્નઃ સ્મરણં ત્વદીયં, કરોમિ દુર્ગે કરુણાર્ણવિશિ ।
નૈતચ્છઠત્વં મમ ભાવયેથાઃ, ક્ષુધા તૃષાર્તા જનની સ્મરન્તિ ॥ ૧૦ ॥
જગદંબ વિચિત્રમત્ર કિં, પરિપૂર્ણા કરુણાસ્તિ ચેન્મયિ ।
અપરાધ પરંપરા વૃતં ન હિ માતા સમુપેક્ષતે સુતમ્ ॥ ૧૧ ॥
મત્સમઃ પાતકી નાસ્તિ પાપઘ્ની ત્વત્સમા નહિ,
એવ જ્ઞાત્વા મહાદેવિ યથાયોગ્યં તથા કુરુ ॥ ૧૨ ॥

આદ્ય શ્રી શંકરાચાર્ય ચરણઃ

Scanned by CamScanner

શ્રી રુ ક મા મ્બા સ પ્ત શ તી

## આવકાર

**તૃતિય આવૃત્તિ**

શ્રી રુકમામ્બા સપ્તશતીની ત્રીજી આવૃત્તિ પ્રગટ થાય છે એનો આનંદ છે.

એ  એની લોકપ્રિયતાનો પુરાવો છે. મા રુકમામ્બાને સાષ્ટાંગ નમસ્કાર.

એ માનવમૂર્તિ ન હતાં, સાક્ષાત્ દેવમૂર્તિ હતાં.

એમણે ભગવત્સ્વરૂપ શ્રી રંગ અવધૂતજીને જન્મ આપી જગત્કલ્યાણ કર્યું છે.


એમણે અનેકનાં કષ્ટો નિવાર્યાં છે અને નિવારશે.

એમણે અનેકને સહાય કરી દેવત્ત્વ પ્રગટ કર્યું છે. એમનાં શૌચ અને સહિષ્ણુતા અજોડ હતાં. એમણે માતૃત્વ ને શોભાવ્યું છે. એમને કોટિ નમન. એમની અમીદ્રષ્ટિ સર્વપર  રહો.

તા. ૨૮-૧૦-૨૦૦૪, ગુરુવાર; વડોદરા.

જયંતિલાલ  શંકરલાલ  આચાર્ય.

શ્રીરંગચરણરજ ગોવિંદોપાધ્યાય (બાળક)રચિત



# ॥ ઈતિ શ્રી રુકમામ્બા સપ્તશતી સમાપ્તા ॥

ભગવતી જગદમ્બા રુકમામ્બા માત કી જય

Scanned by CamScanner

## ૐ પ્રકાશકનાં મંતવ્ય ૐ

સદ્‌ગુરુજીનાં માતુશ્રીનું ચરિત્ર આલેખન કરનારનું ચારિત્ર્ય શુદ્ધ-સાત્વિક હોય તોજ આ ભગીરથ કાર્ય સફળ બની શકે છે. **પૂજ્ય શ્રી રંગ અવધૂત બાપજીનાં પરમ કૃપાપાત્ર ''બાળક'' સ્વ. શ્રી. ગોવિંદભાઇ ચુનીલાલ ઊપાધ્યાય** પોર-૩૯૧૨૪૩ (જિ. વડોદરા) નાં વતની હતાં. શિક્ષણ ક્ષેત્રે નિવૃત્ત થઇ ઘણી ધાર્મિક કથાઓ કરી હતી. એક શુભ પળે અમને વિચાર આવ્યો કે આપણાં પૂજ્ય રુકમામ્બા માજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર પદ્યરૂપે લખાય તો આબાલવૃદ્ધ દરેક ભક્તો ને અનુષ્ઠાન નો લાભ મળે. સ્વ. શ્રી. ગોવિંદભાઇએ પણ એ ધન્ય પળ વધાવી લીધી અને ગણીત્રીનાં દિવસોમાંજ અમારો વિચાર સાકાર થયો. વર્ષો પહેલાં પૂ. શ્રી. રંગઅવધૂત બાપજીએ ''બાળક'' શ્રી ગોવિંદભાઇને પાટીમાં પેનથી કક્કો ઘુંટાવ્યો હતો, અર્થાત્ તેજ સમયે ખરેખરો શક્તિપાત કરી આપ્યો. જેની કૃપાફળ રૂપે આપણી સમક્ષ પૂ. રુકમામ્બામાંજીનું સંક્ષિપ્ત ચરિત્ર **''શ્રીરુકમામ્બા સપ્તશતી''** ઉપલબ્ધ છે. અમને શ્રદ્ધા છે કે સમસ્ત અવધૂત પરિવાર ને એનાં પરિશીલન અને ગાન થી અપાર આનંદ અને લાભ થશે. **''શ્રીરુકમામ્બા સપ્તશતી''** અવધૂત પરિવાર અને ભાવિ પેઢી માટે સ્વ. શ્રી. ગોવિંદભાઇની અમુલ્ય ભેટ છે. એ માટે સમસ્ત અવધૂત પરિવાર સદાય એમનો ઋણી રહેશે. અવધૂત પરિવાર ને આજે પણ પૂ. માજીનાં અનેક અનુભવો છે કે તેઓ ભક્તની શ્રદ્ધા અનુસાર દર્શન અને માર્ગદર્શન આપે છે. **ભગવતી જગદમ્બા રુકમામ્બા માતા કી જય.**

**''શ્રી રુકમામ્બા સપ્તશતી'' પ્રથમાવૃત્તિ ૧૦૦૦ પ્રત સોમવારે ૨-૧૦-૯૫, આનંદ મુદ્રણાલય માં છપાવી ન્યોછાવર રૂા. ૧૮/- શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ (નારેશ્વર) ને સમર્પણ કરેલ હતી.**

**દ્વિતીયાવૃત્તિ ૧૦૦૦ પ્રત તા. ૨૮-૭-૯૯ ન્યોચ્છાવર : રૂા. ૧૮/- સ્વ. ગોવિંદભાઇ ઊપાધ્યાયનાં પરિવાર ને સમર્પણ કરેલ હતી.**

**તૃતિયાવૃત્તિ ૧૦૦૦ પ્રત તા. ૧૧-૧૧-૦૪ ન્યોચ્છાવર : રૂા. ૧૫/- સ્વ. ગોવિંદભાઇ ઊપાધ્યાયનાં પરિવાર ને સમર્પણ કરેલ છે.**

★ પ્રકાશક : **શ્રી નિખિલ કૃષ્ણકાંત પોરેચા; શ્રી વિણાબેન રમણલાલ દેસાઇ; શ્રી દક્ષાબેન રમણલાલ દેસાઈ.**
૨૧-માધવ ભૂવન; ૬૧ ખાડીલકર માર્ગ; ગીરગામ પોસ્ટ; મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિ.# ૨૩૮૪ ૧૯૭૬

★ મુદ્રક : આનંદ મુદ્રણાલય : શ્રી. વિલાસ ગજાનન પરાડકર,
૬ - તાત્યા ઘારપુરે પથ, ક્રોસ ખાડીલકર માર્ગ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટેલિ. # ૨૩૮૮ ૨૦૧૪/૨૩૮૮ ૯૪૩૧

Scanned by CamScanner



પૂ. માજીના દેહને અગ્નિસંસ્કાર કર્યા હતા તે જગ્યાએ સ્થપાયેલ માતૃસ્મૃતિ શૈલ. (નારેશ્વર)


---

''રુકમામ્બા સપ્તશતી'' તૃતિય આવૃત્તિ ૧૦૦૦ પ્રત
તા. ૧૧-૧૧-૨૦૦૪ ન્યોછાવર : રૂા. ૧૫/- સ્વ. શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય નાં પરિવાર ને સમર્પણ

Scanned by CamScanner



Scanned by CamScanner



Scanned by CamScanner